સેનેટ (વાર્ષિક સભા)
તા.૨૮/૨૯–૩–૨૦૦૬

# વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત

## –: કાર્યવાહી :–

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સેનેટની વાર્ષિક સભા યુનિવર્સિટીના સેનેટ હોલમાં મંગળવાર, તા. ૨૮–૩–૨૦૦૬ના રોજ અને બુધવાર, તા. ૨૯–૩–૨૦૦૬ના રોજ બે દિવસોએ બપોરે ૧૨.૩૦ વાગ્યે મળી હતી. સભાનું અધ્યક્ષસ્થાન કુલપતિશ્રી ડૉ. રમેશચંદ્ર જી. કોઠારીએ સંભાળ્યું હતું.

**સભામાં હાજરી નીચે પ્રમાણે હતી:**

| ક્રમાંક | સભ્યશ્રીઓનું નામ | તા.૨૮–૩–૦૬ | તા.૨૯–૩–૦૬ |
|---|---|---|---|
| (૧) | શ્રી પંડિત નવલકિશોર શર્મા (કુલાધિપતિશ્રી) | ગેરહાજર | ગેરહાજર |
| (૨) | ડૉ. રમેશચંદ્ર જી કોઠારી (કુલપતિશ્રી) | હાજર | હાજર |
| (૩) | શ્રી પ્રેમકુમાર શારદા (ભૂતપૂર્વ કુલપતિશ્રી) | ગેરહાજર | ગેરહાજર |
| (૪) | શ્રી જયેશભાઈ દેશકર (ઉપકુલપતિશ્રી) | હાજર | ગેરહાજર |
| (૫) | – ખાલી – (કુલસચિવ) | – | – |
| (૬) | સચિવશ્રી, શિક્ષણ વિભાગ, ગુજરાત સરકાર, ગાંધીનગર, અથવા તેમના પ્રતિનિધિ | ગેરહાજર | ગેરહાજર |
| (૭) | ઉચ્ચ શિક્ષણ નિયામકશ્રી, ગાંધીનગર, અથવા તેમના પ્રતિનિધિ. | ગેરહાજર | ગેરહાજર |
| (૮) | ડાયરેકટર ઓફ ટેકનીકલ એજયુકેશન, ગાંધીનગર અથવા તેમના પ્રતિનિધિ | ગેરહાજર | ગેરહાજર |
| (૯) | ડાયરેકટર ઓફ હેલ્થ એન્ડ મેડિકલ સર્વિસીસ, ગાંધીનગર, અથવા તેમના પ્રતિનિધિ | ગેરહાજર | ગેરહાજર |
| (૧૦) | ડાયરેકટર ઓફ એગ્રીકલ્ચર, ગાંધીનગર અથવા તેમના પ્રતિનિધિ | ગેરહાજર | ગેરહાજર |
| (૧૧) | ચેરમેન, ગુજરાત સેકન્ડરી એજયુકેશન બોર્ડ, ગાંધીનગર અથવા તેમના (પ્રતિનિધિ) | ગેરહાજર | ગેરહાજર |
| (૧૨) | ડૉ. રામકૃષ્ણન ઈ. વી. | હાજર | ગેરહાજર |
| (૧૩) | ડૉ. ભુપેન્દ્ર વસંતલાલ આચાર્ય | હાજર | ગેરહાજર |
| (૧૪) | ડૉ. મીનુ એચ. પરબીયા | ગેરહાજર | ગેરહાજર |
| (૧૫) | ડૉ. કે.સી. પોરીયા | હાજર | ગેરહાજર |
| (૧૬) | ડૉ. શશિકાન્ત જી.શાહ | હાજર | ગેરહાજર |
| (૧૭) | ડૉ. (શ્રીમતી) સગુણાબેન જગન્નાથ પાથી | હાજર | ગેરહાજર |
| (૧૮) | ડૉ. કિશોર રતિલાલ દેસાઈ | હાજર | ગેરહાજર |

| ક્રમાંક | સભ્યશ્રીઓનું નામ | તા.૨૮–૩–૦૬ | તા.૨૯–૩–૦૬ |
|---|---|---|---|
| (૧૯) | ડૉ. એ. વેંકટરામન | ગેરહાજર | ગેરહાજર |
| (૨૦) | ડૉ. સતેન્દ્ર કુમાર | હાજર | ગેરહાજર |
| (૨૧) | – ખાલી – | – | – |
| (૨૨) | ડૉ. પ્રવીણચંદ્ર હિમ્મતલાલ ભાઠાવાલા | હાજર | ગેરહાજર |
| (૨૩) | ડૉ. દિલીપ રમણલાલ શાહ | હાજર | ગેરહાજર |
| (૨૪) | ડૉ. દિગવિજયસિંહ ગજેન્દ્રસિંહ ઠાકોર | હાજર | ગેરહાજર |
| (૨૫) | ડૉ. (શ્રીમતી) સવિતા હરીક્રિષ્ણ ગૌર | હાજર | ગેરહાજર |
| (૨૬) | ડૉ. (શ્રીમતી) મોહીનીબેન ગઢીયા | હાજર | ગેરહાજર |
| (૨૭) | ડૉ. અપૂર્વ અરૂણકુમાર દેસાઈ | હાજર | ગેરહાજર |
| (૨૮) | આ. શ્રી ઘનશ્યામપ્રસાદ છોટુલાલ સનાઢ્ય | હાજર | ગેરહાજર |
| (૨૯) | આ. ડૉ. અરવિંદકુમાર ગોવિંદજી મહેતા | હાજર | ગેરહાજર |
| (૩૦) | – ખાલી – | — | — |
| (૩૧) | – ખાલી – | — | — |
| (૩૨) | – ખાલી – | — | — |
| (૩૩) | આ. ડૉ. ઉપેન્દ્રભાઈ ઠાકોરભાઈ દેસાઈ | હાજર | ગેરહાજર |
| (૩૪) | – ખાલી – | — | — |
| (૩૫) | આ. ડૉ. પ્રદીપ ગુલાબભાઈ દેસાઈ | હાજર | ગેરહાજર |
| (૩૬) | આ. ડૉ. હર્ષદકુમાર કાલીદાસ નાયક | ગેરહાજર | ગેરહાજર |
| (૩૭) | આ. ડૉ. વિનોદભાઈ ગુમાનભાઈ પટેલ | હાજર | હાજર |
| (૩૮) | આ. ડૉ. પંકજ સુબોધચંદ્ર દેસાઈ | હાજર | ગેરહાજર |
| (૩૯) | આ. શ્રી નટવરસિંહ બળવંતસિંહ મહીડા | હાજર | ગેરહાજર |
| (૪૦) | – ખાલી – | — | — |
| (૪૧) | ડૉ. શૈલેન્દ્ર ક્ષમાધર વાજપાઈ | ગેરહાજર | ગેરહાજર |
| (૪૨) ** | આ. શ્રી કાન્તીલાલ રમણલાલ કાપડિયા | ગેરહાજર | ગેરહાજર |
| (૪૩) | આ. શ્રી જયંતીલાલ મગનલાલ નાયક | હાજર | ગેરહાજર |
| (૪૪) | આ. ડૉ. અશ્વીન શંકરભાઈ પટેલ | હાજર | ગેરહાજર |
| (૪૫) | – ખાલી – | — | — |
| (૪૬) | – ખાલી – | — | — |
| (૪૭) | આ. ડૉ. દિનેશભાઈ અંબુભાઈ પટેલ | હાજર | ગેરહાજર |
| (૪૮) | – ખાલી – | — | — |
| (૪૯) | આ. ડૉ. નાનુભાઈ ઢેડકાભાઈ પટેલ | હાજર | ગેરહાજર |
| (૫૦) | – ખાલી – | — | — |

| ક્રમાંક | સભ્યશ્રીઓનું નામ | તા.૨૮—૩—૦૬ | તા.૨૯—૩—૦૬ |
|---|---|---|---|
| (૫૧) | આ. શ્રી ભગતસિંહ દોલતસિંહ દોડિયા | ગેરહાજર | ગેરહાજર |
| (૫૨) | આ. ડૉ. ભરત ધીરૂભાઈ નાયક | હાજર | ગેરહાજર |
| (૫૩) | આ. શ્રી વસરામભાઈ કાલુભાઈ સંઘાણી | હાજર | ગેરહાજર |
| (૫૪) | આ. શ્રી બબાભાઈ મોહનદાસ પટેલ | હાજર | ગેરહાજર |
| (૫૫) | આ. ડૉ. જયોતિબેન મગનલાલ નાયક | હાજર | ગેરહાજર |
| (૫૬) | — ખાલી — | — | — |
| (૫૭) | આ. ડૉ. જયંતિકુમાર મોરારજી નાયક | હાજર | ગેરહાજર |
| (૫૮) | — ખાલી — | — | — |
| (૫૯) | આ. ડો. અશોક મોઘાભાઈ દેસાઈ | હાજર | ગેરહાજર |
| (૬૦) | — ખાલી — | — | — |
| (૬૧) | — ખાલી — | — | — |
| (૬૨) | — ખાલી — | — | — |
| (૬૩) | — ખાલી — | — | — |
| (૬૪) | — ખાલી — | — | — |
| (૬૫) | આ. ડૉ. અશ્વિનકુમાર ધીરજલાલ પંડયા | હાજર | ગેરહાજર |
| (૬૬) | આ. શ્રી યોગેશકુમાર લક્ષ્મીશંકર ભટ્ટ | હાજર | ગેરહાજર |
| (૬૭) | — ખાલી — | — | — |
| (૬૮) | — ખાલી — | — | — |
| (૬૯) | આ. ડૉ. ભાસ્કર મહેન્દ્ર રાવલ | ગેરહાજર | ગેરહાજર |
| (૭૦) | આ. ડૉ. વિક્રમ બળવંતરાય દેસાઈ | હાજર | ગેરહાજર |
| (૭૧) * | આ. ડૉ. પ્રફુલસિંહ જશવંતસિંહ રાજ | હાજર | હાજર |
| (૭૨) | આ. શ્રી ઈશ્વરભાઈ મંછાભાઈ પટેલ | હાજર | ગેરહાજર |
| (૭૩) | આ. ડૉ. જગદીશચંદ્ર મૂળજીભાઈ ગુર્જર | હાજર | ગેરહાજર |
| (૭૪) | આ. ડૉ. જયેન્દ્રસિંહ પહાડસિંહ ગોહિલ | હાજર | ગેરહાજર |
| (૭૫) | આ. ડૉ. વિપિનકુમાર દયાળજી નાયક | હાજર | હાજર |
| (૭૬) | આ. ડૉ. કિશોરસિંહ નટવરસિંહ ચાવડા | હાજર | ગેરહાજર |
| (૭૭) | — ખાલી — | — | — |
| (૭૮) | આ. ડૉ. વિજયકુમાર અનંતરાય જોશી | હાજર | ગેરહાજર |
| (૭૯) | — ખાલી — | — | — |
| (૮૦) | આ. ડૉ. જયંતિભાઈ સુરેશભાઈ ચૌધરી | ગેરહાજર | ગેરહાજર |
| (૮૧) | — ખાલી — | — | — |
| (૮૨) | આ. શ્રી ભાનુશંકર નરસિંહભાઈ જોષી | હાજર | ગેરહાજર |

| ક્રમાંક | સભ્યશ્રીઓનું નામ | તા.૨૮–૩–૦૬ | તા.૨૯–૩–૦૬ |
|---|---|---|---|
| (૮૩) | શ્રી લક્ષ્મણભાઈ બાલુભાઈ પટેલ | હાજર | ગેરહાજર |
| (૮૪) | શ્રી પ્રફુલચંદ્ર પરભુભાઈ પટેલ | હાજર | ગેરહાજર |
| (૮૫) | શ્રી હસમુખલાલ ચીમનલાલ પટેલ | ગેરહાજર | ગેરહાજર |
| (૮૬) | – ખાલી – | — | — |
| (૮૭) | ડૉ. વસંતરાવ દારકુજીરાવ જાદવ | હાજર | ગેરહાજર |
| (૮૮) | ડૉ. ભરતભૂષણ સોમાલાલ પરીખ | ગેરહાજર | ગેરહાજર |
| (૮૯) | ડૉ. કેશવભાઈ છીબુભાઈ પટેલ | ગેરહાજર | ગેરહાજર |
| (૯૦) | શ્રી અનિલકુમાર જગદીશચંદ્ર ગોયલ | હાજર | ગેરહાજર |
| (૯૧) | – ખાલી – | — | — |
| (૯૨) | – ખાલી – | — | — |
| (૯૩) | શ્રીમતી જાગૃતિ કમલેશ પટેલ | હાજર | ગેરહાજર |
| (૯૪) | ડૉ. રજનીકાંત ડાહયાલાલ પટેલ | હાજર | ગેરહાજર |
| (૯૫) | ડૉ. વિનેશ બાબુલાલ શાહ | હાજર | ગેરહાજર |
| (૯૬) | શ્રી દુષ્યન્તકુમાર જનકરાય વસાવડા | હાજર | ગેરહાજર |
| (૯૭) | ડૉ. કિશોરસિંહ વિજયસિંહ દેસાઈ | હાજર | ગેરહાજર |
| (૯૮) | ડૉ. વિપુલ જમનાદાસ સોમાણી | હાજર | હાજર |
| (૯૯) | – ખાલી – | — | — |
| (૧૦૦) | – ખાલી – | — | — |
| (૧૦૧) | – ખાલી – | — | — |
| (૧૦૨) | – ખાલી – | — | — |
| (૧૦૩) | શ્રીમતી ભાવનાબેન હેમંતભાઈ ચપટવાલા | ગેરહાજર | ગેરહાજર |
| (૧૦૪) | શ્રી ઈશ્વરસિંહ ઠાકોરભાઈ પટેલ | ગેરહાજર | ગેરહાજર |
| (૧૦૫) | શ્રી કિશોરભાઈ રામજીભાઈ વાઘેલા | હાજર | ગેરહાજર |
| (૧૦૬) | શ્રી હોશંગ જહાંગીરજી મીરઝા | હાજર | ગેરહાજર |
| (૧૦૭) | શ્રી સંજયકુમાર ઈશ્વરલાલ દેસાઈ | હાજર | ગેરહાજર |
| (૧૦૮) | શ્રી દર્શન રતીલાલ ભંડેરી | હાજર | ગેરહાજર |
| (૧૦૯) | શ્રી સમીર રામશંકર બાજપાઈ | ગેરહાજર | ગેરહાજર |
| (૧૧૦) | ડૉ. મહેન્દ્ર દોલતસિંહ ચૌહાણ | હાજર | ગેરહાજર |
| (૧૧૧) | શ્રી ધર્મેશ અંબાલાલ પટેલ | ગેરહાજર | ગેરહાજર |
| (૧૧૨) | શ્રી અરવિંદભાઈ ગાંડાભાઈ પટેલ | હાજર | ગેરહાજર |
| (૧૧૩) | શ્રી કૃષ્ણલાલ બાવજીભાઈ પટેલ | હાજર | હાજર |
| (૧૧૪) | શ્રી હેમંતકુમાર જેઠાલાલ ટોપીવાલા | હાજર | ગેરહાજર |

| ક્રમાંક | સભ્યશ્રીઓનું નામ | તા.૨૮–૩–૦૬ | તા.૨૯–૩–૦૬ |
|---|---|---|---|
| (૧૧૫) | શ્રી દીપક ઈશ્વરલાલ આફ્રીકાવાલા | હાજર | ગેરહાજર |
| (૧૧૬) | શ્રી ગૌરાંગ વિજયરાય વૈદ્ય | હાજર | હાજર |
| (૧૧૭) ** | શ્રીમતી સાધનાબેન અનિલકુમાર ભંડારી | ગેરહાજર | ગેરહાજર |
| (૧૧૮) | શ્રી ધર્મેશ કિશોરભાઈ મિસ્ત્રી | હાજર | ગેરહાજર |
| (૧૧૯) | ડો. ગીરીશભાઈ એચ. શાહ | હાજર | ગેરહાજર |
| (૧૨૦) | શ્રી વિનોદભાઈ એન. પટેલ | હાજર | ગેરહાજર |
| (૧૨૧) * | શ્રી વિજયભાઈ પટેલ | હાજર | ગેરહાજર |
| (૧૨૨) | શ્રીમતી અર્ચના બંકિમચંદ્ર દેસાઈ | ગેરહાજર | ગેરહાજર |
| (૧૨૩) | શ્રી નૈષધ ભૂપતભાઈ દેસાઈ | હાજર | હાજર |

* તેઓ જે કોલેજના સ્ટાફ પર છે, તે કોલેજના જોડાણનું જાહેરનામું સભાના દિવસ સુધીમાં પ્રસિધ્ધ થયું ન હોવાથી તેમને આમંત્રિત તરીકે સેનેટની સભામાં હાજરી આપવા વિનંતી કરવામાં આવી હતી.

** નિકટના સંબંધીનું અવસાન થવાને કારણે સભામાં હાજર રહી શકયા નથી.

તારીખઃ ૧ એપ્રિલ, ૨૦૦૫ થી ૨૭ માર્ચ, ૨૦૦૬ દરમ્યાન અવસાન પામેલા નિમ્નદર્શિત મહાનુભાવો અને બિનશૈક્ષણિક કર્મચારીઓના માનમાં સભા ગૃહે બે મિનિટ મૌન પાળ્યું હતુંઃ

| અ.નં. | નામ | હોદ્દો |
|---|---|---|
| ૧. | સ્વ. કે. આર. નારાયણ | ભારતના ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ. |
| ૨. | સ્વ. કે. ડી. બારોટ | જુ. કલાર્ક – ટાઈપીસ્ટ, વીર નર્મદ દ. ગુ. યુનિવર્સિટી, સુરત. |
| ૩. | સ્વ. નુરસિંહ વી. બારીયા | પ્લમ્બર, વીર નર્મદ દ. ગુ. યુનિવર્સિટી, સુરત. |
| ૪. | સ્વ. બહાદુરસિંહ પી. રાઠોડ | હેલ્પર, વીર નર્મદ દ. ગુ. યુનિવર્સિટી, સુરત. |
| ૫. | સ્વ. પી. જે. ગાંધી | સી. કલાર્ક – શ્રીમતી જે. પી. શ્રોફ આર્ટ્સ કોલેજ, વલસાડ. |

સભાનું કામકાજ શરૂ થતા પહેલાં કુલપતિશ્રીએ સેનેટની સભામાં નવા નિયુકત થયેલ નીચેના સેનેટ સભ્યશ્રીઓને આવકાર્યા હતા અને વ્યકિતગત પરિચય આપ્યો હતો. તેમજ પરસ્પર સહકારની ભાવનાથી કામ કરવાની યુનિવર્સિટીની પ્રણાલિકામાં તેઓનું યોગદાન રહેશે એવી આશા વ્યકત કરી હતી.

| | | |
|---|---|---|
| (૧) | ડૉ. ઈ.વી. રામકિષ્ણન | પ્રો. અને હેડ, અંગ્રેજી વિભાગ,<br>વીર નર્મદ દ. ગુ. યુનિવર્સિટી, સુરત. |
| (૨) | ડૉ. બી.વી. આચાર્ય | પ્રો. અને હેડ, અર્થશાસ્ત્ર વિભાગ,<br>વીર નર્મદ દ. ગુ. યુનિવર્સિટી, સુરત. |
| (૩) | ડૉ. સગુના પાથી | પ્રો. અને હેડ, સોશ્યોલોજી વિભાગ,<br>વીર નર્મદ દ. ગુ. યુનિવર્સિટી, સુરત. |

| | | |
|---|---|---|
| (૪) | ડૉ. સવિતાબેન ગૌર | પ્રો. અને હેડ, તુલનાત્મક સાહિત્ય વિભાગ, વીર નર્મદ દ. ગુ. યુનિવર્સિટી, સુરત. |
| (૫) | ડૉ. કે.સી. પોરીયા | પ્રો. અને હેડ, ભૌતિકશાસ્ત્ર વિભાગ, વીર નર્મદ દ. ગુ. યુનિવર્સિટી, સુરત. |
| (૬) | ડૉ. મોહિનીબેન ગઢિયા | પ્રો. અને હેડ, એકવેટીક બાયોલોજી વિભાગ, વીર નર્મદ દ. ગુ. યુનિવર્સિટી, સુરત. |
| (૭) | આ.ડૉ. જયંતિકુમાર એમ. નાયક | શાહ એન.એચ. કોમર્સ કોલેજ, વલસાડ. |
| (૮) | આ.ડૉ. કિશોરકુમાર એન. ચાવડા | જે.ઝેડ. શાહ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, અમરોલી. |
| (૯) | આ.ડૉ. પ્રફુલસિંહ જશવંતસિંહ રાજ | કોલેજ ઓફ એજયુકેશન ખરોડ, અંકલેશ્વર. |
| (૧૦) | આ.ડૉ. દિનેશભાઈ એ. પટેલ | સી.ડી. બરફીવાલા કોમર્સ કોલેજ, સુરત. |
| (૧૧) | આ. ડૉ.વિજયભાઈ એ. જોશી | અખંડ આનંદ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, સુરત. |
| (૧૨) | આ. ડૉ. વિપિનભાઈ ડી. નાયક | એસ.પી. બી. ઈંગ્લીશ મિડીયમ કોમર્સ કોલેજ, સુરત. |

**વય મર્યાદાને કારણે ફારેગ થતા વર્તમાન સેનેટ સભ્યોની યાદી નીચે પ્રમાણે છે.**

| | | |
|---|---|---|
| (૧) | ડૉ. એ.એસ.ચારણ | પ્રો. અને હેડ, અર્થશાસ્ત્ર વિભાગ, વીર નર્મદ દ. ગુ. યુનિવર્સિટી, સુરત. |
| (૨) | ડૉ. જગન્નાથ પાથી | પ્રો. અને હેડ, સોશ્યોલોજી વિભાગ, વીર નર્મદ દ. ગુ. યુનિવર્સિટી, સુરત. |
| (૩) | ડૉ. અશ્વિનભાઈ દેસાઈ | પ્રો. અને હેડ, તુલનાત્મક સાહિત્ય વિભાગ, વીર નર્મદ દ. ગુ. યુનિવર્સિટી, સુરત. |
| (૪) | ડૉ. વી.એ. મંગોલી | પ્રો. અને હેડ, ભૌતિકશાસ્ત્ર વિભાગ, વીર નર્મદ દ. ગુ. યુનિવર્સિટી, સુરત. |
| (૫) | ડૉ. પ્રતાપચંદ્ર આર. ગુપ્તા | પ્રો. અને હેડ, આંકડાશાસ્ત્ર વિભાગ, વીર નર્મદ દ. ગુ. યુનિવર્સિટી, સુરત. |
| (૬) | ડૉ. ગુરૂરાજારાવ રઘોથામન | પ્રો. અને હેડ, એકવેટીક બાયોલોજી વિભાગ, વીર નર્મદ દ. ગુ. યુનિવર્સિટી, સુરત. |
| (૭) | આ. ડૉ. પી.એલ. ફરસરામ | શ્રી જયેન્દ્રપુરી આર્ટ્સ એન્ડ સાયન્સ કોલેજ, ભરૂચ. |
| (૮) | આ. ડૉ. બોમી બરજોરજી કાવીના | એમ.કે. કોમર્સ કોલેજ, ભરૂચ. |
| (૯) | શ્રી મોહનભાઈ દલપતભાઈ પટેલ | તળાદ વિભાગ માધ્યમિક શાળા, તળાદ. |
| (૧૦)* | શ્રી ભીખાભાઈ રામજીભાઈ પટેલ | પબ્લીક એસોસિયેશન, સુરત મ્યુનિસિપલ કોર્પોરેશન. |

* સુરત મહાનગર પાલિકાની મૃદત પૂર્ણ થતાં મહાનગર પાલિકાના સભ્ય પદેથી છુટા થવાથી.

ઉપરોકત સભ્યશ્રીઓએ તેમના સભ્ય પદ દરમ્યાન યુનિવર્સિટીને આપેલ બહુમુલ્ય સેવાની કદર કરવામાં આવી હતી.

**(૧) સેનેટની તા. ૨૭/૨૮–૩–૨૦૦૪ના રોજ મળેલ વાર્ષિક સભાની કાર્યવાહીની નોંધને બહાલી આપવા બાબત.**

સેનેટની તા. ૨૭/૨૮–૩–૨૦૦૪ના રોજ મળેલ વાર્ષિક સભાની કાર્યવાહીની સભા સમક્ષ રજૂ કરતાં સર્વાનુમતે બહાલી આપવામાં હતી.

**(૨) સેનેટની તા. ૨૮/૨૯–૩–૨૦૦૫ના રોજ મળેલ વાર્ષિક સભાની કાર્યવાહીની નોંધને બહાલી આપવા બાબત.**

સેનેટની તા. ૨૮/૨૯–૩–૨૦૦૫ના રોજ મળેલ વાર્ષિક સભાની કાર્યવાહીની સભા સમક્ષ રજૂ કરતાં ઉત્તર ક્રમાંકઃ ૧૫ (ગ) ના વાંધા સહિત સર્વાનુમતે બહાલી આપવામાં હતી.

**(૩) સને ૨૦૦૬–૨૦૦૭ના નાણાંકીય વર્ષ માટે યુનિવર્સિટીના બોર્ડ ઓફ એકાઉન્ટસ પર પાંચ સભ્યોની ચૂંટણી કરવા બાબત.**

ઉપરોક્ત ચૂંટણી માટે ઉમેદવારીપત્રકો સ્વીકારવા માટેની નિયત તારીખ અને સમય સુધીમાં યુનિવર્સિટી કાર્યાલયને નીચેના ઉમેદવારો તરફથી ઉમેદવારી પત્રકો મળ્યા હતાંઃ

(૧) શ્રી કૃષ્ણાલાલ બાવજીભાઈ પટેલ
(૨) શ્રી ગૌરાંગ વી. વૈદ્ય
(૩) શ્રી દર્શન રતિલાલ ભંડેરી
(૪) ડો. રજનીકાંત ડાહ્યાભાઈ પટેલ
(૫) શ્રી લક્ષ્મણભાઈ બાલુભાઈ પટેલ
(૬) શ્રી વિનોદભાઈ એન. પટેલ
(૭) ડૉ. વિનેશ બાબુલાલ શાહ

ઉપરોક્ત સાત (૭) ઉમેદવારોના ઉમેદવારીપત્રકોની ચકાસણી બાદ તમામ માન્ય ઠર્યા હતા. ઉમેદવારી પત્રક પાછું ખેંચવાની નિયત તારીખ અને સમય સુધીમાં શ્રી ગૌરાંગ વી. વૈદ્ય અને ડૉ. રજનીકાંત ડાહ્યાભાઈ પટેલ દ્વારા ઉમેદવારી પત્રક પરત ખેચ્યાં હોવાથી નીચે જણાવેલ પાંચ (૫) ઉમેદવારોને બિનહરીફ ચૂંટાયેલા જાહેર કરવામાં આવ્યા હતા.

(૧) શ્રી કૃષ્ણાલાલ બાવજીભાઈ પટેલ
(૨) શ્રી દર્શન રતિલાલ ભંડેરી
(૩) શ્રી લક્ષ્મણભાઈ બાલુભાઈ પટેલ
(૪) શ્રી વિનોદભાઈ એન. પટેલ
(૫) ડૉ. વિનેશ બાબુલાલ શાહ

**(૩.અ) પ્રશ્નોત્તરીઃ**

પ્રશ્નોત્તરીનું સંચાલન અધ્યક્ષશ્રીની મંજૂરીથી ઉપકુલપતિશ્રી જયેશ વી. દેશકરે સંભાળ્યું હતું.

## : <u>પ્રશ્નોત્તરી</u> :

**ડૉ. વિપુલ જમનાદાસ સોમાણીએ નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતીઃ**

**પ્રશ્નઃ ૧** એલ.આઈ.સી.ના સભ્યો સમયસર રીપોર્ટ ન આપે તો તેની સામે શિક્ષાત્મક કાર્યવાહી થઈ શકે કે કેમ?

**ઉત્તરઃ ૧** હાલમાં એવી કોઈ જોગવાઈ નથી.

**શ્રી કિશોરભાઈ રામજીભાઈ વાઘેલાએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછયો હતો.**

**પ્રશ્નઃ** પોઈન્ટ ઓફ ઈન્ફોર્મેશનઃ મે મારો પ્રશ્ન યુનિવર્સિટીમાં કુલસચિવશ્રીને પહોંચાડયો હતો. અને તેની રસીદ તૈયાર ન હોવાથી બંને સવાલની ભેગી આપી હતી. આમ સૌથી પ્રથમ પ્રશ્ન મારો પ્રશ્નોત્તરીમાં હોવો જોઈએ. મને રરસીદ બીજે દિવસે સવારે ૧૧ઃ ૨૦ એ આપવામાં આવી હતી આમ મારો પ્રશ્ન સાતમો કેવી રીતે ગયો ? તેના બદલે સોમાણી સાહેબનો પ્રશ્ન કેવી રીતે પહેલો આવ્યો. તેની તપાસ થવી જરૂરી છે અને મને માહિતી આપો હું ખોટું બોલતો નથી.

**ઉત્તરઃ** યુનિવર્સિટીને પ્રશ્ન જેમ મળે છે તેમ તે ક્રમાનુસાર ગોઠવવામાં આવે છે અને તે પ્રમાણે તેના જવાબ આપવામાં આવે છે.

**ડૉ. વિપુલભાઈ જમનાદાસ સોમાણીએનીચેનો પૂરક પ્રશ્ન પૂછયો હતો.**

**પ્રશ્નઃ** જો એલ.આઈ.સી.નો રીપોર્ટ આવે અને એના કારણે વિદ્યાર્થીઓને પ્રવેશ અપાય જાય ત્યારે કોની જવાબદારી જઈ પડે ?

**ઉત્તરઃ** આમ તો યુનિવર્સિટીની કહેવાય, પરંતુ રીપોર્ટ સમયસર આવે તેની કાર્યવાહી ચાલે છે.

**આ. ડૉ. વિક્રમ બળવંતરાય દેસાઈએ નીચેના પૂરક પ્રશ્નો પૂછયા હતા.**

**પ્રશ્નઃ૧** આ રીપોર્ટ મોડો આવે છે તે માટે પનીશમેન્ટ થઈ શકે ?

**ઉત્તરઃ૧** નાજી,

**પ્રશ્નઃ૨** એલ.આઈ.સી.એ કમિટી સંસ્થામાં જઈ આવ્યા પછી કેટલા દિવસમાં તેનો રીપોર્ટ આપવો જોઈએ ?

**ઉત્તરઃ૨** એલ.આઈ.સી. નિમણૂકનાં પત્રમાં રીપોર્ટ આપવાની અંતિમ તારીખ દર્શાવેલ હોય છે.

**શ્રી ગૌરાંગ વિજયરાય વૈદ્યે નીચેનો પૂરક પ્રશ્ન પૂછયો હતો.**

**પ્રશ્નઃ** આ રીપોર્ટ આવ્યા પછી એકેડેમિક કાઉન્સિલ બોલાવવાનો સમયગાળો કેટલો રાખવામાં આવે છે ?

**ઉત્તરઃ** જેમ જેમ રીપોર્ટ આવતા જાય તેમ એકેડેમિક કાઉન્સિલની મીટીગ બોલાવાય છે.

**શ્રી કિશોરભાઈ રામજીભાઈ વાઘેલાએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછયો હતો.**

**પ્રશ્નઃ** એલ.આઈ.સી. કોલેજમાં ગયા પછી કેટલા દિવસે તેનો રીપોર્ટ આવે છે.

**ઉત્તરઃ** કોઈ નિયમ નથી. પરંતુ એકાદ મહિનામાં સામાન્ય રીતે આવી જાય છે.

**શ્રી કૃષ્ણલાલ બાવજીભાઈ પટેલે નીચેના પૂરક પ્રશ્નો પૂછયા હતા.**

**પ્રશ્નઃ૧** તા. ૨૮–૨–૨૦૦૬ના રીપોર્ટ આવી ગયા છે.

**ઉત્તરઃ૧** હાજી,

**પ્રશ્નઃ૨** કોલેજના જોડાણની અરજી સામાન્ય રીતે કયારે આવતી હોય છે ?

**ઉત્તરઃ૨** કોલેજો સામાન્ય રીતે ઓકટોબર/ નવેમ્બરમાં અરજી કરતી હોય છે જેથી એફિલિયેશનનાં પ્રશ્નો ઉભા ન થાય.

**ડૉ. વિપુલભાઈ જમનાદાસ સોમાણીએનીચેના પૂરક પ્રશ્નો પૂછયા હતા.**

**પ્રશ્નઃ૧** કોલેજમાં પ્રવેશની ક્ષમતા ન હોવાથી કારણે વધુ પ્રવેશ આપ્યા છે ? તેનું એનરોલમેન્ટ થયું છે. તેવી કોલેજોનું જોડાણ ચાલુ રાખ્યું છે ?

**ઉત્તરઃ૧** કેટલીક કોલેજોને નોટીસ આપી અને દંડ કરીને સિન્ડિકેટે જોડાણો મંજૂર કર્યા છે.

**પ્રશ્નઃ૨** આવા જોડાણોની મંજૂરી સાચેજ યુનિવર્સિટીએ આપી છે. અને તેનું કારણ શું છે ?

**ઉત્તરઃ૨** આપણે વિદ્યાર્થીઓના હિતને ધ્યાનમાં લઈને અને કોલેજોને દંડની શિક્ષા કરી છે.

**શ્રી ગૌરાંગ વિજયરાય વૈદ્યે નીચેનો પૂરક પ્રશ્ન પૂછયો હતો.**

**પ્રશ્નઃ** એક વર્ષનાં કોર્ષમાં એકેડેમિક વર્ષઃ ૨૦૦૫–૦૬ના વર્ષમાં એફીલીયેશન આપવા માટે અને પ્રોસીડીંગ ચાલુ હોય તો તેવી કોલેજોને એડમીશન બાબતે સૂચના આપી શકાય કે કેમ ?

**ઉત્તરઃ** વહીવટી પ્રક્રિયા પૂરી થયા પછી જ સુચના આપી શકાય એવી જોગવાઈ છે.

**ડૉ. શશિકાંતભાઈ જી શાહે નીચેના પૂરક પ્રશ્નો પૂછયા હતાં.**

**પ્રશ્નઃ૧** સમય મર્યાદામાં એલઆઈસી રીપોર્ટ સ્વનિર્ભર કોલેજ બાબતે પોઝીટીવ ન હોય ત્યારે ગયા વર્ષ વખત જેવી પરિસ્થિતી અટકાવી શકીશું ?

**ઉત્તરઃ૧** હાજી. ગયા વર્ષે પરિપત્ર થઈ ચૂકયો છે.

**પ્રશ્નઃ૨** એલ.આઈ.સી.રીપોર્ટ મુજબ ઈન્ફ્રાસ્ટ્રકચર ન હોય, સ્ટાફ ન હોય તેવી સ્થિતીમાં વિદ્યાર્થીની ફાળવણી કરવામાં આવી છે તેમાં આ વર્ષે કોઈ સુધારો થશે ?

**ઉત્તરઃ૨** સિન્ડિકેટ આ બાબતે નિર્ણય કરે છે.

**ડૉ. મહેન્દ્રભાઈ દોલતસિંહ ચૌહાણે નીચેનો પૂરક પ્રશ્ન પૂછયો હતો.**

**પ્રશ્નઃ** એલ.આઈ.સી.ના સભ્યો ઘણી વખત સમયસર રીપોર્ટ આપતા નથી. શું એ વાત સાચી છે ?

**ઉત્તરઃ** હાજી, તેઓને ફરી જાણ કરી રીપોર્ટ મંગાવવામાં આવે છે.

**શ્રી હેમંતકુમાર જેઠાલાલ ટોપીવાલાએ નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતીઃ**

**પ્રશ્નઃ ૨** યુનિવર્સિટી સંલગ્ન ગ્રાન્ટેડ કોલેજોમાં ડોનર સીટ હોઈ શકે કે કેમ ?

**ઉત્તરઃ ૨** ના જી,

**શ્રી હેમંતકુમાર જેઠાલાલ ટોપીવાલાએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછયો હતો.**

**પ્રશ્નઃ** હાલમાં આપની પાસે કોઈ વ્યવસ્થા છે ?

**ઉત્તરઃ** હાલમાં યુનિવર્સિટી પાસે ગ્રાન્ટેડ કોલેજમાં કોઈ ડોનર સીટ નથી.

**આચાર્યશ્રી યોગેશકુમાર લક્ષ્મીકાંત ભટ્ટે નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતીઃ**

**પ્રશ્નઃ ૩** યુનિવર્સિટીના મહેનતુ અને કામગરા વહીવટી કર્મચારીઓ માટે ઈન્ટર્નલ સીલેકશનની કોઈ જોગવાઈ છે કે કેમ?

**ઉત્તરઃ ૩** નાજી.

**શ્રી યોગેશકુમાર લક્ષ્મીકાંત ભટ્ટે નીચેના પૂરક પ્રશ્નો પૂછયા હતા.**

**પ્રશ્નઃ૧** નિષ્ઠાપૂર્વક કામ કરનારને ઈન્સેન્ટીવ માટે કોઈ વિચારણા કરી છે ?

**ઉત્તરઃ૧** નાજી.

**પ્રશ્નઃ૨** યુનિવર્સિટીમાં કર્મચારીની બઢતી માટે ઈન્ટર્નલ પ્રથા અમલમાં છે ?

**ઉત્તરઃ૨** હાજી, સિનીયોરીટી પ્રમાણે પ્રમોશન આપવામાં આવે છે.

**શ્રી કૃષ્ણલાલ બાવજીભાઈ પટેલે નીચેના પૂરક પ્રશ્નો પૂછયાં હતા.**

**પ્રશ્નઃ૧** જે કર્મચારી સિનીયોરીટીમાં પાછળ છે પરંતુ સક્ષમ છે તેને માટે યુનિવર્સિટીએ શું વિચાર્યું ?

**ઉત્તરઃ૧** સક્ષમ સત્તામંડળની બાબત વિચારણા હેઠળ છે જે સક્ષમ છે તેને કઈક ઈન્સેન્ટીવ મળે.

**પ્રશ્નઃ૨** સક્ષમ અધિકારમંડળ વિચારણા કરશે ?

**ઉત્તરઃ૨** હાજી.

**શ્રી ગૌરાંગ વિજયરાય વૈદ્યે નીચેનો પૂરક પ્રશ્ન પૂછયો હતો.**

**પ્રશ્નઃ** સ્ટાફ સ્ટેન્ડિંગ કમિટિમાં આ બાબત વિચારાઈ હતી કે ખરી ?

**ઉત્તરઃ** હાજી, બાબત વિચારાઈ છે અને તેના રીપોર્ટ ઈન્ટર્નલ પ્રમોશન ન આપતા જુનિયર કર્મચારીની પરીક્ષાં લઈને તેની બાબત સિન્ડિકેટમાં મુકીને ઘટેતી કાર્યવાહી કરવામાં આવશે. ટૂંકમાં જે કર્મચારી સિનીયોરીટીમાં પાછળ હોય પરંતુ પરીક્ષામાં બેશે તો આ લાભ મળી શકે.

**શ્રી કૃષ્ણલાલ બાવજીભાઈ પટેલે નીચેનો પૂરક પ્રશ્ન પૂછયો હતો.**

**પ્રશ્નઃ** કોઈ જુનિયર કર્મચારીને સિનિયર કર્મચારી કરતાં આગળ લાવ્યા છો આવા કોઈ દાખલા.

**ઉત્તરઃ** નાજી, નથી.

**ડૉ. વિપુલભાઈ જમનાદાસ સોમાણીએનીચેનો પૂરક પ્રશ્ન પૂછયો હતો.**

**પ્રશ્નઃ** રાજય સરકારમાં આવી કોઈ વ્યવસ્થા છે બીસીએસઆરમાં આવી કોઈ જોગવાઈ છે ?

**ઉત્તરઃ** નાજી.

**શ્રી વિનોદભાઈ એન. પટેલે નીચેનો પૂરક પ્રશ્ન પૂછયો હતો.**

**પ્રશ્નઃ** કર્મચારીનો જુસ્સો જાળવવા ઈન્ટર્નલ પ્રમોશન આપવા જોઈએ.

**ઉત્તરઃ** ઈન્ટર્નલ પ્રમોશન પ્રથા હાલમાં અમલમાં છે.

**શ્રી હોશંગ જહાંગીરજી મીરઝાએ નીચેના પૂરક પ્રશ્નો પૂછયા હતા.**

**પ્રશ્નઃ૧** હાલ કયાં હોદ્દા સુધી ઈન્ટર્નલ પ્રમોશન આપવામાં આવે છે ?

**ઉત્તરઃ૧** કાર્યાલય અધિક્ષક સુધી.

**પ્રશ્નઃ૨** આસીસ્ટન્ટ રજીસ્ટ્રાર માટે શું યોજના છે ?

**ઉત્તરઃ૨** રાજય સરકારે ઈન્ટર્નલ પ્રમોશન માટે આ હોદ્દાને આમેજ કર્યો નથી.

**ડૉ. મહેન્દ્રભાઈ દોલતસિંહ ચૌહાણે નીચેનો પૂરક પ્રશ્ન પૂછયો હતો.**

**પ્રશ્નઃ** યુનિવર્સિટીના નિષ્ઠાપૂર્વક કામ કરતા કર્મચારીઓને ભય ફરીયાદ યુનિવર્સિટીને મળી છે ?

**ઉત્તરઃ** નાજી.

**શ્રી કૃષ્ણલાલ બાવજીભાઈ પટેલે નીચેનો પૂરક પ્રશ્ન પૂછયો હતો.**

**પ્રશ્નઃ** હાલમાં કર્મચારી ભયના ઓથાર હેઠળ કામ કરી રહયા છે તે વાત સાચી ?

**ઉત્તરઃ** નાજી.

**આચાર્ય ડૉ. કિશોરસિંહ નટવરસિંહ ચાવડાએ નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતીઃ**

**પ્રશ્નઃ ૪** દક્ષિણ ગુજરાત વિસ્તાર બહાર શું આપણી યુનિ. કોઈ કોલેજને જોડાણ આપે છે?

**ઉત્તરઃ ૪** દક્ષિણ ગુજરાત વિસ્તાર બહાર આપણી યુનિવર્સિટી હાલમાં, સ્વનિર્ભર કોલેજોને જોડાણ આપતી નથી. તેમજ ગ્રાન્ટ–ઈન–એઈડ કોલેજોની જોડાણઅરજી આવે તો સિન્ડિકેટ સભાની વિચારણા હેઠળ મૂકવામાં આવે છે.

**આચાર્ય ડૉ. કિશોરસિંહ નટવરસિંહ ચાવડાએ નીચેના પૂરક પ્રશ્નો પૂછયા હતા.**

**પ્રશ્નઃ૧** જોડાણઅરજી ફી પરત કરવામાં આવે છે ?

**ઉત્તરઃ૧** જોડાણઅરજી અને તેની ફી પરત કરીએ છીએ.

**પ્રશ્નઃ૨** આખરી સત્તા કોની રહશે.

**ઉત્તરઃ૨** સિન્ડિકેટ.

**શ્રી હોશંગ જહાંગીરજી મીરઝાએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછયો હતો.**

**પ્રશ્નઃ** હાલમાં સેલ્ફ ફાયનાન્સ આપના વિસ્તાર બહારની કોલેજને એફીલીયેશન ન આપવાનો નિર્ણય લીધો છે ?

**ઉત્તરઃ** હાજી.

**શ્રી કૃષ્ણલાલ બાવજીભાઈ પટેલે નીચેનો પૂરક પ્રશ્ન પૂછયો હતો.**

**પ્રશ્નઃ** હાલમાં આપણી પાસે બહારની વિસ્તારની કેટલી કોલેજોની જોડાણઅરજી આવી છે ? અને હાલમાં કાર્યરત કેટલી કોલેજો છે ?

**ઉત્તરઃ** આ વખતે કોઈ અરજી આવી નથી. પરંતુ વડોદરાની સિગ્મા, હોમિયોપેથીક, મંગલભારતી વગેરે બહારના વિસ્તારની કોલેજો છે.

**ડૉ.પ્રવીણચંદ્ર હિમ્મતલાલ ભાઠાવાલાએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછયો હતો.**

**પ્રશ્નઃ** યુનિવર્સિટી વિસ્તાર બહારની તક્ષશીલા અને નાલંદા કોલેજના જોડાણ રીન્યું થયા છે ?

**ઉત્તરઃ** એકેડેમિક કાઉન્સિલમાં એલ.આઈ.સી.ના રીપોર્ટ મુકવામાં આવ્યાં છે.

**શ્રી ગૌરાંગ વિજયરાય વૈદ્યે નીચેના પૂરક પ્રશ્નો પૂછયા હતા.**

**પ્રશ્નઃ૧** બહારના વિસ્તારની કોલેજો આપણે ત્યાં આવવાનું કારણ શું ?

**ઉત્તરઃ૧** આ વિદ્યાશાખા ત્યાં નથી તેથી આપણે ત્યાં આવ્યા.

**પ્રશ્નઃ૨** આવા ટ્રસ્ટના નામ આપશો ?

**ઉત્તરઃ૨** નોટીસની જરૂર છે.

**પ્રશ્નઃ૩** આવા મુખ્ય ટ્રસ્ટીઓના નામ આપશો ?

**ઉત્તરઃ૩** નોટીસની જરૂર છે.

**આ. ડૉ.ઉપેન્દ્રભાઈ ઠાકોરભાઈ દેસાઈએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછયો હતો.**

**પ્રશ્નઃ** ગ્રાન્ટ–ઈન– એઈડની કોઈ કોલેજે જોડાણ માગ્યું છે ?

**ઉત્તરઃ** નાજી.

**શ્રી વિનોદભાઈ એન. પટેલે નીચેનો પૂરક પ્રશ્ન પૂછયો હતો.**

**પ્રશ્નઃ** એલ.આઈ.સી. ઉપરાંત નિયંત્રણ કરવા કોઈ વધારાની કમિટી બનાવી છે ?

**ઉત્તરઃ** નાજી.

**ડૉ. વિપુલભાઈ જમનાદાસ સોમાણીએનીચેના પૂરક પ્રશ્નો પૂછયા હતા.**

**પ્રશ્નઃ૧** કોઈ વિશેષ કાળજી કે કોઈ વિશેષ વ્યવસ્થા કરવી જોઈએ ?

**ઉત્તરઃ૧** આ બાબત અધિકારમંડળની સત્તામાં આવે છે.

**પ્રશ્નઃ૨** આવી મેનેજમેન્ટમાં વિશેષ નિયંત્રણ મુકાવું જોઈએ ?

**ઉત્તરઃ૨** આ બાબત સત્તામંડળે વિચારવાનું રહે છે.

**શ્રી વિનોદભાઈ એન. પટેલે નીચેનો પૂરક પ્રશ્ન પૂછયો હતો.**

**પ્રશ્નઃ** ગ્રાન્ટેડ અને નોન–ગ્રાન્ટેડના ધારાધોરણોમાં કોઈ સામ્યતા છે ?

**ઉત્તરઃ** હાલમાં સરખા જ ધારાધોરણો છે.

**આ. ડૉ. વિક્રમ બળવંતરાય દેસાઈએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછયો હતો.**

**પ્રશ્નઃ** સેલ્ફ ફાયનાન્સ અને ગ્રાન્ટ ઈન એઈડ કોલેજો માટે અલગ અલગ નિયમો છે ?

**ઉત્તરઃ** નાજી,

**ડૉ. ગિરીશભાઈ શાહે નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતીઃ**

**પ્રશ્નઃ ૫** જો શિક્ષક યુનિવર્સિટી પરીક્ષામાં કામ કરવાનો (પેપર સેટીંગ, એસેસમેન્ટ, સુપરવીઝન કે અન્ય) ઇન્કાર કરે તો હાલમાં તેની સામે શું પગલાં લેવા શું કરવામાં આવે છે ?

**ઉત્તરઃ ૫** યુનિવર્સિટીના ઓર્ડિનન્સ–૬૯(એ) મુજબ પરીક્ષાની કામગીરી ફરજીયાત કરવાની હોય છે. જે પરીક્ષકો પરીક્ષાની કામગીરી સ્વીકારી શકે તેમ ન હોય તેવા પરીક્ષકો આચાર્યશ્રીની ભલામણ સહિત યુનિવર્સિટીને રજૂઆત કરે છે. તેવી ભલામણો માનનીય કુલપતિશ્રી સમક્ષ મુકિત અંગે રજૂ કરવામાં આવે છે.

વધુમાં જો શિક્ષકને આપેલું પરીક્ષાનું કામ તે ન કરે તો સક્ષમ અધિકાર મંડળ (સિન્ડિકેટ) તે બાબતે જે કોઈ પગલાં ભરવાનું નકકી કરે તે પ્રમાણે તેની સામે કાર્યવાહી કરવામાં આવે છે.

**ડૉ. રજનીકાંત ડાહયાલાલ પટેલે નીચેનો પૂરક પ્રશ્ન પૂછયો હતો.**

**પ્રશ્નઃ** યુનિવર્સિટી પરીક્ષા સંચાલન અંગેના અલગ નિયમો છે ?

**ઉત્તરઃ** હાજી.

**શ્રી કૃષ્ણલાલ બાવજીભાઈ પટેલે નીચેનો પૂરક પ્રશ્ન પૂછયો હતો.**

**પ્રશ્નઃ** પ્રશ્ન પાંચના સંદર્ભે કોઈ પગલાં લેવામાં આવ્યા છે ?

**ઉત્તરઃ** નાજી, આવા કોઈ પગલાં લેવામાં આવ્યા નથી.

**શ્રી ગૌરાંગ વિજયરાય વૈદ્યે નીચેના પૂરક પ્રશ્નો પૂછયા હતા.**

**પ્રશ્નઃ૧** શિક્ષકો ઉપર પરીક્ષાને લગતી આવી બાબતે કોઈ પગલાં લેવામાં આવ્યા છે ?

**ઉત્તરઃ૧** નાજી.

**પ્રશ્નઃ૨** આને પરીક્ષાને લગતી ગેરરીતિ કહેવાય ?

**ઉત્તરઃ૨** નાજી.

**પ્રશ્નઃ૩** આપણી યુનિવર્સિટીએ પેપર સેટર અને એકઝિમીનર જે સિનીયોરીટીના નિયમો બનાવ્યા છે તેના આધારે સિનીયોરીટી લીસ્ટ ઉપલાંથી નીચલા વર્ગની ફાળવણીમાં જે ક્રમો પ્રમાણે જળવાયા છે ખરા ?

**ઉત્તરઃ૩** પેપર સેટરો તથા એક્ઝામીનરોના સિનીયોરીટીના નિયમો બનાવ્યા છે અને તે પ્રમાણે પરીક્ષા કાર્યની ફાળવણીમાં ક્રમ જાળવવામાં આવે છે. સામાન્ય રીતે એફ.વાય.બી.એસસી./ ટી.વાય.બી.એસસી. ઈકવલ ડીસ્ટ્રીબ્યુશન કરીને કામ આપીએ આપવામાં આવે છે.

**ડૉ. વિપુલભાઈ જમનાદાસ સોમાણીએ નીચેના પૂરક પ્રશ્નો પૂછયા હતા.**

**પ્રશ્નઃ૧** સિનીયોરીટી પ્રશ્નો સિવાય અધ્યાપકોને કારણે પરીક્ષાનું પરિણામ કયારે મોડું જાહેર થયું છે. કે જેથી યુનિવર્સિટીની પ્રતિષ્ઠાનું ધોવાણ થયુ હોય ?

**ઉત્તરઃ૧** કોઈ વાર એવું બનતું હોય છે. અને પરિણામ સમયસર જાહેર કરી શકાતા નથી.

**પ્રશ્નઃ૨** કોઈ પગલાં લેવાની જોગવાઈ છે ?

**ઉત્તરઃ૨** સત્તામંડળ કે સિન્ડિકેટ સજાની ભલામણ કરશે તો તેમ કરવામાં આવશે.

**ડૉ.પ્રવીણચંદ્ર હિમ્મતલાલ ભાઠાવાલાએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછયો હતો.**

**પ્રશ્નઃ** કયા ચોકકસ પગલાં લેવાની વાત છે ?

**ઉત્તરઃ** પરીક્ષામાં કામ ન કરવાં બાબત અંગેના.

**ડૉ. મહેન્દ્રભાઈ દોલતસિંહ ચૌહાણે નીચેનો પૂરક પ્રશ્ન પૂછયો હતો.**

**પ્રશ્નઃ** સુપરવિઝનની કામગીરીની જવાબદારી કોઈ એક વ્યકિતને આપવામાં આવી છે ?

**ઉત્તરઃ** સામાન્ય રીતે કોલેજના આચાર્યશ્રીને આપવામાં આવે છે. પણ કોઈ સુપરવિઝન વિશે ફરીયાદ આવી નથી.

**શ્રી વિનોદભાઈ એન. પટેલે નીચેનો પૂરક પ્રશ્ન પૂછયો હતો.**

**પ્રશ્નઃ** સુપરવિઝન માટે ટીચરો બહારથી લાવી શકીએ ખરા ?

**ઉત્તરઃ** જયારે કોલેજમાં ટીચીંગ, નોન–ટીચીંગ સ્ટાફ ઓછો હોય ત્યારે એમ.ફીલ. કે પીએચ.ડી.ના વિદ્યાર્થીઓને સામાન્ય રીતે સુપરવિઝન માટે તેમની સેવા લેવામાં આવે છે. અને આવી નિમણૂક આચાર્યશ્રીઓ પોતાની વિવેકબુધ્ધિ પ્રમાણે કરતાં હોય છે.

**આ.શ્રી ભાનુશંકર નરસિંહભાઈ જોષી નીચેનો પૂરક પ્રશ્ન પૂછયો હતો.**

**પ્રશ્નઃ** અધ્યાપકોને સ્થાને બહારના માણસો પાસે વધુ કામ લેવામાં આવે તે વાત સાચી ?

**ઉત્તરઃ** એવી કોઈ ફરીયાદ મળી નથી.

**ડૉ.પ્રવીણચંદ્ર હિમ્મતલાલ ભાઠાવાલાએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછયો હતો.**

**પ્રશ્નઃ** પરીક્ષા કેન્દ્ર પર પુરતી સંખ્યા હોવા છતાં અન્ય પાસે કામ કરવામાં આવે છે ?

**ઉત્તરઃ** યુનિવર્સિટીએ આ બાબતે પરિપત્ર કર્યો છે.

**આ. ડૉ.વિપિનકુમાર દયાળજી નાયકે નીચેનો પૂરક પ્રશ્ન પૂછયો હતો.**

**પ્રશ્નઃ** જુના માણસોની એપોઈન્ટમેન્ટ થાય અને સિનીયરની ન થાય તો ગણગણાટ થાય છે. તો તેની તકેદારી યુનિવર્સિટીએ રાખવી જોઈએ ?

**ઉત્તરઃ** એકેડેમિક કાઉન્સિલનો ઠરાવ આચાર્ય અને એક્ષ. સુપ્રિટેન્ડન્ટ અંગે કર્યો છે.

**આ. ડૉ. વિક્રમ બળવંતરાય દેસાઈએ નીચેના પૂરક પ્રશ્નો પૂછયા હતા.**

**પ્રશ્નઃ૧** જે કોલેજોમાં પરીક્ષા ચાલતી હોય તેના સ્ટાફને સુપરવિઝનમાંથી મુકિત આપી શકાય ?

**ઉત્તરઃ૧** નાજી,

**પ્રશ્નઃ૨** જે કોલેજોમાં પરીક્ષા ચાલતી હોય ત્યાના સ્ટાફને સ્કવોડમાં મુકી શકાય ?

**ઉત્તરઃ૨** કોલેજના આચાર્ય પાસેથી નામો મંગાવવામાં આવે છે.

**શ્રી દુશ્યન્તકુમાર જનકરાય વસાવડાએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછયો હતો.**

**પ્રશ્નઃ** નિરીક્ષણ અંગે યુનિવર્સિટીએ કોઈ ખાસ નિયમો બનાવ્યા છે ?

**ઉત્તરઃ** નોટીસની જરૂર છે.

**આ. શ્રી જયંતીલાલ મગનલાલ નાયકે નીચેનો પૂરક પ્રશ્ન પૂછયો હતો.**

**પ્રશ્નઃ** આવા કામનો કોઈ અનાદર કરે છે ?

**ઉત્તરઃ** એવુ કંઈ જણાયું નથી.

**આચાર્ય ડૉ. ભાસ્કર મહેન્દ્રપ્રસાદ રાવલે નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતીઃ**

**પ્રશ્નઃ ૬** વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીમાં પરિક્ષા વિભાગ પ્રાશ્નીકો **(Paper Setter)** ની નિમણૂંક કરે છે. એક પ્રાશ્નીક **(Paper Setter)** દ્વારા તૈયાર કરીને અધ્યક્ષશ્રી **(Chairman)** ને અપાયેલ પ્રશ્નપત્ર **(Paper)** માં ....

(૧) શું અધ્યક્ષશ્રી ફેરફાર કરી શકે છે ?

(૨) કેટલા અંશે આ ફેરફાર કરી શકાય છે ?

(૩) શું અધ્યક્ષશ્રી સાથી પ્રાશ્નીકના પેપરને આખે આખું બદલી શકે છે ?

(૪) વીર નર્મદ વિશ્વવિદ્યાલયના કયા નિયમોથી આવા ફેરફાર શકય છે ?

**ઉત્તરઃ ૬** (૧) હા

(૨) સીલેબસ તથા પ્રશ્નોનાં ભારાંકને ધ્યાને લઈ કાંઈ વિષમતા ધ્યાનમાં આવે તો તેવો ફેરફાર કરી શકે છે.

(૩) ના જી

(૪) એકેડેમિક કાઉન્સિલે આ બાબતે નિર્ણય કર્યો છે.

**શ્રી કિશોરભાઈ રામજીભાઈ વાઘેલાએ નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતી:**

**પ્રશ્ન:** ૭ ગત માર્ચ/ એપ્રિલ – ૨૦૦૫ની વાર્ષિક પરીક્ષા દરમ્યાન પરીક્ષા બે દિવસ મુલતવી રાખવામાં આવેલી તેના વિગતે કારણો આપો. અને જવાબદાર પર શું પગલાં લેવાયા તે જણાવો.

**ઉત્તર:** ૭ સને– ૨૦૦૫માં લેવાયેલી યુનિવર્સિટીની પરીક્ષાઓ માટે ઉત્તરવહીઓ છાપીને કોલેજોને પુરી પાડવા અંગેનો કોન્ટ્રાકટ મેસર્સ ઉષા પ્રિન્ટરી, હરિપુરા, સુરતને આપવામાં આવ્યો હતો. પ્રસ્તુત પ્રેસની યાંત્રિક ખામીનાં કારણોસર ઉત્તરવહીઓ કોલેજો પર સમયસર પહોંચાડવામાં આવી ન હોવાથી તારીખ ૩૦–૦૩–૨૦૦૫ અને તારીખ ૩૧–૦૩–૨૦૦૫ના રોજ લેવાનાર પરીક્ષાઓ મુલતવી રાખવામાં આવી હતી. સિન્ડિકેટે, તારીખ ૦૯–૦૬–૨૦૦૫ની સભાના ઠરાવ ક્રમાંક: ૩૬થી પ્રસ્તુત ઉષા પ્રિન્ટરીને નીચે મુજબ દંડ કરવામાં આવ્યો છે.

(૧) રૂા. ૧૦,૯૩,૧૫૦/– દંડ પેટે ચૂકવણી કરવી નહી.
(૨) રૂા. ૧,૧૦,૦૦૦/– સિકયોરીટી ડિપોઝીટની સંપૂર્ણ રકમ જપ્ત કરવી.
(૩) રૂા. ૭,૬૦૧/– અન્ય દંડ સ્વરૂપે ચૂકવણી કરવી નહી. તેમજ સદરહુ પાર્ટીને બ્લેક લીસ્ટ કરવી તથા હવે પછી યુનિવર્સિટીમાંથી નવું કામ તેમને આપવું નહી.

**શ્રી કિશોરભાઈ રામજીભાઈ વાઘેલાએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછયો હતો.**

**પ્રશ્ન:** ૨૦૦૫ના વર્ષ દરમ્યાન મુલત્તવી રાખવામાં આવેલ પરીક્ષા જે કોન્ટ્રાકટ આપવામાં આવ્યો તે ટેન્ડરીગ દ્વારા નકકી કરવામાં આવ્યું હતું.

**ઉત્તર:** હાજી.

**શ્રી ગૌરાંગ વિજયરાય વૈદ્યે નીચેનો પૂરક પ્રશ્ન પૂછયો હતો.**

**પ્રશ્ન:** બીજા ટેન્ટરો કયા કયા હતા.

**ઉત્તર:** નોટીસની જરૂર છે.

**શ્રી કૃષ્ણલાલ બાવજીભાઈ પટેલે નીચેનો પૂરક પ્રશ્ન પૂછયો હતો.**

**પ્રશ્ન:** આ બાબતમાં રાજયપાલશ્રીએ કોઈ રીપોર્ટ મંગાવ્યો ?

**ઉત્તર:** હાજી.

**શ્રી કિશોરભાઈ રામજીભાઈ વાઘેલાએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછયો હતો.**

**પ્રશ્ન:** યુનિવર્સિટી કર્મચારી પ્રેસ પર બેસતા હતા ?

**ઉત્તર:** નાજી.

**શ્રી હોશંગ જહાંગીરજી મીરઝાએ નીચેના પૂરક પ્રશ્નો પૂછયા હતા.**

**પ્રશ્ન:૧** આવો રીપોર્ટ કોણે મંગાવ્યો ?

**ઉત્તર:૧** માનનીય ચાન્સલરશ્રીએ.

**પ્રશ્ન:૨** તપાસ માટે નિમણૂક કોણે કરેલી ?

**ઉત્તર:૨** એમની નિમણૂક કાર્યકારી કુલપતિશ્રીએ ચાન્સલરશ્રી સાથે ટેલીફોનીક ચર્ચા કરી કરેલ હતી.

**પ્રશ્ન:૩** યુનિવર્સિટીએ સર્વોચ્ચ અધિકાર મંડળને વિશ્વાસમાં લેવામાં આવેલા ?

**ઉત્તર:૩** ચાન્સલરશ્રીએ રીપોર્ટ મંગાવ્યો હોય તેઓને રીપોર્ટ મોકલ્યો હતો.

**આ. ડૉ.ઉપેન્દ્રભાઈ ઠાકોરભાઈ દેસાઈએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછયો હતો.**

**પ્રશ્નઃ** એક ગુના માટે બે દંડ– સજા કરી શકાય ?

**ઉત્તરઃ** બે દંડની સજા કરી નથી.

**શ્રી કિશોરભાઈ રામજીભાઈ વાઘેલાએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછયો હતો.**

**પ્રશ્નઃ** પાર્ટીને કેટલું ચૂકવણું કરવામાં આવ્યું ?

**ઉત્તરઃ** કાંઈ નહી.

**શ્રી કૃષ્ણલાલ બાવજીભાઈ પટેલે નીચેનો પૂરક પ્રશ્ન પૂછયો હતો.**

**પ્રશ્નઃ** બે દિવસ પછી પરીક્ષા લેવાય તેમાં નવી કે જુની સપ્લીમેન્ટરી વપરાય છે ?

**ઉત્તરઃ** નવી.

**શ્રી કિશોરભાઈ રામજીભાઈ વાઘેલાએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછયો હતો.**

**પ્રશ્નઃ** કોઈ પેમેન્ટ થયું લાગે છે ? બે વખત ચકકર મારી ગયા છે ?

**ઉત્તરઃ** નાજી, તે પાર્ટીને કોઈ પેમેન્ટ કર્યુ નથી.

**ડૉ. વિપુલભાઈ જમનાદાસ સોમાણીએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછયો હતો.**

**પ્રશ્નઃ** બે દિવસ પરીક્ષા લંબાઈ તેમાં અહી આવી કોઈ ગેરવર્તન કર્યુ છે ?

**ઉત્તરઃ** આ બાબતમાં હું કોઈ જવાબ આપવા માંગતો નથી.

**શ્રી કિશોરભાઈ રામજીભાઈ વાઘેલાએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછયો હતો.**

**પ્રશ્નઃ** પેમેન્ટ માટે કોઈ ઠરાવ કરેલો છે ?

**ઉત્તરઃ** નોટીસની જરૂર છે.

**શ્રી ગૌરાંગ વિજયરાય વૈદ્યએ નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતીઃ**

**પ્રશ્નઃ** ૮ યુનિવર્સિટીમાં પ્રવેશ માટેનો કુલપતિશ્રીના બંગલા તરફનો ઈચ્છાનાથ બાજુથી આવતો પ્રવેશ છેલ્લા કેટલા સમયથી બંધ છે ? આ રસ્તો શા માટે બંધ છે ?
શું ભૂતકાળમાં આ રસ્તો યુનિવર્સિટીનો અવરજવરનો હતો ખરો ?
યુનિવર્સિટી પોતાનો આ રસ્તો અવરજવર કરવા પાછો મેળવવા શું પ્રયત્ન કરવા માંગે છે ?

**ઉત્તરઃ** ૮
(a) પ્રવેશ બંધ નથી. વિનંતી કરવામાં આવે તો ખોલવામાં આવે છે.
(b) હાજી
(c) સંસ્થાને પત્ર લખ્યો છે.

**શ્રી ગૌરાંગ વિજયરાય વૈદ્યે નીચેના પૂરક પ્રશ્નો પૂછયા હતા.**

**પ્રશ્નઃ૧** એચઆરડી મીનીસ્ટ્રીનો પત્ર એસ.વી.એન. આઈ.ટી.માં આવ્યો છે તે આપણા ત્યાં આવ્યો છે ?

**ઉત્તરઃ૧** નાજી.

**પ્રશ્નઃ૨** એ પત્રમાં શું વિગત છે તે આપશો ?

**ઉત્તરઃ૨** નોટીસની જરૂર છે.

**પ્રશ્નઃ૩** બેંગ્લોરના બનાવ પછી કોઈ ત્રાસવાદીઓની અવર જવર છે ?

**ઉત્તરઃ૩** નાજી.

**પ્રશ્નઃ૪** આ રસ્તા પર એસ.ટી.ની અવરજવર હતી ?

**ઉત્તરઃ૪** અગાઉ હતી.

**ડૉ.પ્રવીણચંદ્ર હિમ્મતલાલ ભાઠાવાલાએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછયો હતો.**

**પ્રશ્નઃ** આ રસ્તો બંધ કરવાની જાણ યુનિવર્સિટીને કરવામાં આવી છે ખરી ?

**ઉત્તરઃ** નાજી.

**શ્રી ગૌરાંગ વિજયરાય વૈદ્યે નીચેના પૂરક પ્રશ્નો પૂછયા હતા.**

**પ્રશ્નઃ૧** યુનિવર્સિટીની કોઈ જગ્યાએ લોકોએ દબાવી છે ખરી ?

**ઉત્તરઃ૧** તપાસ કરવાની જરૂર છે.

**પ્રશ્નઃ૨** એક વર્ષ દરમ્યાન યુનિવર્સિટીએ આ બાબતે શી કાર્યવાહી કરી ?

**ઉત્તરઃ૨** આ રસ્તો ખુલ્લો કરવા અંગે યુનિવર્સિટીએ પ્રત્ર દ્વારા જાણ કરી છે.

**પ્રશ્નઃ૩** યુનિવર્સિટીએ જમીન માપણીની કાર્યવાહી એક વર્ષમાં કેમ કરી નથી ?

**ઉત્તરઃ૩** યુનિવર્સિટીએ પત્ર લખ્યો છે અને એમણે જણાવ્યું કે અમે કોઈ જાતનું દબાણ કર્યુ નથી.

**પ્રશ્નઃ૪** હાલ આ પ્રશ્ન કયા સ્ટેજ પર છે ?

**ઉત્તરઃ૪** SVNIT સાથે પત્ર વ્યવહાર ચાલુ છે.

**પ્રશ્નઃ૫** જમીન માપણી કોના મારફતે કરાવી ?

**ઉત્તરઃ૫** પત્રવ્યવહાર થયો છે પી.ડબલ્યુ.ડી.ના અધિકાર સમક્ષ રજૂઆત કરી છે.

**શ્રી વિજયભાઈ પટેલે નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતીઃ**

**પ્રશ્નઃ ૯** Computer Centre એ શું યુનિવર્સિટીનું છે કે માત્ર કોમ્પ્યુટર સાયન્સ વિભાગનું તેની સ્પષ્ટતા આપશો.

**ઉત્તરઃ ૯** કોમ્પ્યુટર સેન્ટર એ યુનિવર્સિટીને કોમ્પ્યુટરના શિક્ષણ અને રિસર્ચના હેતુસર યુ.જી.સી. દ્વારા (પત્ર ક્રમાંકઃ F 55-10/ 83 (T) તા. ૨૦ ફેબ્રુઆરી, ૧૯૮૬) મળેલ સવિધા છે અને કોમ્પ્યુટર સેન્ટર યુનિવર્સિટીના તમામ શૈક્ષણિક ભવનોને આ સુવિધા પુરી પાડે છે.

**શ્રી વિજયભાઈ પટેલે નીચેનો પૂરક પ્રશ્ન પૂછયો હતો.**

**પ્રશ્નઃ** કોમ્પ્યુટર સેન્ટરમાં પૂરતી સુવિધા છે ?

**ઉત્તરઃ** હાજી.

**આ. ડૉ.વિપિનકુમાર દયાળજી નાયકે નીચેનો પૂરક પ્રશ્ન પૂછયો હતો.**

**પ્રશ્નઃ** કોમ્પ્યુટર સેન્ટર કાર્યરત છે ?

**ઉત્તરઃ** હાજી.

**ડૉ. વિપુલભાઈ જમનાદાસ સોમાણીએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો હતો.**

**પ્રશ્નઃ** આ સેન્ટરમાં નોન–ટીચીંગ સ્ટાફ માટે ટ્રેનીંગ ચાલે છે ?

**ઉત્તરઃ** હાજી.

**ડૉ.પ્રવીણચંદ્ર હિમ્મતલાલ ભાઠાવાલાએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછયો હતો.**

**પ્રશ્નઃ** કોમ્પ્યુટર સેન્ટરમાં કોઈ જગ્યાએ ખાલી છે

**ઉત્તરઃ** હાજી.

**આચાર્ય ડૉ. અશ્વિન શંકરભાઈ પટેલે નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતીઃ**

**પ્રશ્નઃ ૧૦** યુનિવર્સિટીના કર્મચારીઓ માટે લીયન આપવાના શું નિયમો છે ?

**ઉત્તરઃ ૧૦** સિન્ડિકેટે તેની તા.૨૬–૧૦–૨૦૦૫ની સભાના ઠરાવ ક્રમાંકઃ ૨૧ અંતર્ગત નીચે મુજબ ઠરાવેલ છે.

સીધી રાજય સરકાર દ્વારા નિમણૂંક અપાતી જગ્યાઓના અને પરદેશ જવાના ખાસ કિસ્સાઓમાં લીયનની બાબતો સિન્ડિકેટ સમક્ષ લાવવી અન્ય કોઈ પણ કિસ્સાઓમાં હવે પછી લીયન આપવું નહી.

**ડૉ. વિપુલભાઈ જમનાદાસ સોમાણીએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછયો હતો.**

**પ્રશ્નઃ** યુનિવર્સિટીના કોઈ અધ્યાપક કોલેજમાં જોડાય તો તેને લિયન મળી શકે કેમ ?

**ઉત્તરઃ** સિન્ડિકેટ તે અંગે નિર્ણય કરતી હોય છે.

**શ્રી હોશંગ જહાંગીરજી મીરઝાએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછયો હતો.**

**પ્રશ્નઃ** સંચાલક મંડળ લિયન આપી શકે તે વાત ખરી ?

**ઉત્તરઃ** નોટીસની જરૂર છે.

**ડૉ. વિપુલભાઈ જમનાદાસ સોમાણીએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછયો હતો.**

**પ્રશ્નઃ** આ બંને બાબતો અંગે લિયન આપવું કે નહી એવો કોઈ ઠરાવ કર્યો છે ?

**ઉત્તરઃ** હાલમાં ડેપ્યુટી રજીસ્ટ્રારને લિયન આપવામાં આવ્યું નથી પરંતુ કર્મચારીની રાજય સરકાર દ્વારા વિશિષ્ટ જગ્યાએ નિમણૂક થાય અથવા વિદેશ જવાનું હોય તો તેવી બાબત સિન્ડિકેટમાં મૂકી તે અંગે ઠરાવ કરવામાં આવે છે.

**શ્રી કૃષ્ણલાલ બાવજીભાઈ પટેલે નીચેના પૂરક પ્રશ્નો પૂછયા હતા.**

**પ્રશ્નઃ૧** યુનિવર્સિટીના કર્મચારીઓને લિયન આપવાનું ચાલુ છે ?

**ઉત્તરઃ૧** શ્રી સી.પી. પટેલે માંગેલું પરંતુ આપેલું નથી. સિન્ડિકેટ આ અંગે નિર્ણય કરે છે.

**પ્રશ્નઃ૨** હવે કયાં કર્મચારીનું લિયન ચાલુ છે.

**ઉત્તરઃ૨** ડૉ. વિપિનભાઈ નાયકનું ચાલુ છે.

**આચાર્યશ્રી ઈશ્વરભાઈ મંછાભાઈ પટેલે નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતી:**

**પ્રશ્ન: ૧૧** યુનિવર્સિટીમાં વધતી જતી વિદ્યાર્થી/ વિદ્યાર્થિનીઓની સંખ્યા જોતા યુનિવર્સિટી કેમ્પસ ખાતે વિદ્યાર્થી / વિદ્યાર્થિનીઓ માટે હોસ્ટેલનું શું આયોજન કર્યું છે ?

**ઉત્તર: ૧૧** ૧ નવી **Girls Hostel** (સંખ્યા) ૪૬,
૧ નવી **Boys Hostel** (સંખ્યા) ૫૬, બનીને તૈયાર છે.

વધુમાં, આશરે ૬૦ વિદ્યાર્થીઓ માટે ૧ નવી **Boys Hostel** અને આશરે ૫૦ વિદ્યાર્થીનીઓ માટે ૧ નવી **Girls Hostel** વિવિધ સ્વનિર્ભરનાં અભ્યાસક્રમો પાસેથી પૈસા મેળવીને બનાવવાનું નકકી થયું છે.

**ડૉ. વિપુલભાઈ જમનાદાસ સોમાણીએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછયો હતો.**

**પ્રશ્ન:** ટ્રાયબલ વિદ્યાર્થીઓ તેની હોસ્ટેલ ફી અને ભોજન ફી વેઠી શકે નહી તેમજ તેઓ સવારે વહેલા નીકળી સાંજે ઘરે મોડા પહોંચે આમ દિવસમાં આઠ કલાક પ્રવાસકરે અને ચાર કલાક ભણે તો તેઓ માટે એવી કોઈ વ્યવસ્થા ઉભી કરી શકાય કે આ ટ્રાયબલ વિદ્યાર્થીઓ અહી રહી પોતાનું ભોજન જાતે હોસ્ટેલમાં બનાવી શકે ?

**ઉત્તર:** એવી કોઈ વ્યવસ્થા હાલમાં નથી.

**ડૉ.પ્રવીણચંદ્ર હિમ્મતલાલ ભાઠાવાલાએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછયો હતો.**

**પ્રશ્ન:** આ માટે કોઈ સબસીડી મળે છે ?

**ઉત્તર:** નોટીસની જરૂર છે.

**શ્રી કિશોરભાઈ રામજીભાઈ વાઘેલાએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછયો હતો.**

**પ્રશ્ન:** ભોજન બહાર બનાવી શકાય ?

**ઉત્તર:** નાજી.

**આચાર્ય ડૉ. વિજયકુમાર અનંતરાય જોષીએ નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતી:**

**પ્રશ્ન: ૧૨** જે સંસ્થાને યુનિવર્સિટી જોડાણ આપતી નથી તેની જોડાણ અરજીની ફી યુનિવર્સિટી પરત કરે છે કે કેમ?

**ઉત્તર: ૧૨** હાજી, ઓર્ડિનન્સ–૬૬(૧) મુજબ કાર્યવાહી કરવામાં આવે છે.

**શ્રી કૃષ્ણલાલ બાવજીભાઈ પટેલે નીચેનો પૂરક પ્રશ્ન પૂછયો હતો.**

**પ્રશ્ન:** જે સંસ્થાને યુનિવર્સિટી જોડાણ આપતી ન હોય તેની ફી પરત કરવાના ધોરણ શુ છે ?

**ઉત્તર:** ઓર્ડિનન્સ– ૬૬(૧)માં આ બાબતે સ્પષ્ટતા છે.

**શ્રી કિશોરભાઈ રામજીભાઈ વાઘેલાએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછયો હતો.**

**પ્રશ્ન:** કોલેજ ફી ન લેવા આવે તો યુનિવર્સિટી મારફતે તેમને મોકલી આપીએ છીએ ?

**ઉત્તર:** હાજી, સંસ્થા સમય મર્યાદામાં અરજી કરે તો ઓર્ડિનન્સ પ્રમાણે પાછી આપીએ છીએ.

**આચાર્યશ્રી ભાનુશંકર નરસિંહભાઈ જોષીએ નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતી:**

**પ્રશ્નઃ ૧૩** દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના એક્ટ/ સ્ટેટ્યૂટની જોગવાઈ પ્રમાણે રજીસ્ટ્રાર, લાઈબ્રેરીયન, કન્ટ્રોલર ઓફ એકઝામિનેશનના લાયકાતના ધોરણો તથા પે સ્કેલ નકકી કરવાની સત્તા સિન્ડિકેટની છે.

**ઉત્તરઃ ૧૩** ૧. સદર જગ્યાઓ માટે લાયકાતનાં ધોરણો સિન્ડિકેટ નકકી કરે છે.

૨. પે સ્કેલ રાજયસરકાર નકકી કરે છે.

**આ. શ્રી ભાનુશંકર નરસિંહભાઈ જોષીએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછયો હતો.**

**પ્રશ્નઃ** યુનિવર્સિટીમાં કયા નોર્મ્સનું પાલન થાય છે ?

**ઉત્તરઃ** યુજીસીના નોર્મ્સનું પાલન થાય છે.

**આ. ડૉ.વિપિનકુમાર દયાળજી નાયકે નીચેનો પૂરક પ્રશ્ન પૂછયો હતો.**

**પ્રશ્નઃ** યુનિવર્સિટી સ્ટેટ્યૂટ પ્રમાણે પગાર તથા લાયકાત સિન્ડિકેટ નકકી કરશે કે રાજય સરકાર ?

**ઉત્તરઃ** સ્ટેટ્યૂટની જોગવાઈ પ્રમાણે લાયકાત સિન્ડિકેટ નકકી કરે છે. અને પગાર ધોરણ સરકારશ્રી નકકી કરે છે. એટલે સરકારશ્રી પાસે પરવાનગી લેવાની રહે.

**શ્રી કિશોરભાઈ રામજીભાઈ વાઘેલાએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછયો હતો.**

**પ્રશ્નઃ** કોઈ કર્મચારીને ઓછો પગાર આપી શકાય ?

**ઉત્તરઃ** નાજી.

**શ્રી હેમંતકુમાર જેઠાલાલ ટોપીવાલાએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછયો હતો.**

**પ્રશ્નઃ** અગાઉ કુલસચિવની નિમણૂક કરવામાં આવેલી હતી અને પછી કોઈ આગળની કાર્યવાહી કરેલ છે ?

**ઉત્તરઃ** સિન્ડિકેટમાં ઠરાવ કર્યા બાદ જાહેરાત આપીને નિયમાનુસાર આગળની કાર્યવાહી હાથ ધરી છે.

**આ. ડૉ. વિક્રમ બળવંતરાય દેસાઈએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછયો હતો.**

**પ્રશ્નઃ** યુ.જી.સી.ના ધારાધોરણમાં કોઈ છૂટછાટ મૂકી શકાય ?

**ઉત્તરઃ** સામાન્ય રીતે યુ.જી.સી.ના ધારાધોરણ અનુસાર જ કામ કરવાનું હોય છે.

**શ્રી હેમંતકુમાર જેઠાલાલ ટોપીવાલાએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછયો હતો.**

**પ્રશ્નઃ** આપણે કુલસચિવના પગાર ધોરણ અંગે રાજય સરકારને રજૂઆત કરી છે તેનું શું થયું ?

**ઉત્તરઃ** રાજય સરકાર તરફથી કોઈ જવાબ આવ્યો નથી.

**આ. શ્રી ભાનુશંકર નરસિંહભાઈ જોષીએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછયો હતો.**

**પ્રશ્નઃ** અત્યારે ઈન્ચાર્જ કુલસચિવને કયું પગાર ધોરણ આપવામાં આવે છે ?

**ઉત્તરઃ** નાયબ કુલસચિવનું પગારધોરણ + ચાર્જ એલાઉન્સ નિયમ પ્રમાણે.

**શ્રી ગૌરાંગ વિજયરાય વૈદ્યે નીચેનો પૂરક પ્રશ્ન પૂછયો હતો.**

**પ્રશ્નઃ** એમને વધારે પગાર આપણા ભંડોળમાંથી આપી શકાય ?

**ઉત્તરઃ** નાજી.

**આ. શ્રી ઈશ્વરભાઈ મંછાભાઈ પટેલે નીચેનો પૂરક પ્રશ્ન પૂછયો હતો.**

**પ્રશ્ન:** આપણે આસીસ્ટન્ટ લાયબ્રેરીયનની જગ્યા છે ?

**ઉત્તર:** આવી કોઈ જગ્યા મહેકમમાં હાલમાં નથી.

**આ. શ્રી જયંતીલાલ મગનલાલ નાયકે નીચેનો પૂરક પ્રશ્ન પૂછયો હતો.**

**પ્રશ્ન:** સેલ્ફ ફાયનાન્સમાં આસીસ્ટન્ટ લાયબ્રેરીયનની જગ્યાની મંજૂરી લે છે પરંતુ સંસ્થાઓ જગ્યા ભરતી નથી ? શું કરી શકાય ?

**ઉત્તર:** ધ્યાન પર લાવશો તો ઘટતું કરીશું.

**આ. ડૉ.વિપિનકુમાર દયાળજી નાયકે નીચેનો પૂરક પ્રશ્ન પૂછયો હતો.**

**પ્રશ્ન:** સેલ્ફ ફાયનાન્સમાંથી આવો પગાર આપી શકાય કે કેમ ?

**ઉત્તર:** નાજી.

**શ્રી કૃષ્ણલાલ બાવજીભાઈ પટેલે નીચેના પૂરક પ્રશ્નો પૂછયા હતા.**

**પ્રશ્ન:૧** લાયબ્રેરીયન, સી.એ.ઓ., પરીક્ષા નિયામકના લાયકાતના ધોરણો સરખા છે ?

**ઉત્તર:૧** ના, બધાના અલગ અલગ છે.

**પ્રશ્ન:૨** સી.એ.ઓ.નો પગાર કેવી રીતે ચૂકવવામાં આવે છે ?

**ઉત્તર:૨** યુનિવર્સિટીનાં નિયમોનુસાર ચૂકવીએ છીએ.

**ડૉ. વિપુલભાઈ જમનાદાસ સોમાણીએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછયો હતો.**

**પ્રશ્ન:** યુ.જી.સી. કે સિન્ડિકેટ લાયકાત નકકી કરે ? પગાર રાજ્ય સરકાર નકકી કરે ?

**ઉત્તર:** હાજી.

**શ્રી દર્શન રતીલાલ ભંડેરીએ નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતી:**

**પ્રશ્ન: ૧૪** યુનિવર્સિટી આગામી વર્ષમાં કેમ્પસ ખાતે કયા નવા અભ્યાસક્રમોનું આયોજન વિચારી રહી છે.

**ઉત્તર: ૧૪** યુનિ. માં આગામી વર્ષમાં કેમ્પસ ખાતે નીચે જણાવેલ નવા અભ્યાસક્રમોનું શરૂ કરવાની શકયતા છે

1. **M.Sc. Biotechnology**
2. **M.Sc. Bio information**
3. **M.Ed.**
4. **Bachelor of Interior Design**
5. **Bachelor Fine Arts**

**શ્રી દર્શન રતીલાલ ભંડેરીએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછયો હતો.**

**પ્રશ્ન:** નવા અભ્યાસક્રમનું આયોજન યુનિવર્સિટીએ વિચાર્યુ છે તો આ પાંચ સિવાય બીજા કોઈનું આયોજન કર્યુ છે ?

**ઉત્તર:** આગામી વર્ષે આ પાંચ અભ્યાસક્રમોનો જ વિચાર કર્યો છે.

**શ્રી કિશોરભાઈ રામજીભાઈ વાઘેલાએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછયો હતો.**

**પ્રશ્ન:** આ અભ્યાસક્રમ ચાલુ વર્ષથી ચાલુ થશે ?

**ઉત્તર:** હાજી.

**ડૉ. વિપુલભાઈ જમનાદાસ સોમાણીએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછયો હતો.**

**પ્રશ્નઃ** આ અભ્યાસક્રમની વધુ વિગતો આપશો તો સારૂ.

**ઉત્તરઃ** નોટીસની જરૂર છે.

**આ. શ્રી ભાનુશંકર નરસિંહભાઈ જોષીએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછયો હતો.**

**પ્રશ્નઃ** નવા વધુ અભ્યાસક્રમોની આવનાર વર્ષે અન્ય જોગવાઈ છે ?

**ઉત્તરઃ** નાજી, હાલમાં કોઈ નથી.

**શ્રી ગૌરાંગ વિજયરાય વૈદ્યે નીચેનો પૂરક પ્રશ્ન પૂછયો હતો.**

**પ્રશ્નઃ** આ અભ્યાસક્રમો કઈ ફેકલ્ટીમાં મૂકવામાં આવશે ?

**ઉત્તરઃ**

| Science Faculty | Arts Faculty | Education Faculty |
|---|---|---|
| M.Sc. (Bio-Tech) | Bachelor of Interior Design | M.Ed. |
| M.Sc. (Bio-info) | Bachelor Fine Arts | |

**ડૉ.પ્રવીણચંદ્ર હિમ્મતલાલ ભાઠાવાલાએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછયો હતો.**

**પ્રશ્નઃ** એમ.એડ્. સેલ્ફ ફાયનાન્સ એજ્યુકેશન ડિપાર્ટમેન્ટમાં કો.ઓર્ડિનેટર કોણ હશે ?

**ઉત્તરઃ** તે નામ સિન્ડિકેટ નકકી કરશે.

**શ્રી કૃષ્ણલાલ બાવજીભાઈ પટેલે નીચેનો પૂરક પ્રશ્ન પૂછયો હતો.**

**પ્રશ્નઃ** વધુ નવા અભ્યાસક્રમો શરૂ કરવાની યોજના છે ?

**ઉત્તરઃ** નોટીસની જરૂર છે.

**આ. ડૉ.ઉપેન્દ્રભાઈ ઠાકોરભાઈ દેસાઈએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછયો હતો.**

**પ્રશ્નઃ** આ અભ્યાસક્રમો યુનિવર્સિટીમાં કેમ્પસમાં કે કોલેજોમાં શરૂ કરવામાં આવશે ?

**ઉત્તરઃ** યુનિવર્સિટી કેમ્પસમાં.

**શ્રી કિશોરભાઈ રામજીભાઈ વાઘેલાએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછયો હતો.**

**પ્રશ્નઃ** આ અભ્યાસક્રમો નવા મકાનમાં શરૂ થશે કે કેમ ?

**ઉત્તરઃ** હાલ યુનિવર્સિટી પાસે જે વ્યવસ્થા છે તેમા શરૂ કરવામાં આવશે.

**આ તબકકે સ્ટેટયૂટ(૩૬)(૧) ની જોગવાઈ અન્વયે પ્રશ્નોત્તરી માટેનો એક કલાકનો સમય પૂરો થતાં નીચેના પ્રશ્નો (૧૫ થી ૯૯) વિચારણામાં લઈ શકાયા ન હતા.**

પ્રશ્નોત્તરીનો સમય પૂર્ણ થતાં સ્ટેટયૂટ– ૬૦ અન્વયે, આ. ડૉ. ભરત ધીરૂભાઈ નાયકે આ સભાને એક મુલત્તવી રાખવાનો પ્રેસ્તાવ રજૂ કર્યો હતો. તેને શ્રી નૈષધ ભૂપતભાઈ દેસાઈએ ટેકો આપ્યો હતો. પ્રસ્તુત પ્રસ્તાવને અધ્યક્ષશ્રીએ સભાની કાર્યસૂચિની બાબત ક્રમાંક ૪ અને ૫ પૂર્ણ થયા બાદ ફકત ૩૦ મીનીટનાં સમય માટે ચર્ચાની મંજૂરી આપી હતી.

**આચાર્ય ડૉ. જયંતીભાઈ સુરેશભાઈ ચૌધરીએ નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતીઃ**

**પ્રશ્નઃ ૧૫** યુ.જી.સી.એ આપેલ ગાઈડલાઈન મુજબ કયા કયા કોર્સમાં અભ્યાસક્રમો સ્વિકારવામાં આવ્યા છે ?

**ઉત્તરઃ ૧૫** ઉપરોકત વિષયના સંદર્ભમાં પત્રમાં જણાવેલ અભ્યાસક્રમો/ કોર્ષ યુ.જી.સી.ની ગાઈડ લાઈન મુજબ મંજૂર કરવામાં આવ્યા છે.

**(પરિશિષ્ટઃ 'ક')**

**ડૉ. શશીકાંત ગબલદાસ શાહે નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતી:**

**પ્રશ્ન: ૧૬** સ્વનિર્ભર B.Ed. College માં આર. જે. શાહ કમિટિનાં રીપોર્ટ પ્રમાણે ૧૫ ટકા મેનેજમેન્ટ ક્વોટાની સીટો અંગે યુનિવર્સિટીએ શું નિર્ણય કર્યો છે ?

**ઉત્તર: ૧૬** સ્વનિર્ભર બી.એડ્ કોલેજમાં આર. જે. શાહ કમિટિનાં રીપોર્ટ પ્રમાણે ૧૫ ટકા મેનેજમેન્ટ ક્વોટાની સીટો અંગે એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૦૩–૦૨–૦૬ નાં ઠરાવ ક્રમાંક : ૩૬ અન્વયે નીચે પ્રમાણે ઠરાવેલ છે.

:: આથી ઠરાવવામાં આવે છે કે બી.એડ્./બી.પી.એડ્. કોલેજ મેનેજમેન્ટ ક્વોટાનાં કોમન એન્ટ્રન્સ ટેસ્ટ માટે ફી એન્ડ એડમીશન કમિટિ ફોર પ્રોફેશનલ કોર્ષ અમદાવાદનાં મેમ્બર સેક્રેટરીનાં તા. ૨૨–૧૨–૦૫ નાં પત્ર ક્રમાંક :FAC-PC / H & TE 2005 / 188 માં મેનેજમેન્ટ ક્વોટાનાં પ્રવેશો માન્ય કરવા નહિ એમ જણાવેલ છે. સદરપત્રની આ સભા નોંધ લે છે. આ અંગે રજૂઆત કરવા માંગતા હોય તો જે તે કોલેજને ૧૫ દિવસમાં જરૂરી ખુલાસો મોકલી આપવા જણાવવું.

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી એ ક્રમાંક : એકે. / પરિપત્ર / ૨૩૪૬ / ૦૬ તા. ૦૨–૦૩–૦૬ થી સ્વનિર્ભર બી.એડ્. / બી.પી.એડ્. કોલેજોને પરિપત્ર મોકલેલ છે.

**શ્રી ધર્મેશ કિશોરભાઈ મિસ્ત્રીએ નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતી:**

**પ્રશ્ન: ૧૭** યુનિવર્સિટી કેમ્પસમાં વિવિધ અભ્યાસક્રમોમાં સ્વનિર્ભરનાં ધોરણે કેટલી વહીવટી અને શૈક્ષણિક જગ્યાઓ ઉભી કરવામાં આવી છે.

**ઉત્તર: ૧૭** યુનિવર્સિટી કેમ્પસમાં વિવિધ અભ્યાસક્રમોમાં સ્વનિર્ભરનાં ધોરણે વહીવટી અને શૈક્ષણિક જગ્યાઓ ઉભી કરવામાં આવી છે. નીચે મુજબ છે.

કલાર્ક / પટાવાળા – ૫૮ (વહીવટી ભવન માટે), ૬૦ (વિવિધ અનુસ્નાતક ભવન) કુલ – ૧૧૮
અન્ય – ૦૯ (સિસ્ટમ આસિ. –૧, લાયબ્રેરીયન–૧, ટેક. આસિ. –૩, પ્રોગ્રામર–૪)
શૈક્ષણિક – ૬૩
અન્ય – ૦૫ (પ્લેસમેન્ટ ઓફિસર–૩, એડીટોરીયલ આસિસ્ટન્ટ–૧, પ્રોડયુશન આસિ.–૧)

**શ્રી વિનોદભાઈ એન. પટેલે નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતી:**

**પ્રશ્ન: ૧૮** યુનિવર્સિટી સાથે સંકળાયેલી તમામ ફેકલ્ટીની કોલેજોએ (જયાં સેન્ટ્રેલાઈઝડ એડમીશન પધ્ધતી ન હોય ત્યાં પણ ) શું માત્ર મેરીટનાં આધારે જ પ્રવેશ આપવાનો હોય છે ?

**ઉત્તર: ૧૮** હાજી

**શ્રીમતી સાધનાબેન અનિલકુમાર ભંડારીએ નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતી:**

**પ્રશ્ન: ૧૯** કોલેજોમાં લેકચરરની પસંદગી માટે NET/ SLET માટેની હાલની છેલ્લી નિયમો પ્રમાણેની જોગવાઈ શું છે ?

**ઉત્તર: ૧૯** ૧૧ (અગિયાર) માસમાં NET / SLET પરીક્ષા પાસ કરવાની શરતે, શરતી માન્યતા આપવામાં આવે છે.

**ડૉ. રજનીકાંત ડાહ્યાલાલ પટેલે નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતી:**

**પ્રશ્ન: ૨૦** પી.જી.ડી.એમ.એલ.ટી. જેવાં અભ્યાસક્રમો જેનાં અંતર્ગત આવે છે તેવી "રેકગ્નાઈઝ ઈન્સ્ટીટયૂટ" ખરેખર તેનું સ્ટેટસ અને ધારાધોરણો ધરાવે છે ?

**ઉત્તર: ૨૦** યુનિવર્સિટી ધારાની કલમ–૩૬ મુજબ પાત્રતા ધરાવતી સંસ્થાને "રેકગ્નાઈઝ ઈન્સ્ટિટયૂટ" ની માન્યતા આપવામાં આવે છે.

આ અંગે એકેડેમિક કાઉન્સિલે તા. ૩–૨–૨૦૦૬ના રોજ પી.જી.ડી.એમ.એલ.ટી. અભ્યાસક્રમો ચલાવતી સંસ્થાઓ ખરેખર રેકગ્નાઈઝડ ઈન્સ્ટિટયૂટ તરીકે યોગ્યતા/ સ્ટેટસ/ ધારા–ધોરણો ધરાવે છે કે કેમ? તે ચકાસવા માટે એક સમિતિ બનાવી છે. તેનાં રીપોર્ટ પછી જ જવાબ આપવાનું શકય બનશે.

**સમિતિના સભ્યો:** (૧) ડૉ. મીનુ એચ. પરબીયા (૨) ઈ.ચા. આ. જાગૃતિબેન પટેલ (૩) શ્રી મયૂરભાઈ ચૌહાણ (૪) આ.ડૉ. વિક્રમભાઈ દેસાઈ

**આચાર્ય ડૉ. વિક્રમ બળવંતરાય દેસાઈએ નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતી:**

**પ્રશ્ન: ૨૧** યુનિવર્સિટી વિસ્તારની ગ્રાંટ પાત્ર કોલેજોમાંથી કઈ કઈ કોલેજોમાં આચાર્યોની જગ્યા પૂરવાની બાકી છે?

(૧) આ જગ્યાઓ કેટલા વર્ષથી ખાલી છે?

(૨) શું મેનેજમેન્ટ તરફથી N.O.C. માંગવામાં આવી છે ?

(૩) જગ્યા પૂરવા કેટલા પ્રયાસો કર્યા ?

(૪) યુનિવર્સિટી એ જગ્યા ભરવા કોઈ આદેશો આપ્યા છે ?

(૫) જો હા, તેમ છતાં પણ જગ્યા ન ભરી હોય તો શું કાર્યવાહી કરવા માંગે છે ?

**ઉત્તર: ૨૧** યુનિવર્સિટી વિસ્તારની ગ્રાંટ પાત્ર કોલેજોમાંથી ૧૭ (સત્તર) કોલેજોમાં આચાર્યોની જગ્યા પૂરવાની બાકી છે.

(૧) આ જગ્યાઓ અગાઉનાં કાયમી આચાર્યો રીટાયર્ડ થયા ત્યારથી ખાલી છે. જુદી જુદી કોલેજોમાં આ સમયગાળો જુદો જુદો છે.

(૨) **NOC** રાજય સરકારને માંગવાની થતી હોય છે. કેટલાક મેનેજમેન્ટોએ **NOC** માંગી છે જયારે કેટલાક મેનેજમેન્ટોએ તે માંગી નથી.

(૩) કેટલાક સંસ્થાઓએ **NOC** મળ્યાં પછી જાહેરાત આપી છે. અને જગ્યાઓ ભરવાની કાર્યવાહી શરૂ કરી છે.

(૪) યુનિવર્સિટીએ આચાર્યની જગ્યા નિયમોનુસાર ભરવા માટે જે કોલેજોમાં ખાલી છે તેમને તાત્કાલિક પત્રો લખી તાકીદ કરી છે.

(૫) આ બાબતે સક્ષમ અધિકાર મંડળ સમક્ષ મુકવામાં આવશે.

**શ્રી કૃષ્ણલાલ બાવજીભાઈ પટેલે નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતીઃ**

**પ્રશ્નઃ ૨૨** (અ) વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી માં ચાલતી NSS પ્રવૃત્તિ હેઠળ તેની રજત જયંતિ વર્ષ નિમિત્તે તથા અન્ય રીતે વર્ષ ૧૯૯૩ થી ૧૯૯૮ના વર્ષ દરમ્યાન એકત્રિત કરેલ ફાળો તથા રા.સે. યોજના હેઠળ તે વર્ષો દરમ્યાન કેન્દ્ર સરકાર તથા રાજય સરકર તરફથી મેળલ ગ્રાન્ટમાંથી યુનિવર્સિટીએ તે ફંડમાંથી યુનિ. કર્મચારીઓને બોનસ ચૂકવવા, કોન્ટ્રાકટરોને પેમેન્ટ કરવા, કેમેસ્ટ્રી વિભાગની ગેસ પાઈપ લાઈનના ખર્ચ પેટે, ડાયમંડ જયુબીલી હોસ્ટેલ માટે તેના રિપેર, ફર્નીચરની ખરીદી માટે, કુલપતિશ્રીની ચેમ્બર અને સમિતિ રૂમમાં એ.સી. ખરીદવા માટે કેટલી રકમ ટ્રાન્સફર કરી વાપરી હતી ?

(બ) તે રકમમાંથી આજ દિન સુધી કેટલી રકમ NSS વિભાગને પરત કરી છે ?

(ક) રકમ પરત કરવા અંગેના ધ્યાન ખેંચવા NSS વિભાગ તરફથી કેટલી નોંધો મૂકાઈ છે ?

(ડ) કેટલી રકમ હજી NSS વિભાગને ટ્રાન્સફર કરવાની બાકી છે ?

(ઈ) આજ દિન સુધી વ્યાજ સહિત કુલ કેટલી રકમ પરત કરવાની થાય છે ?

(ઉ) એ રકમ કયારે પરત કરવાનું યુનિ. વિચારે છે ?

**ઉત્તરઃ ૨૨** (અ) રાષ્ટ્રીય સેવા યોજના વિભાગ દ્વારા કુલ રૂા. ૭,૧૦,૦૦૦/– ચૂકવવામાં આવ્યા હતા.

(બ) રાષ્ટ્રીય સેવા યોજનાને આજદિન સુધીમાં ૪,૦૪,૧૯૨/– પરત કરેલ છે.

(ક) રાષ્ટ્રીય સેવા યોજના દ્વારા આશરે ૧૦ નોંધ મુકાઈ હતી.

(ડ) રાષ્ટ્રીય સેવા યોજનાને રૂા. ૩,૦૫,૮૦૮/– ટ્રાન્સફર કરવાના બાકી છે.

(ઈ) લાગુ પડતુ નથી.

(ઉ) સત્તામંડળ સમક્ષ બાબત રજૂ કરવામાં આવશે.

**શ્રી લક્ષ્મણભાઈ બાલુભાઈ પટેલે નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતીઃ**

**પ્રશ્નઃ ૨૩** છેલ્લા ચાર વર્ષમાં એટલેકે, ૨૦૦૨–૦૩, ૨૦૦૩–૦૪, ૨૦૦૪–૦૫, અને ૨૦૦૫–૦૬ યુનિવર્સિટી સિન્ડિકેટે કેટલાં ઓર્ડિનન્સો માં સુધારા કર્યા અથવા નવા બનાવ્યા ?

- તે પૈકી કેટલા ઓર્ડિનન્સો સેનેટની મંજૂરી માટે રજૂ કરવામાં આવ્યા ?
- કઈ તારીખની સભામાં રજૂ કરવામાં આવ્યાં ?
- જે ઓર્ડિનન્સને સેનેટની મંજૂરી નથી મળી તેવા ઓર્ડિનન્સો ના હાલ અમલ થાય છે ?
- સુધારેલા ઓર્ડિનન્સો નો અમલ કર્યો હોય અને સેનેટની મંજૂરી માટે મૂકવામાં આવ્યા ન હોય તો તે માટે જવાબદાર કોણ ?

**ઉત્તરઃ ૨૩** પ્રસ્તુત ઉત્તર સભા સમયે ટેબલ ઉપર જોવા મળી શકશે.

**શ્રી કિશોરભાઈ રામજીભાઈ વાઘેલાએ નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતી:**

**પ્રશ્ન: ૨૪** બી.બી.એ., એમ.બી.એ., એમ.એસસી.આઈ.ટી. અને એમ.એ.ના વાયવા ડેઝરટેશનમાં જ ફક્ત કેટલા વિદ્યાર્થીઓ નાપાસ થયા તેની વિગતો આપો.

**ઉત્તર: ૨૪** પ્રશ્ન અસ્પષ્ટ હોય ઉત્તર આપી શકાય એમ નથી.

**શ્રી વિનોદભાઈ એન. પટેલે નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતી:**

**પ્રશ્ન: ૨૫** કોઈ કોલેજ વિદ્યાર્થી પાસેથી પ્રવેશ વખતે **Late Fee** લઈ શકે ? તથા તેઓ લે તો તેનાં શુ નિયમો છે ? તથા તે પૈસાં તેઓએ કયાં જમાં કરાવવાં પડે ?

**ઉત્તર: ૨૫** કોલેજમાં પ્રવેશ વખતે વિદ્યાર્થીઓ પાસેથી **Late Fee** લેવાની કોઈ જોગવાઈ નથી.

**શ્રીમતી સાધનાબેન અનિલકુમાર ભંડારીએ નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતી:**

**પ્રશ્ન: ૨૬** યુનિવર્સિટી કેમ્પસમાં ગર્લ્સરૂમની વ્યવસ્થા છે ? જો હોય તો કઈ જગ્યાએ ? જો ના તો કયારે થશે ?

**ઉત્તર: ૨૬** (૧) હાલમાં ગર્લ્સરૂમ માટે સ્વતંત્ર જગ્યા નથી.

(૨) તથા સ્વતંત્ર ગર્લ્સરૂમ બનાવવા માટે ટુંક સમયમાં તે અંગે કાર્યવાહી શરૂ કરવાનું વિચારણા હેઠળ છે.

**આચાર્ય ડૉ. વિક્રમ બળવંતરાય દેસાઈએ નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતી:**

**પ્રશ્ન: ૨૭** સેલ્ફ ફાયનાન્સ કોલેજોમાં એક જ ટ્રસ્ટ એક જ બિલ્ડીગમાં ત્રણ ચાર કે પાંચ કે તેથી વધારે કોર્સ ચલાવે છે અને નવા નવા કોર્સની માંગણી કર્યે જાય છે.

(૧) એવી કેટલી કોલેજો છે ?

(૨) શું યુનિવર્સિટી કોઈ અંકુશ મુકવા માંગે છે ?

(૩) પાંચથી વધારે કોર્સ ચાલુ હોય છતાં બીજા કોર્સની માંગણી કરનારી કોલેજો કેટલી છે ?

(૪) શું આજુબાજુની ગ્રાન્ટેડ – નોન ગ્રાન્ટેડ કોલેજોની ના વાંધા મંગાવ્યો છે ?

(૫) આ બાબતે યુનિવર્સિટી કોઈ નિતિ ઘડવા માંગે છે ?

**ઉત્તર: ૨૭** (૧) સાત

(૨) હા

(૩) એક

(૪) યુનિવર્સિટીનાં હાલ રેકર્ડ પર ઉપલબ્ધ નથી.

(૫) સક્ષમ અધિકારીમંડળ તે બાબતે નિર્ણય કરી શકે.

**શ્રી કૃષ્ણલાલ બાવજીભાઈ પટેલે નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતીઃ**

**પ્રશ્નઃ ૨૮** (ક) વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતમાં પરીક્ષા નિયામકશ્રીની જગા સ્ટેટ્યુટરી ગણાય છે ?

(ખ) યુનિવર્સિટીના પદવીદાન સમારંભમાં પરીક્ષા નિયામકશ્રીને સ્ટેજ ઉપર બેસાડવામાં આવતાં હતાં ?

(ગ) જવાબ જો ' ના ' હોય તો કયા કારણે ?

(ઘ) ઈન્ચાર્જ પરીક્ષા નિયામકશ્રી કાનૂની રીતે સ્ટેટ્યુટરી પરીક્ષા નિયામક ગણી શકાય ?

(ચ) ચાલુ વર્ષે હાલમાં તા. ૧૬–૨–૦૬ના રોજ યોજાયેલ પદવીદાન સમારંભમાં ઈન્ચાર્જ પરીક્ષા નિયામકશ્રીને સ્ટેજ ઉપર બેસાડવામાં આવ્યા હતાં ? જવાબ જો ' હા ' હોય તો કયા નિયમો અને સ્ટેટ્યૂટના આધારે ?

**ઉત્તરઃ ૨૮** (ક) હાજી

ખ થી ચ ના પ્રશ્નોના જવાબ સ્ટેટ્યૂટ ૩૬ (૨) (i) બી અને સી હેઠળ અમાન્ય કરવામાં આવે છે.

**શ્રી લક્ષ્મણભાઈ બાલુભાઈ પટેલે નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતીઃ**

**પ્રશ્નઃ ૨૯** દક્ષિણ ગુજરાત મહિલા કેળવણી મંડળ, નવસારી સંચાલિત મહિલા આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, નવસારી સંસ્થાને છેલ્લું જોડાણ ક્યાં સુધીનું મળેલ છે ?

મહિલા આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજની કાયમી જોડાણની અરજી પ્રથમ યુનિવર્સિટીને ક્યારે કઈ તારીખે મળી ?

ત્યાર પછી થયેલી કાર્યવાહીની વિગત શી છે ?

**ઉત્તરઃ ૨૯** દક્ષિણ ગુજરાત મહિલા કેળવણી મંડળ, નવસારી સંચાલિત મહિલા આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, નવસારી સંસ્થાને છેલ્લું જોડાણ તા. ૧૪–૬–૧૯૯૮ સુધીનું મળેલું છે.

મહિલા આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજની કાયમી જોડાણની અરજી પ્રથમ યુનિવર્સિટી કાર્યાલયને તા. ૨૭–૧૦–૧૯૯૭ના રોજ મળેલ છે. ત્યારબાદ સિન્ડિકેટનાં ઠરાવ મુજબ કાર્યવાહી ચાલુ છે.

**શ્રી કિશોરભાઈ રામજીભાઈ વાઘેલાએ નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતીઃ**

**પ્રશ્નઃ ૩૦** યુનિવર્સિટી દ્વારા સંલગ્ન કોલેજ તથા સંસ્થાઓ પાસેથી વિદ્યાર્થીઓ દિઠ રૂા. ૧૦ સ્પોર્ટસ અને રૂા. ૧૦ કેમ્પસ ડેવલપ્મેન્ટના લેવાય છે. આ રકમ કઈ કોલેજોની બાકી છે અને આ હેતુ માટે આવેલી રકમ કેટલી છે અને આ હેતુ માટે કેટલા રૂપિયા વપરાયા અને હાલમાં કેટલી સિલક બાકી છે. જે અંગેનું વિગતવાર આવક જાવક ખાતું / માહિતી આપો.

**ઉત્તરઃ ૩૦** યુનિવર્સિટી દ્વારા સંલગ્ન કોલેજ તથા સંસ્થાઓ પાસેથી વિદ્યાર્થીઓ દિઠ રૂા. ૧૦ સ્પોર્ટસ અને રૂા. ૧૦ કેમ્પસ ડેવલપ્મેન્ટના લેવાય છે. તેનું આવક જાવક ખાતુ અને જે કોલેજોની ફીની રકમ બાકી છે તેની વિગતવાર માહિતી **પરિશિષ્ટ 'ખ'** તરીકે આ સાથે સામેલ છે.

**(પરિશિષ્ટઃ ખ )**

**શ્રીમતી સાધનાબેન અનિલકુમાર ભંડારીએ નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતીઃ**

**પ્રશ્નઃ ૩૧** કઈ ફેકલ્ટીમાં ચંદ્રકો અપાય છે ? કઈ ફેકલ્ટીમાં એકથી વધારે ચંદ્રકો છે ? ચંદ્રકો આપનાર દાતાની યાદી શકય હોય તો આપવી ? કઈ ફેકલ્ટીમાં ચંદ્રકો નથી આપવામાં આવતા ? દાતા પાસે ચંદ્રક પેટે કેટલા રૂપિયા મેળવાય છે ? કોન્વોકેશનમાં ચંદ્રક દાતાઓને આમંત્રણ અપાય છે ?

**ઉત્તરઃ ૩૧**

– વિનયન, વિજ્ઞાન, વાણિજય, શિક્ષણ, કાનૂન, ઈજનેરી, તબીબી, રૂરલ સ્ટડીઝ, મેનેજમેન્ટ ફેકલ્ટીઓમાં ચંદ્રકો આપવામાં આવ્યા છે.
– વિનયન, વિજ્ઞાન, વાણિજય, શિક્ષણ, કાનૂન, ઈજનેરી, તબીબી તેમજ રૂરલ સ્ટડીઝમાં એક થી વધારે ચંદ્રકો અપાય છે.
– દાતાની યાદી આ સાથે સામેલ છે.
– યુનિવર્સિટીની તમામ ફેકલ્ટીમાં ચંદ્રકો આપવામાં આવે છે.
– દાતા પાસે હાલમાં ચંદ્રક પેટે રૂા.૭૫,૦૦૦/– તથા પ્રાઈઝ માટે રૂા.૩૦,૦૦૦/– મેળવાય છે.
– હાજી.

**શ્રી કૃષ્ણલાલ બાવજીભાઈ પટેલે નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતીઃ**

**પ્રશ્નઃ ૩૨** (A) વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત દ્વારા અપાતી જુદી જુદી પદવી માટેનો સ્ટેટયૂટ ૨૨૯ નો જુનો અને તાજેતરમાં યોજાયેલ પદવીદાન સમારંભમાં તે હેઠળ અપાયેલ પદવીઓ માટેનો નવો સ્ટેટયૂટનો પાઠ આપવા વિનંતી છે.

(B)
(i) નવો સ્ટેટયૂટ–૨૨૯ યુનિવર્સિટી સેનેટની કઈ સભામાં કયા ઠરાવથી મંજૂર કરવામાં આવ્યો છે ?
(ii) આ મંજૂર થયેલ સ્ટેટયૂટઃ ૨૨૯ યુનિવર્સિટીના કુલાધિપતિશ્રીની એસેન્ટ (ASSENT–મંજૂરી) માટે યુનિવર્સિટીએ કયારે મોકલ્યો ?
(iii) યુનિવર્સિટીના મહામહિમ્ કુલાધિપતિશ્રીએ તે સ્ટેટયૂટને કયારે માન્યતા (એસેન્ટ) આપી મંજૂરી કરી મોકલવામાં આવ્યો ?
(iv) યુનિવર્સિટીના કુલાધિપતિશ્રી "સેનેટની મંજૂરીની અપેક્ષાએ" સ્ટેટયૂટને મંજૂરી વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતની કયા એકટની કલમ અને સ્ટેટયૂટ હેઠળ મંજૂરી આપી શકે છે ? અને તેઓશ્રીને આ સત્તા "Conferred" થયેલ છે ?
(v) યુનિવર્સિટીના કુલાધિપતિશ્રીને આ રીતે મંજૂરી આપવા કોઈ વિશિષ્ટ સત્તા કે ઈમરજન્સી પાવર માટે યુનિવર્સિટીના એકટ કે સ્ટેટયૂટમાં કોઈ જોગવાઈ છે ?
(vi) આ રીતે મંજૂર થયેલ નવા સ્ટેટયૂટ મુજબ અપાયેલ વિવિધ ડિગ્રીઓની કાયદેસરતા કેટલી?
(vii) યુનિવર્સિટી ધારાની કલમઃ ૨૯, ૩૦ હેઠળ, સ્ટેટયૂટઃ ૨૨૯ માટેની કાર્યવાહી કરવામાં આવી છે ?

**ઉત્તર:** ૩૨ (A) સ્ટેટ્યૂટ– ૨૨૯ નવો અને જુનો સામેલ છે.

(B) (i) સ્ટેટ્યૂટ – ૨૨૯ કુલપતિશ્રીએ ૧૧/૪ માં પસાર કર્યો છે.

(ii) તા. ૨૭–૧–૨૦૦૬, પત્રાંક: **Gen VC/ 1205.**

(iii) તા. ૧૪–૨–૨૦૦૬, પત્રાંક: **GS/ 114/ 1498/ 2006** રાજ્યપાલશ્રીએ મોકલ્યું.

(iv), (v), (vi), (vii) સ્ટેટ્યૂટ ૩૬(૨) (i) બી અને સી મુજબ પ્રશ્નનો ઉત્તર આપવાનો રહેતો નથી.

**શ્રી લક્ષ્મણભાઈ બાલુભાઈ પટેલે નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતી:**

**પ્રશ્ન:** ૩૩ નવસારી સંચાલિત મહિલા આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, નવસારી સંસ્થામાં આચાર્યની જગ્યા માટેના ઈન્ટરવ્યુમાં કુલપતિના પ્રતિનિધિઓ કોણ હતા ? કોલેજે પસંદગી પ્રમાણેના ઉમેદવાર માટે યુનિવર્સિટીની મંજૂરી માંગી છે ? કઈ તારીખે માંગી છે ? મંજૂરી આપી છે ? જો ના તો કયા કારણે ? કુલપતિના પ્રતિનિધિએ હેવાલ આપ્યો છે ? કઈ તારીખે આપ્યો ?

**ઉત્તર:** ૩૩
- કુલપતિશ્રીના પ્રતિનિધિ તરીકે શ્રી હેમંતભાઈ જે. ટોપીવાલા અને આ.ડો. અશોક દેસાઈ.
- યુનિવર્સિટીની મંજૂરી માંગેલ છે.
- તા. ૨૬–૧૨–૨૦૦૫
- કુલપતિશ્રીના પ્રતિનિધિના રિપોર્ટ હાલમાં મૂકવામાં આવેલ હોવાથી મંજૂરી માટેની કાર્યવાહી ચાલી રહી છે.
- કુલપતિશ્રીના પ્રતિનિધિએ અહેવાલ આપ્યો છે.
- શ્રી હેમંતભાઈ ટોપીવાલા તરફથી તા. ૧૪–૩–૨૦૦૬ના રોજ આપ્યો.

**શ્રી કિશોરભાઈ રામજીભાઈ વાઘેલાએ નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતી:**

**પ્રશ્ન:** ૩૪ સવિનય સહ જણાવવાનું કે, આગામી મારા પત્રના અનુસંધાનમાં યુનિવર્સિટીના સી.એ.ઓ. સાહેબના ઓફિસ દ્વારા જે માહિતીઓ અપાય છે તે વિગતમાં ચેક અંગેની વિગતો આપવામાં આવી નથી.

માટે આપશ્રીને નિવેદન છે કે, યુનિવર્સિટી દ્વારા કોના નામના કઈ બેંકના ચેકો અપાયા છે તેની વિગતો આપી આભારી કરશોજી.

**ઉત્તર:** ૩૪ સ્ટેટ્યૂટ ૩૬(૨)(i)(d) હેઠળ પ્રસ્તુત પ્રશ્નનો ઉત્તર આપી શકાય નહી.

**શ્રીમતી સાધનાબેન અનિલકુમાર ભંડારીએ નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતી:**

**પ્રશ્ન:** ૩૫ યુનિવર્સિટીના વિવિધ ભવન તથા હોસ્ટેલના નામકરણ અંગે યુનિવર્સિટી કંઈ વિચારે છે ?

**ઉત્તર:** ૩૫ અત્યાર સુધી આ બાબતે કોઈ નિર્ણય થયો નથી.

**શ્રી કૃષ્ણલાલ બાવજીભાઈ પટેલે નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતીઃ**

**પ્રશ્નઃ** ૩૬ (૧) વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના મુખ્ય હિસાબી અધિકારીશ્રી, યુનિવર્સિટીના રજીસ્ટ્રારશ્રીના સમકક્ષ પે સ્કેલ વગેરે કેડર કે જૂથમાં ગણાય છે ?

(૨) જવાબ જો ' હા ' હોય તો યુ.જી.સી. પ્રમાણે આ જૂથના કેડરના નિમણૂંક માટેના લાયકાતના ધોરણો આપવા વિનંતી.

(૩) આપણી યુનિવર્સિટીના હાલ એડહોક ધોરણે નિયુકિત પામેલ મુખ્ય હિસાબી અધિકારીશ્રીના હાલના લાયકાતના ધોરણો આપશો.

(૪) ગુજરાતની વડી અદાલતે મુખ્ય હિસાબી અધિકારીની જગ્યા પર અગાઉના **CAO** શ્રી પોપટના કેસમાં એ જગા પર " એડહોક નિમણૂંક" કરવા હોઈ વચગાળાનો હુકમ કરેલ છે ?

(૫) જો હુકમ કરેલ હોય તો તે હુકમનો પાઠ આપવા વિનંતી.

(૬) હાલના મુખ્ય હિસાબી અધિકારીશ્રીની જગા પર કાર્યરત અધિકારીની નિમણૂંક તે હાઈકોર્ટના હુકમ મુજબ એડહોક નિમણૂંક કરવામાં આવી છે ?

(૭) હાલના મુખ્ય હિસાબી અધિકારીશ્રીની નિમણૂંક માટે રચાયેલ પસંદગી સમિતિ યુ.જી.સી.ના નોટિફિકેશન મુજબની હતી ?

(૮) જવાબ જો 'ના' હોય તો યુનિવર્સિટીના અગાઉના ઠરાવ અનુસાર આખી સિન્ડિકેટ પસંદગી સમિતિમાં હતી ?

(૯) જો 'ના' હોય તો સ્ટાફ સ્ટેન્ડિંગ હતી ? એ પસંદગી સમિતિના સભ્યોના નામો આપવા વિનંતી.

**ઉત્તરઃ** ૩૬ (૧) નાજી.

(૨) ઉપર ૧ના સંદર્ભમાં જવાબ આપવાનો રહેતો નથી.

(૩) મુખ્ય હિસાબી અધિકારીશ્રી આર.એચ. રાજપૂત એમ.કોમ., એલએલ.બી.ની શૈક્ષણિક લાયકાત ધરાવે છે.

(૪) હાજી.

(૫) પ્રસ્તુત ઉત્તર સભા સમયે ટેબલ ઉપર જોવા મળશે.

(૬) હાજી.

(૭) નાજી, મુખ્ય હિસાબી અધિકારી માટે યુ.જી.સી. નોટીફીકેશનમાં કોઈ ઉલ્લેખ નથી.

(૮) નાજી.

(૯) હાજી.

(૧) કુલપતિશ્રી પ્રેમકુમાર શારદા, (૨) શ્રી હેમંતભાઈ ટોપીવાલા, (૩) શ્રી નૈષધભાઈ દેસાઈ, (૪) ડો. પી.કે. હીરાધર, (૫) શ્રી જયેશભાઈ દેશકર, (૬) શ્રી વિપુલ જે. સોમાણી, (૭) આ. શ્રી બી.એન. જોષી, (૮) ડો. આર.ડી. પટેલ, (૯) શ્રી એન.જે. સુરતી, (૧૦) શ્રી રૂપીન પચ્ચીગર, (૧૧) ઈ.ચા. કુલસચિવશ્રી કે. એમ. પંડયા

**શ્રી લક્ષ્મણભાઈ બાલુભાઈ પટેલે નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતી:**

**પ્રશ્નઃ** ૩૭ સંસ્થાના જોડાણ મંજૂર કરવાની સૂચનાઓ દર્શાવતા શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંકઃ યજન/૧૦૨૦૦૧/૨૮/ખ–૧ તા. ૨૧–૧–૦૧નું યુનિવર્સિટી પાલન કરે છે?
જો હા તો ૧૦ વર્ષ ઉપરાંત જૂની કોલેજોને શા માટે જોડાણ મળ્યા નથી?
જો ના તો શા માટે નહી?

**ઉત્તરઃ** ૩૭ હાજી, સામાન્ય સંજોગોમાં કોલેજ કાયમી જોડાણ માટે જોડાણઅરજી કરે, ત્યારબાદ સ્થાનિક તપાસસમિતિની નિમણૂંક કરવામાં આવે છે. સ્થાનિક તપાસસમિતિનો અહેવાલ એકેડેમિક કાઉન્સિલ તથા સિન્ડિકેટમાં વિચારણા કરી નિર્ણય કરે તે પ્રમાણે કાર્યવાહી કરવામાં આવે છે.

**શ્રી કિશોરભાઈ રામજીભાઈ વાઘેલાએ નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતી:**

**પ્રશ્નઃ** ૩૮ ગત વર્ષ ૨૦૦૪–૨૦૦૫માં નવા કયા કયા કોર્ષ શરૂ કરવામાં આવેલ છે અને તે કોર્ષની ફી માળખું વિગતે આપો. ગત ૨૦૦૪–૨૦૦૫માં નવી કેટલી કોલેજોના એફીલીએશન આપવામાં આવ્યા અને કેટલી ચાલુ કોલેજોના એફીલીએશન કેન્સલ કરવામાં આવ્યા તેની વિગતે માહિતી આપો.

**ઉત્તરઃ** ૩૮ ગત વર્ષ ૨૦૦૪–૦૫ માં નવા કોર્ષ નીચે જણાવ્યા મુજબ શરૂ કરવામાં આવ્યા હતા અને તે કોર્ષની ફી માળખું નીચે મુજબ જણાવેલ છે.

| | | |
|---|---|---|
| (1) | M.B.A. (Tourism & Hospitality Management) | Yearly Fee Rs. 38,000 |
| (2) | M.Sc. Industrial Chemistry | Yearly Fee Rs. 25,000 |
| (3) | M.Sc. (Tech.) Instrumentation | Yearly Fee Rs. 11,000 |
| (4) | Post Graduate Diploma Course in Public Systems Management (PGDSM) | Yearly Fee Rs. 9340 |

નવી ૧૦ (દસ) સ્વનિર્ભર કોલેજોને અને ૩ (ત્રણ) સરકારી કોલેજોને એફીલીયેશન આપવામાં આવ્યાં અને કોઈ ચાલુ કોલેજોના એફીલીયેશન કેન્સલ કરવામાં આવ્યાં નથી.

**શ્રીમતી સાધનાબેન અનિલકુમાર ભંડારીએ નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતી:**

**પ્રશ્નઃ** ૩૯ જો ગર્લ્સરૂમ હોય તો તેની વિદ્યાર્થીનીઓને જાણ થાય તે માટે શું કર્યુ?

**ઉત્તરઃ** ૩૯ ગર્લ્સરૂમ નથી આથી પ્રશ્નનો ઉત્તર આપવાનો રહેતો નથી.

**શ્રી કૃષ્ણલાલ બાવજીભાઈ પટેલે નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતી:**

**પ્રશ્નઃ** ૪૦ (ક) હાલમાં મુખ્ય હિસાબી અધિકારી (એડહોક) તરીકે નિમાયેલી વ્યંકિત, આપણી યુનિવર્સિટીમાં નિમણૂંક પામી તે અગાઉ તરત જ કઈ સંસ્થામાં? કેટલાં પગારે? કયા પગારધોરણમાં નોકરી કરતી હતી?

(ખ) એઓશ્રી યુનિવર્સિટીમાં એડહોક મુખ્ય હિસાબી અધિકારીશ્રી તરીકે કઈ તારીખે નિમાયાં?

(ગ) જી.સી.એસ.આરના નોકરીની સામાન્ય શરતોના એડહોક નિમણૂંક માટેના સરકારી ઠરાવો અને પરિપત્રોને ધ્યાનમાં લેવામાં આવ્યાં હતાં?

(ઘ) યુનિવર્સિટીમાં મુખ્ય હિસાબી અધિકારી તરીકે નિમણૂંક પામેલ વ્યકિતને, ગુજરાતની વડી અદાલતના હુકમ મુજબ યુનિવર્સિટીના રજીસ્ટ્રારની જગા પરથી રીમુવ કરવા કે છુટા કરવા ફરજ પાડી હતી? કે એઓશ્રીએ રજીસ્ટ્રારની જગા પરથી સ્વૈચ્છિક નિવૃતિ કે રાજીનામું આપ્યું હતું?

(ચ) તેઓશ્રીને તેમની અરજીના સંદર્ભમાં સિન્ડિકેટ, રજીસ્ટ્રારની નોકરી પરથી સ્વૈચ્છિક નિવૃતિ લીધી છે એવી મંજૂરી આપી પેન્સન માટે ભલામણ કરી છે?

**ઉત્તરઃ ૪૦** (ક) ચીફ એકાઉન્ટસ ઓફિસર, એસ.પી. યુનિવર્સિટી, વિ.વિ. નગર.
રૂા. ૧૦૦૦૦–૩૨૫–૧૫૨૦૦ના પગાર ધોરણમાં રૂા. ૧૧,૩૦૦/–

(ખ) ૧૯–૦૭–૨૦૦૪ થી

(ગ) નામદાર ગુજરાત હાઈકોર્ટના આદેશ મુજબ.

(ઘ) યુનિવર્સિટી દ્વારા જાહેરાતમાં ખામી રહી હોવાથી યુનિવર્સિટીની સંમતિથી તથા શ્રી આર.એચ. રાજપૂતની સંમતિથી સદર નિમણૂંક હાઈકોર્ટે રદ કરી હતી.

(ચ) નાજી, સિન્ડિકેટમાં રજૂ કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**શ્રી લક્ષ્મણભાઈ બાલુભાઈ પટેલે નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપીઃ**

**પ્રશ્નઃ ૪૧** યુનિવર્સિટીના એકટ, ઓર્ડિનન્સ અને સ્ટેટ્યુટની કઈ જોગવાઈ હેઠળ સંલગ્ન કોલેજો પાસેથી દંડ વસૂલ કરવામાં આવે છે ?

**ઉત્તરઃ ૪૧** હાલમાં સિન્ડિકેટનાં ઠરાવથી દંડ વસુલ કરવામાં આવે છે.

**શ્રી કિશોરભાઈ રામજીભાઈ વાઘેલાએ નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતીઃ**

**પ્રશ્નઃ ૪૨** છેલ્લા ત્રણ વર્ષ દરમ્યાન સ્ટુડન્ટ વેલફેર બોર્ડની કેટલી મીટીગો થઈ અને તેમા કેટલા કાર્યક્રમો નકકી થયા અને તેનો ખર્ચ કેટલો અને કયા વિભાગમાંથી આપવામાં આવ્યો તેની વિગતો આપો.

**ઉત્તરઃ ૪૨** છેલ્લા ત્રણ વર્ષ દરમ્યાન સ્ટુડન્ટ વેલફેર બોર્ડની ત્રણ મિટીગ થઈ હતી તેમાં યુવક મહોત્સવ તથા વિવિધ શિબિરના કાર્યક્રમો નકકી થયા જેના થયેલા કાર્યક્રમોનો ખર્ચ રાજય સરકારની ગ્રાન્ટમાંથી વાર્ષિક બજેટના હેડ મુજબ કરવામાં આવ્યા હતાં.

**શ્રી કૃષ્ણલાલ બાવજીભાઈ પટેલે નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતીઃ**

**પ્રશ્નઃ ૪૩** (ક) આપણી યુનિવર્સિટીના **CAO** ની એડહોક નિમણૂંક કેટલા સમય માટે કરવામાં આવી છે ?

(ખ) એ એડહોક નિમણૂંક કરવા રાજય સરકારની પૂર્વમંજૂરી મેળવવામાં આવી છે ?

(ગ) એડહોક એટલે તદ્દન હંગામી નિમણૂંક પામેલ **CAO** સરકાર / યુનિવર્સિટી દ્વારા જગાની ભરતી માટે નિયત કરવામાં આવેલ કાર્યરીતિ અને નિયમોનુસાર કરવામાં આવી છે ?

(ઘં) મુખ્ય હિસાબી અધિકારીની જગા પર યુનિવર્સિટી નિયત ભરતી અનુસાર વ્યકિતનો નિમણૂંક કરશે ત્યારે તેમની નિમણૂંક સમાપ્ત ગણાશે ? કે કેમ ? અને ફરી ભરતીના નિયમોનુસાર તે, જગા માટે પસંદ કરીને ફરીથી નિમણૂંક આપશે ?

(ચ) એડહોક નિમણૂંકો માટે રાજયસરકારના તા. ૧૪–૧૦–૦૩ના માર્ગદર્શક સિધ્ધાંતો અને સુચનાઓ મુખ્ય હિસાબી અધિકારીની બાબતમાં યુનિવર્સિટીએ ધ્યાનમાં લીધા હતાં ? અને તે મુજબ નોકરી આપી છે ?

**ઉત્તર: ૪૩** (ક) નામદાર ગુજરાત હાઈકોર્ટના ચૂકાદાને આધિન.

(ખ) નામદાર ગુજરાત હાઈકોર્ટના ચૂકાદાને આધિન નિમણૂંક કરવામાં આવી છે. તેથી રાજય સરકારશ્રીની મંજૂરીની જરૂર નથી.

(ગ) જાહેરાત આપી, અરજીઓ મંગાવી, સ્કુટીની કમિટિ દ્વારા ચકાસણી કરાવી, ઈન્ટરવ્યુ કોલ લટર મોકલી, સ્ટાફ સ્ટેન્ડીગ કમિટી દ્વારા પસંદગી કરી સિન્ડિકેટની મંજૂરી મેળવ્યા બાદ નિમણૂંક કરવામાં આવી.

(ઘ) નામદાર ગુજરાત હાઈકોર્ટના ચૂકાદાને આધિન નિમણૂંક થઈ હોય, ફાઈનલ જજમેન્ટ પછી તે અંગે નિર્ણય કરાશે.

(ચ) યુનિવર્સિટીએ તદ્દન એડહોક ધોરણે નિમણૂંક આપી છે.

**શ્રી લક્ષ્મણભાઈ બાલુભાઈ પટેલે નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતી:**

**પ્રશ્ન: ૪૪** (અ) આપણી યુનિ. ના બોર્ડ ઓફ એકાઉન્ટસ્‌નો કયા વર્ષનો અહેવાલ ગત તા.૨૮/૨૯–૩–૨૦૦૫ ના રોજની સેનેટ સમક્ષ મૂકવામાં આવ્યો હતો ?

(બ) આગામી તા. ૨૮/ ૨૯–૩–૨૦૦૬ના રોજની સેનેટની મિટીગમાં કયા વર્ષના બોર્ડ ઓફ એકા. ના અહેવાલને રજૂ કરવામાં આવનાર છે ?

**ઉત્તર: ૪૪** (અ) તા. ૨૮/૨૯–૩–૦૫ના સેનેટમાં બોર્ડ ઓફ એકાઉન્ટસનો ૧૯૯૯–૨૦૦૦નો અહેવાલ સેનેટ સમક્ષ મૂકવામાં આવ્યો હતો.

(બ) તા. ૨૮/૨૯–૩–૦૬ની સેનેટમાં બોર્ડ ઓફ એકાઉન્ટસના સને ૨૦૦૪–૦૫ના વર્ષનો અહેવાલ સેનેટ સમક્ષ રજૂ કરવામાં આવશે.

**શ્રી કિશોરભાઈ રામજીભાઈ વાઘેલાએ નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતી:**

**પ્રશ્ન: ૪૫** યુનિવર્સિટી ડીપાર્ટમેન્ટ સાથે કાર્યરત કેટલાક પ્રધ્યાપક દ્વારા અન્ય કોર્ષ અથવા ગર્વમેન્ટનો મોનેટરીગ વર્ક કરવામાં આવે છે તો આ વર્કની મંજૂરી યુનિવર્સિટીના કયા વિભાગ દ્વારા આપવામાં આવે છે અને આ વર્ક દરમ્યાન યુનિવર્સિટી અને ડીપાર્ટમેન્ટ દ્વારા મેળવેલા નાણાંની છેલ્લા પાંચ વર્ષની વિગતો આપો.

**ઉત્તર: ૪૫** પ્રશ્ન અસ્પષ્ટ હોઈ, ઉત્તર આપી શકાય નહી.

**શ્રી કૃષ્ણલાલ બાવજીભાઈ પટેલે નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતી:**

**પ્રશ્ન: ૪૬** (A) વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીમાં રજીસ્ટ્રાર, પરીક્ષા નિયામક વિગેરેની જગા પર કામ કરતી વ્યકિતઓ સામે " ઈન્ચાર્જ" લખવામાં આવે છે ?

(B) જવાબ જો ' હા ' હોય તો યુનિવર્સિટીના મુખ્ય હિસાબી અધિકારીની જગા સામે યુનિવર્સિટી ડાયરી તથા પત્રવ્યવહારો વિગેરેમાં એડહોક કેમ લખવામાં આવતું નથી ?

(C) આ બાબત છૂપાવવાથી પ્રજામાં ગેરસમજ ઉભી થતી નથી ?

(D) એડહોક મુખ્ય અધિકારીશ્રીને યુનિવર્સિટી પ્રોફેસર કવાર્ટસમાં રહેવાની સગવડ આપવા બદલ તેમની પાસેથી દર મહિને કેટલું ઘરભાડું, વિજળી અને પાણી ખર્ચ વસૂલ કરવામાં આવે છે ?

(E) તેમને ઘરભાડું માસિક યુનિવર્સિટી પગારમાં ચૂકવે છે ?

**ઉત્તરઃ ૪૬** (A) હાજી,

(B) માનવીય ક્ષતિ હોય શકે,

(C) આ બાબત છુપાવી નથી.

(D) નિયમોનુસાર

(E) નાજી.

**શ્રી લક્ષ્મણભાઈ બાલુભાઈ પટેલે નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતીઃ**

**પ્રશ્નઃ ૪૭** (ક) વર્ષ ૨૦૦૨ – ૨૦૦૩ના બોર્ડ ઓફ એકા.નો અહેવાલ બોર્ડના ચેરમેનશ્રી દ્વારા જમા કરાવવામાં આવ્યો હતો ?

(ખ) જો જમા કરાવવામાં આવ્યો હોય તો વર્ષ ૨૦૦૪ની વાર્ષિક સાધારણ સભામાં કયા કારણથી રજૂ કરવામાં આવ્યો ન હતો ?

**ઉત્તરઃ ૪૭** (ક) હા

(ખ) કુલપતિશ્રી દ્વારા સમીક્ષા કરવા માટે કમિટિ બનાવવામાં આવી હોવાથી રજૂ થયો ન હતો.

**શ્રી કિશોરભાઈ રામજીભાઈ વાઘેલાએ નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતીઃ**

**પ્રશ્નઃ ૪૮** યુનિવર્સિટીના વિવિધ વિભાગો દ્વારા ચલાવવામાં આવતા સેલ્ફ ફાયનાન્સ કોર્ષના પ્રધ્યાપકોની નિમણૂંક કેટલી થઈ અને કેટલી બાકી તેની વિગતો આપો અને તેઓને નિયમ મુજબ મળતા કેટલા લાભો અપાયા છે તેની ડીપાર્ટમેન્ટ વાઈઝ વિગતો આપો.

**ઉત્તરઃ ૪૮** યુનિવર્સિટીના વિવિધ વિભાગો દ્વારા ચલાવવામાં આવતા સેલ્ફ ફાયનાન્સ કોર્ષમાં વ્યાખ્યાતા તરીકે નીચે મુજબ કરાર આધારિત નિમણૂંક કરેલ છે. જેઓને પ્રતિમાસ ૧ સી.એલ. રજાનો લાભ આપવામાં આવે છે.

| | | | |
|---|---|---|---|
| (૧) | શ્રીમતી સ્મૃતિ બલસારી | એમ.બી.એ. | Contract પર Contractની શરતો મુજબ લાભો |
| (૨) | કુ. હેમલતા અગ્રવાલ | " | |
| (૩) | કુ. રીતિકા સિંહા | " | |
| (૪) | કુ. નમ્રતા ખત્રી | " | |
| (૫) | શ્રી ડી.જી. પાંડે | એમ.એસસી. (આઈ.ટી.) | કાયમી – (તમામ લાભો નિયમોનુસાર) |
| (૬) | શ્રી પુષ્પલ વાય. દેસાઈ | " | |
| (૭) | અદિતી ભૂતાની | " | |
| (૮) | શ્રી હેમલ પટેલ | " | **Contract પર Contractની શરતો મુજબ લાભો** |
| (૯) | શ્રી નિકુંજ પટેલ | " | |
| (૧૦) | કુ. કિંજન ચોહાણ | " | |
| (૧૧) | શ્રી નિશાંત આઈ. પટેલ | કોમ્પ્યુટર સાયન્સ | કાયમી |

ઉપરાંત યુનિવર્સિટી કેમ્પસમાં વિવિધ અભ્યાસક્રમોમાં સ્વનિર્ભરનાં ધોરણે ૬૩ શૈક્ષણિક જગ્યાઓ ઉભી કરવામાં આવી છે. તેઓની અરજીઓ મંગાવતી જાહેરાત અપાઈ ગઈ છે, તા.૧૪/૪નાં રોજથી તેમની પસંદગી પ્રક્રિયા હાથ ધરાશે. તથા તેઓને નિમણૂંક આપ્યાં પછી નિયમોનુસાર તમામ લાભો અપાશે.

**શ્રી કૃષ્ણલાલ બાવજીભાઈ પટેલે નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતીઃ**

**પ્રશ્નઃ ૪૯** (૧) યુનિવર્સિટીમાં નાયબ કુલસચિવશ્રી તરીકે અગાઉ ફરજ બજાવતાં શ્રી સી.પી. પટેલ કઈ તારીખે રાજીનામું આપી યુનિવર્સિટીમાંથી છૂટાં થયાં ?

(૨) તેઓશ્રી હાલમાં યુનિવર્સિટીના પ્રોફેસર કવાર્ટરમાં જ રહે છે તેમની પ્રાસેથી કયા દરે ઘરભાડું, વિજળી અને પાણીખર્ચ દરમહિને યુનિવર્સિટી દ્વારા વસૂલ કરવામાં આવે છે ?

(૩) નિયમાનુસાર યુનિવર્સિટી નોકરીમાંથી છૂટા થયાં બાદ કેટલો સમય યુનિવર્સિટી કવાર્ટસમાં રહી શકાય ?

(૪) શ્રી સી.પી. પટેલને કવાર્ટર્સ ખાલી કરાવવા યુનિવર્સિટી તરફથી કોઈ નોટિશ કે પત્ર લખ્યો હોય તો તેની નકલ આપવા વિનંતી.

**ઉત્તરઃ ૪૯** (૧) યુનિવર્સિટીમાં નાયબ કુલસચિવશ્રી તરીકે અગાઉ ફરજ બજાવતાં શ્રી સી.પી. પટેલ તા. ૧૧–૮–૨૦૦૫ રાજીનામું આપી યુનિવર્સિટીમાંથી છૂટાં થયાં.

(૨) યુનિવર્સિટી નિયમોનુસાર.

(૩) ૧ મહિના.

(૪) પત્ર લખવામાં આવ્યો નથી.

**શ્રી લક્ષ્મણભાઈ બાલુભાઈ પટેલે નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતીઃ**

**પ્રશ્નઃ ૫૦** (અ) વર્ષ ૨૦૦૩–૨૦૦૪ના બોર્ડ ઓફ એકાઉન્ટસ્ કે જેમણે વર્ષ ૨૦૦૨–૨૦૦૩ના હિસાબો તપાસવાના હોય છે તે વર્ષનો ચકાસણી અહેવાલ યુનિ. કાર્યાલય ને તા. ૪–૨–૦૪ના રોજ જમા કરાવવામાં આવ્યો હતો. એ વાત સાચી ?

(બ) એ વર્ષ ૨૦૦૨–૨૦૦૩ના બોર્ડ ઓફ એકા. ના અહેવાલ ઉપર યુનિ. ના તત્કાલીન કુલપતિશ્રીએ કે સિન્ડિકેટે સમીક્ષા કરવા માટે કોઈ અલગ કમિટી બનાવી હતી ?

(ક) જવાબ જો 'હા' હોય તો એ કમિટીમાં સમીક્ષા કરનાર કમિટીમાં કયા–કયા સભ્ય મહાનુભાવશ્રીઓને સ્થાન આપવામાં આવ્યું હતુ ?

(ડ) એ સમીક્ષા કરનાર કમિટીની પ્રથમ બેઠક કઈ તારીખે બોલાવવામાં આવી ?

(ઈ) એ સમીક્ષા કમિટીમાં કયો નિર્ણય લેવામાં આવ્યો ?

(ઉ) યુનિવર્સિટીના સ્ટેટ્યુટરી બોર્ડ ઓફ એકાઉન્ટ્સના અહેવાલની સમીક્ષા થઈ શકે ખરી ?

(ઊ) ભૂતકાળમાં આવી સ્ટેટ્યુટરી બોર્ડના અહેવાલ ઉપર સમીક્ષા કરવામાં આવી હતી ?

**ઉત્તરઃ ૫૦** (અ) હાજી.

(બ) હાજી.

(ક) (૧) ડો. પી.કે. હીરાધર, (૨) કુલસચિવશ્રી, (૩) પરીક્ષાનિયામકશ્રી, (૪) શ્રી જયેશભાઈ દેશકર, (૫) ડો. એ.એસ. અબાની, (૬) ડો. વિનોદભાઈ બી. પટેલ

(ડ) તા. ૧૧–૩–૨૦૦૫

(ઈ) નિર્ણય થયો નથી.

(ઉ) મા. કુલપતિશ્રીનો નિર્ણય હતો.

(ઊ) નાજી.

**શ્રી કિશોરભાઈ રામજીભાઈ વાઘેલાએ નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતી:**

**પ્રશ્ન: ૫૧** શૈક્ષણિક વર્ષઃ ૨૦૦૫ના બીજા સત્રમાં યુનિવર્સિટી દ્વારા પરિપત્ર કરવામાં આવેલ કે, કોઈ કોલેજોએ કોઈ પણ વિદ્યાર્થીને ટ્રાન્સફર આપવા નહી પરંતુ ત્યારબાદ બીજા પરિપત્ર દ્વારા ટ્રાન્સફરની નીતિ સૂચવવામાં આવી હતી તો કેટલી કોલેજોમાં વિદ્યાર્થીઓને ટ્રાન્સફર આપવામાં આવ્યું છે ? તેની વિગતો આપો અને એન.ઓ.સી. ન આપ્યુ હોય તો ટ્રાન્સફર મળી શકે ખરૂ ?

**ઉત્તર: ૫૧** શૈક્ષણિક વર્ષ ૨૦૦૫નાં બીજા સત્રમાં કોઈ પણ કોલેજોએ કોઈપણ વિદ્યાર્થીને ટ્રાન્સફર આપવા નહી, આ મતલબનો કોઈ પરિપત્ર થયો નથી. (માત્ર કેન્દ્રીય પ્રવેશ સમિતિઓ દ્વારા જે અભ્યાસક્રમોમાં પ્રવેશ અપાયા હતાં તેનાં માટે પરિપત્ર કરવામાં આવ્યો હતો.) આ પ્રકારનો પરિપત્ર ન થયો હોવાથી આગળની માહિતી આપી શકાય તેમ નથી ?

વધુમાં **NOC** ન આપ્યું હોય તો ટ્રાન્સફર મળી શકે નહી.

**શ્રી કૃષ્ણલાલ બાવજીભાઈ પટેલે નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતી:**

**પ્રશ્ન: ૫૨** (અ) આપણી યુનિવર્સિટીના એન્જિનીયર અને નાયબ કુલસચિવશ્રીઓના " પે સ્કેલ" ની વિગત આપવા વિનંતી છે.

(બ) એઓશ્રી પાસેથી યુનિવર્સિટી પ્રોફેસર્સ કવાર્ટર્સમાં રહેવા બદલ દર મહિને કેટલું ઘરભાડું, પાણી–વિજળી બિલની વસૂલાત કરવામાં આવે છે ?

**ઉત્તર: ૫૨** (અ) યુનિવર્સિટી એન્જિનીયરનું પગાર ધોરણ – રૂા. ૮૦૦૦–૨૭૫–૧૩૫૦૦

નાયબ કુલસચિવશ્રીનું પગાર ધોરણ – રૂા. ૧૦૦૦૦–૩૨૫–૧૫૨૦૦

(બ) નિયમોનુસાર.

**શ્રી લક્ષ્મણભાઈ બાલુભાઈ પટેલે નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતી:**

**પ્રશ્ન: ૫૩** (અ) શ્રી જયેન્દ્રપુરી આર્ટસ એન્ડ સાયન્સ કોલેજમાં ઈન્ચાર્જ આચાર્ય તરીકે સીનીયર સ્ટાફના હોવા છતા A.C. અને Syndicate ના ઠરાવના નિયમને ઉલ્લંઘીને શ્રી નીતીનભાઈ એમ. પટેલને બનાવ્યા છે તો આમ શા માટે બન્યુ ?

(બ) યુનિવર્સિટીએ આ રીતે પૂર્વ મંજૂરી વગર તેઓને ઈન્ચાર્જ આચાર્ય તરીકે બનાવ્યા તો તે અટકાવવા શું પગલાં લીધા ?

(ક) યુનિવર્સિટીએ તેઓની નિમણૂંક ને મંજુરી આપી ? જો મંજુરી આપી હોય તો કયા કારણે આપી છે ?

(ડ) તેઓને ઈન્ચાર્જ આચાર્ય તરીકે બનાવ્યા છે તે માટે તેમનાથી કોઈ સીનીયર સ્ટાફે યુનિવર્સિટીને ફરિયાદ કરી છે ? કોણે કરી છે ? તેઓની ફરિયાદની અનુસંધાનમાં યુનિવર્સિટી એ તેઓને શું જવાબ આપ્યો ?

(ઈ) આ ઈન્ચાર્જ આચાર્ય તરીકે નિમણૂંક પામેલા ડો. એન. એમ. પટેલ જયારે B.Sc.માં ભણતાં હતા ત્યારે પી.ટી. સાર્વજનિક કોલેજના કેન્દ્ર પરથી પરિક્ષામાં ગેરરીતી કરતા પકડાયા હતા ? અને તેઓને આચાર સમિતિએ સજા કરી હતી ? શી સજા કરી હતી ?

**ઉત્તરઃ ૫૩** (અ) મેનેજમેન્ટનો આ બાબતનો નિર્ણય કર્યો છે.

(બ) તેઓએ મંજૂરી તા. ૯/૧૨/૦૫નાં રોજ લીધી છે.

(ક) સિન્ડિકેટનાં ઠરાવ પ્રમાણે સીનીયર મોસ્ટ સભ્ય નહી પરંતુ સીનીયર સભ્યોમાંથી કોઈપણ સભ્યની મેનેજમેન્ટ નિમણૂંક કરી શકે છે.

(ડ) પ્રા. એમ.બી. પટેલ ફરીયાદ કરી છે. તેના અનુસંધાનમાં યુનિવર્સિટીએ તેમને જણાવ્યું કે અન્ય જે કોઈ પ્રશ્ન હોય તો તેની ચર્ચા આપની કોલેજના મેનેજમેન્ટ સાથે કરવા જણાવેલ છે.

(ઈ) ઉપરોકત પ્રશ્ન સ્પષ્ટ ન હોય જવાબ આપી શકાય તેમ નથી.

**શ્રી કૃષ્ણલાલ બાવજીભાઈ પટેલે નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતીઃ**

**પ્રશ્નઃ ૫૪** વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીમાં પ્રો. વાઈસ ચાન્સેલરની નિમણૂંકની શરતો, પગાર સ્કેલ, પગાર ભથ્થાં, આપવામાં આવતી ખાસ સગવડો (પર્કસ) બાબતે રાજય સરકારનો છેલ્લામાં છેલ્લો જી.આર. / નોટીફિકેશન / પત્ર અને તે બાબતનો યુનિવર્સિટી એકટ / સ્ટેટયૂટનો પાઠ આપવા વિનંતી.

**ઉત્તરઃ ૫૪**

| **શિક્ષણ વિભાગના જી.આર.** | |
|---|---|
| $2^{nd}$ Sept. 1989 No. 54-54. 29- UJG-1082- 4015- 88- 44: મુજબ (1-1-86 થી) | Revision of Pay Scale: No. MIJ-1197-2283 (2) (9-98) KH Dt: 9/2/99. |
| Rs. 2250/- to Rs. 7300/- | Rs.18400-500-22400/- |
| + D.A. & Other allowances as admissible to University employees. | |
| Provided furnished residence suitable to his status & Telephone facilities (Free of rent and taxes) | |
| University Act- 12 | |

**(નોંધઃ જી.આર. તથા એકટ સભા સમયે ટેબલ પર રજૂ કરવામાં આવી હતી.)**

**શ્રી લક્ષ્મણભાઈ બાલુભાઈ પટેલે નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતીઃ**

**પ્રશ્નઃ ૫૫** (ક) વર્ષ ૨૦૦૪–૨૦૦૫ના બોર્ડ ઓફ એકા. કે જેણે વર્ષ ૨૦૦૩–૨૦૦૪ના હિસાબો તપાસવાની કામગીરી કરવાની હોય તો તે વર્ષ ૨૦૦૪–૨૦૦૫ના બોર્ડના ચેરમેન કોણ હતાં?

(ખ) એ હિસાબો તપાસવાની કામગીરી દરમ્યાન એટલે કે બોર્ડ અસ્તિત્વમાં આવ્યું ત્યારથી એ બોર્ડની મુદતપુરી થઈ ત્યાં સુધીના સમય દરમ્યાન બોર્ડના ચેરમેનશ્રી દ્વારા શરૂઆતથી તે અંત સુધી યુનિ. ના તત્કાલીન ઈન્ચાર્જ કુલસચિવશ્રી, કુલપતિશ્રી, ઇન્ચાર્જ કુલપતિશ્રી, તથા યુનિ. ના વહીવટી કર્તા એવા ઉચ્ચ અધિકાર મંડળને જે પત્રો લખવામાં આવ્યાં હતાં તે દરેક પત્રો બિડાણ સહિત આપશો.

(ગ) એ બોર્ડ ઓફ એકા. ની મિટીગો કયારે કયારે મળી?

(ઘ) એ બોર્ડના સભ્યો માટે હિસાબ ચકાસણી માટેની બેઠક વ્યવસ્થા નીચે જણાવ્યા મુજબ કયાં કરી આપવામાં આવી હતી. (૧) કમિટી રૂમમાં, (૨) સિન્ડિકેટની કમિટી રૂમમાં (૩) ઓડિટ રૂમમાં (૪) હિસાબી વિભાગના કર્મચારીઓના રૂમમાં કે (૫) હિસાબી વિભાગના રેક, પોટલાંઓ, જુના રેર્કોડો રાખવામાં આવતાં રેર્કોડ રૂમમાં?

(ચ) એ વર્ષ નો અહેવાલ યુની. દફતરે જમા કરવામાં આવ્યો હતો?
જવાબ જો 'હા' હોયતો કયારે?
જવાબ જો 'ના' હોયતો કયા કારણોસર અહેવાલ યુનિ. કાર્યાલય પર જમા કરાવવામાં આવ્યો નથી?

**ઉત્તરઃ ૫૫** (ક) ૨૦૦૪–૨૦૦૫ના બોર્ડના ચેરમેન શ્રી કે.બી. પટેલ હતા.

(ખ) સભા સમયે ટેબલ પરથી રજૂ કરવામાં આવશે, જે જોઈ શકાશે.

(ગ) (૧) તા. ૨૮–૭–૨૦૦૪

(૨) તા. ૧૪–૧૨–૨૦૦૪

(ઘ) રૂમ નં.: ૧૦૯ ઓડિટ રૂમમાં

(ચ) ચેરમેનશ્રી તરફથી ઓડિટ અહેવાલ રજૂ કરવામાં આવ્યો નથી.

**શ્રી કૃષ્ણલાલ બાવજીભાઈ પટેલે નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતીઃ**

**પ્રશ્નઃ ૫૬** (ક) વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીએ યુનિવર્સિટી ધારાની કલમ ૨૩ હેઠળ, સ્ટેટ્યૂટ ૧૦૬ અંતર્ગત **1 (A)** પરફોમીગ આર્ટસની ફેકલ્ટીની રચના કરેલ છે. જેના સંદર્ભમાં પ્રસ્તુત ફેકલ્ટીના ડીન કોણ છે ?

(ખ) પ્રસ્તુત ફેકલ્ટી હેઠળ વિદ્યાશાખાના સભ્યોની યાદી બનાવી છે ?

(ગ) પ્રસ્તુત ફેકલ્ટી હેઠળ નોંધાયેલ સ્નાતકો અને શિક્ષકોની મતદારયાદી બનાવી છે ?

(ઘ) યુનિવર્સિટી એકેડેમિક કાઉન્સિલમાં આ નવરચિત ફેકલ્ટીના ડીન અને ડીન સિવાયના સભ્યના નામો આપવા વિનંતી છે.

(ચ) પ્રસ્તુત નવરચિત ફેકલ્ટી હેઠળ કયા કયા અભ્યાસક્રમો શરૂ કરવામાં આવ્યા છે ? કઈ કક્ષાના ?

(છ) પ્રસ્તુત ફેકલ્ટી કયા વર્ષથી અસ્તિત્વમાં આવી છે ?

(જ) યુનિવર્સિટીના સ્ટેટ્યૂટ ૧૨૦ **1(A)** હેઠળ બોર્ડ ઓફ સ્ટડીઝની રચના કરવામાં આવી છે ? જવાબ જો 'હા' હોય તો સભ્યોના નામોની યાદી આપવા વિનંતી છે.

(ઝ) આજ દિન સુધીમાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીમાં કઈ કઈ ફેકલ્ટીઓ અને કેટલી ફેકલ્ટીઓની રચના કરી અસ્તિત્વમાં છે ?

(ટ) આ નવી બનાવેલ ફેકલ્ટી હેઠળ યુનિવર્સિટીના સ્ટેટ્યૂટ – ૨૨૯ અન્વયે કઈ કઈ ડિગ્રી અને ડિપ્લોમા આપવાની જોગવાઈ કરવામાં આવી છે ?

(ઠ) વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૨૩ **(1)** ૨૩ (૨) અને ૨૩ (૩) તથા ધારાની કલમ ૨૫ **(1)** થી ૨૫ (૩) નું જુદી જુદી ફેકલ્ટીની રચના તેના કાર્યો, ડીન અને અધરધેન ડીનની નિમણૂંક, ડીનના કાર્યો, ફરજો, સત્તા વિગેરેનું પાલન કરે છે ?

**ઉત્તરઃ ૫૬** (ક) પરફોમીગ આર્ટસ્ ફેકલ્ટી હેઠળ પૂર્વ સ્નાતક / સ્નાતક કે અનુસ્નાતક કક્ષાએ સંલગ્ન કોલેજોમાં કે યુનિવર્સિટી અનુસ્નાતક કક્ષાએ સંલગ્ન કોલેજોમાં કે યુનિવર્સિટી અનુસ્નાતક ભવનોમાં કોઈ પણ અભ્યાસક્રમ ચાલતો નથી એટલે પ્રસ્તુત ફેકલ્ટીના વિષયોની અભ્યાસસમિતિ / શિક્ષકોની મતદાર યાદી કે વિદ્યાશાખાના અધ્યક્ષની નિમણૂક અંગે કોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. વધુમાં વિનયન વિદ્યાશાખા હેઠળ આ ફેકલ્ટીનો ઉલ્લેખ છે.

(ખ) થી (જ) 'ક' નો ઉત્તર જોતા પ્રસ્તુત પ્રશ્નનો ઉત્તર આપવાનો રહેતો નથી.

(ઝ) થી (ઠ) સ્ટેટ્યૂટ ૩૬ (૨) (i) (g) હેઠળ પ્રસ્તુત ઉત્તર આપી શકાય એમ નથી.

**શ્રી લક્ષ્મણભાઈ બાલુભાઈ પટેલે નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતી:**

**પ્રશ્નઃ ૫૭** (૧) છેલ્લાં ૫ વર્ષમાં કયા કયા વર્ષના બોર્ડ ઓફ એકાઉન્ટસના અહેવાલો

(૨) યુનિ. દફતરે જમા નથી ?

(૩) કયા કારણોસર જમા નથી ?

(૪) બોર્ડને હિસાબો ચકાસવા દેવામાં આવ્યાં હતાં ?

**ઉત્તરઃ ૫૭** ઓડિટ અહેવાલ નીચેના વર્ષમાં રજૂ થયાં ન હતા.

૨૦૦૦–૦૧ ચેરમેન તરફથી અહેવાલ રજૂ થયો નથી.

૨૦૦૧–૦૨ ચેરમેન તરફથી અહેવાલ રજૂ થયો નથી.

૨૦૦૩–૦૪ ચેરમેન તરફથી અહેવાલ રજૂ થયો નથી.

બોર્ડના સભ્યોને હિસાબો તપાસવા/ બેસવા માટે અલાયદા ઓડિટ રૂમની વ્યવસ્થા કરવામાં આવી છે. અને હિસાબો ચકાસવા માટે પૂરતી સુવિધા આપવામાં આવે છે.

**શ્રી કૃષ્ણલાલ બાવજીભાઈ પટેલે નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતી:**

**પ્રશ્નઃ ૫૮** (ક) વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના કુલપતિશ્રી તેમને યુનિવર્સિટી ધારાની કલમ **11** (૩) હેઠળ મળેલ સત્તા અન્વયે જુદી જુદી ફેકલ્ટી, ફેકલ્ટીને લગતી તમામ કાર્યવાહી તે ફેકલ્ટી હેઠળના જુદા જુદા અધિકાર મંડળોની ચૂંટણી વિગેરેનું તથા યુનિવર્સિટીના એકટ, સ્ટેટ્યૂટ, ઓર્ડિનન્સીસ, રૂલ્સ, રેગ્યુલેશન વિગેરેનું વફાદારી પૂર્વક પાલન કરવાની ફરજ બજાવી ખાત્રી આપી છે ?

(ખ) જવાબ જો " ના " હોય તો તેઓ આ કાર્યવાહી બજાવવામાં અને તેમને મળેલ સત્તાનો અમલ અને પાલન કરાવવામાં તેમના વહીવટીતંત્ર સાથે નિષ્ફળ નિવડયાં છે ?

**ઉત્તરઃ ૫૮** સ્ટેટ્યૂટ–૩૬(૨)(i)(**c**) મુજબ ઉત્તર આપી શકાય તેમ નથી.

**શ્રી લક્ષ્મણભાઈ બાલુભાઈ પટેલે નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતી:**

**પ્રશ્નઃ ૫૯** (અ) યુનિ.માં નિમાયેલાં મુખ્ય હિસાબી અધિકારીશ્રીની નિમણૂંક એડહોક ધોરણે કે, હંગામી ધોરણે કે, કાયમી ધોરણે કે, રેગ્યુલર પગારના સ્કેલથી કે, પ્રોબેશન પિરીયડના ધોરણે એ તમામ પૈકી કયાં ધોરણે કરવામાં આવી છે ?

(બ) એમના યુનિ. તરફથી ગ્રેજયુએટી, પ્રો.ફંડ કે પેન્સનના લાભો આપવાનું ઠરાવવામાં આવ્યું છે?

(ક) એમની નિમણુંક બાબતનો ગુજરાતની વડી અદાલતના હુકમ મુજબ એમની નિમણુંક થઈ છે ?

(ડ) યુનિ. તરફથી એઓશ્રીને કયા કયા અન્ય લાભો (પર્કસ) આપવામાં આવે છે ?

(ઈ) એમની છેલ્લી નોકરી સરદાર પટેલ યુનિ. માંથી કયારે સમાપ્ત થઈ ? કઈ તારીખે ?

(ઉ) ત્યાર બાદની એઓએ કરેલ અન્ય નોકરી કઈ તારીખે – કઈ સંસ્થામાં કઈ જગ્યા પર જોડાયાં ? અને કઈ તારીખે, કઈ સંસ્થામાંથી, કઈ જગ્યા પરથી છુટાં થયાં ? ત્યાર બાદ આપણી યુનિ.માં ફરીથી મુખ્ય હિસાબી અધિકારી (એડહોક) તરીકે કયારે કઈ તારીખે જોડાયાં ?

(ઊ) એ વચ્ચેના સમયગાળા દરમ્યાન એઓ કોઈ અન્ય જગ્યાએ નોકરી કરતાં હતા ?

**ઉત્તરઃ ૫૯** (અ) એડહોક ધોરણે.

(બ) હાઈકોર્ટમાં અંતિમ જજમેન્ટ બાદ અને સિન્ડિકેટ જે નિર્ણય કરશે તદ્નુસાર કાર્યવાહી થશે.

(ક) હાજી.

(ડ) નિયમ મુજબ.

(ઈ) ૨૬–૦૮–૨૦૦૨.

(ઉ) અન્ય નોકરીમાં જોડાયા નથી. આપણી યુનિવર્સિટીમાં ૧૯–૦૭–૨૦૦૪ થી જોડાયા.

(ઊ) નાજી.

**શ્રી કૃષ્ણલાલ બાવજીભાઈ પટેલે નીચેના પ્રશ્નો પૂછવાની નોટિસ આપી હતીઃ (૬૦ થી ૯૯)**

**પ્રશ્નઃ ૬૦** (અ) આપણી યુનિવર્સિટીએ ૧૯૯૮ના વર્ષ પછી પેકેજડીલની સ્વીકૃતિ બાદ મંજૂર થયેલ વિવિધ કક્ષાની વહીવટી જગાઓ તથા ત્યાર બાદ આજદિન સુધી મંજૂર થયેલ અને ખાલી પડેલ જગાઓ તથા સ્વનિર્ભર અભ્યાસક્રોના કારણે વધેલ કાર્યભારને પહોંચી વળવા ઉભી કરવાની વિવિધ જગાઓ, ખાસ કરીને વર્ગ–૩, વર્ગ–૪, રાજય સરકારની મંજૂરી મળવા છતાં અને સિન્ડિકેટે પણ તે મંજૂર કરેલ હોવા છતા પણ તે જગાઓ ન ભરવામાં વિલંબ થવાના કારણ હવે પછી વર્ગ–૩ અને વર્ગ–૪ જગાઓ રનીગ પે સ્કેલ માં ભરવામાં આવશે ?

(બ) જવાબ જો "ના" હોય તો આ થયેલ અક્ષમ્ય વિલંબ પાછળ જવાબદાર વહીવટીતંત્ર, પદાધિકારીઓ સામે યુનિવર્સિટી શું પગલાં લેવા વિચારે છે ?

(ક) આ વિલંબનીતિ પાછળ યુનિવર્સિટીના કુલપતિશ્રીને પણ સીધા જવાબદાર ન ગણાવી શકાય ?

**ઉત્તરઃ ૬૦** (અ) જગ્યાઓ ભરવાની કાર્યવાહી ચાલુ છે.

(બ) અને (ક) } ઉપર અ ના સંદર્ભમાં જવાબ આપવાનો રહેતો નથી.

**પ્રશ્નઃ ૬૧** આપણી યુનિવર્સિટીમાં વર્ષઃ ૨૦૦૪–૨૦૦૫ તથા તા. ૧–૪–૨૦૦૫ થી તા. ૨૮–૨–૦૬ સુધીના સમયગાળા દરમ્યાનઃ–

(અ) વિજળી વપરાશના બિલની રકમ ?

(બ) ટેલીફોન અંગે થયેલ ખર્ચના બિલની રકમ ?

(ક) પાણી વપરાશ અંગે સુરત મહાનગરપાલિકાને ચૂકવેલ રકમ ?

(ડ) યુનિવર્સિટીએ પરીક્ષા સહિત તમામ પ્રકારના કામ અંગે ભાડેથી કોન્ટ્રાકટથી લીધેલ વાહનો અંગે ચૂકવેલ રકમ.

(ઈ) યુનિવર્સિટીના પોતાના તથા કુલપતિશ્રી તથા અન્ય પદાધિકારી સહિતના વાહન પાછળ પેટ્રોલ, ઓઈલ, વીમો, રિપેરીગ, જાળવણી વિગેરે પાછળ કરેલ ખર્ચની વિગત ?

(ઉ) યુનિવર્સિટી અધિકારીઓના ફોનો, મોબાઈલ ફોનના બિલોના ખર્ચની વિગત? તથા રકમની વિગત આપવા વિનંતી.

**ઉત્તરઃ ૬૧** **૨૦૦૪–૦૫** **૧–૪–૦૫ થી ૨૮–૨–૦૬**

| | | ૨૦૦૪–૦૫ | ૧–૪–૦૫ થી ૨૮–૨–૦૬ |
|---|---|---|---|
| (અ) | વિજળી બીલ | રૂા. ૩૬,૧૮,૭૮૯/– | ૪૫,૯૬,૨૪૩/– |
| (બ) | ટેલીફોન બીલ | રૂા. ૫,૬૨,૯૪૮/– | ૭,૪૭,૪૩૫/– |
| (ક) | પાણી વપરાશ | રૂા. ૨,૧૪,૦૬૦/– | ૧,૧૬,૭૬૦/– |
| (ડ) | કોન્ટ્રાકટના વાહનો ભાડેના.. | રૂા. ૨૧,૮૫,૩૨૨/– | ૨૮,૬૦,૫૪૧/– |

(ઈ) સ્ટેટયૂટ–૩૬(૨)(i)(g) મુજબ ઉત્તર આપી શકાય તેમ નથી.

(ઉ) સ્ટેટયૂટ–૩૬(૨)(i)(g) મુજબ ઉત્તર આપી શકાય તેમ નથી.

**પ્રશ્નઃ** ૬૨ છેલ્લાં પાંચ વર્ષ દરમ્યાન યુનિવર્સિટીએ જુદી જુદી કોર્ટોમાં વિવિધ કેસો અંગે રોકેલ વકીલોના નામો તથા તેઓને ફી પેટે ચૂકવેલ રકમની માહિતી તથા ચૂકવાની બાકી હોય તે રકમની માહિતી આપવા વિનંતી.

**ઉત્તરઃ** ૬૨ છેલ્લા પાંચ વર્ષ દરમ્યાન યુનિવર્સિટીએ જુદી જુદી કોર્ટમા વિવિધ કેસો અંગે રોકેલ વકીલોના નામો તથા તેઓને ફી વર્ષ પેટે ચૂકવેલ રકમ.

| અ.નં. | નામ | ૨૦૦૧–૦૨ રકમ | ૨૦૦૨–૦૩ રકમ | ૨૦૦૩–૦૪ રકમ | ૨૦૦૪–૦૫ રકમ | ૨૦૦૫–૦૬ રકમ |
|---|---|---|---|---|---|---|
| ૧ | શ્રી ધવલભાઈ સી. દવે | ૩૯૭૫૦=૦૦ | ૪૮૨૭૫=૦૦ | ૫૯૭૦૦=૦૦ | ૭૬૬૫૦=૦૦ | ૧૦૦૭૦૦=૦૦ |
| ૨ | શ્રી મુકુંદભાઈ એમ. દેસાઈ | ૩૪૪૦૦=૦૦ | ૫૬૦૨૦=૦૦ | - | - | - |
| ૩ | શ્રી કુમારેશ કે. ત્રિવેદી | - | - | - | - | ૧૪૦૦૦=૦૦ |
| ૪ | શ્રી જીતેન્દ્રભાઈ આર. ત્રિવેદી | - | - | - | - | - |
| ૫ | શ્રી ભાસ્કરભાઈ તન્ના (હાઈકોર્ટ/ સુપ્રિમ કોર્ટ) | કુલ ચૂકવેલ રકમ રૂા. ૪૦,૨૭,૦૬૮=૦૦ | | | | |
| ૬ | શ્રી સુરેશભાઈ એન. શેલત | - | - | ૬૫૦૦૦=૦૦ | - | - |
| ૭ | શ્રી જયવદન બી. જરીવાલા | - | - | ૯૩૦૦=૦૦ | ૨૧૦૦૦=૦૦ | - |
| ૮ | શ્રી વિજય એમ. કારીયા | ૨૦૦૦=૦૦ | ૧૦૦૦=૦૦ | - | - | ૧૫૦૦=૦૦ |
| ૯ | શ્રી ઠાકોરભાઈ એમ. દેસાઈ | ૧૦૨૦૦=૦૦ | ૨૫૦૦=૦૦ | - | - | ૧૦૦૦૦=૦૦ |
| ૧૦ | શ્રી સમીરભાઈ કે. દેસાઈ | ૫૫૦૦=૦૦ | - | - | - | |

**પ્રશ્નઃ** ૬૩ (a) યુનિવર્સિટીના પરીક્ષા નિયામકશ્રી દિલિપ સી. શાહની ફરજ મૌકૂફી સંદર્ભે વિવિધ કોર્ટમાં તથા ખાતાકીય તપાસ માટે રોકેલ વકીલોના નામ તથા તેઓને ચૂકવેલ ફી અને થયેલ ખર્ચની માહિતી આપવી.

(b) શ્રી દિલિપ સી. શાહની ફરજ મૌકૂફી દરમ્યાન ખાતાકીય તપાસ માટે નિમવામાં આવેલ ખાતાકીય અધિકારીને તે માટે ચૂકવેલ ફી, ટી.એ., ડી.ઓ., ની રકમની માહિતી આપવી.

**ઉત્તરઃ ૬૩** (a) અને (b) } સ્ટેટ્યૂટ–૩૬(૨)(i)(h) મુજબ ઉત્તર આપી શકાય તેમ નથી.

**પ્રશ્નઃ ૬૪** (ક) આપણી યુનિવર્સિટીમાં વહીવટી વિભાગ તથા અનુસ્નાતક વિભાગો, હોસ્ટેલ્સ અધિકારીઓના નિવાસસ્થાને વિગેરે સ્થળોએ રાખેલ યુનિવર્સિટીના સ્વતંત્ર ટેલિફોનોની સંખ્યા કેટલી ?

(ખ) કયા નંબરના ટેલિફોન કોને કોને તથા કયા કયા વિભાગને ફાળવવામાં આવેલ છે? તેની વિગતવાર માહિતી નામસહિત આપવી.

**ઉત્તરઃ ૬૪** (ક) કોઈ નહી.

(ખ) ઉત્તર (ક) જોતાં પ્રસ્તુત જવાબ આપવાનો રહેતો નથી.

**પ્રશ્નઃ ૬૫** આપણી યુનિવર્સિટીમાં

(a) કુલ કેટલાં ફેક્ષ મશીનો છે ? નંબર સહિત વિગતવાર માહિતી આપવી.

(b) યુનિવર્સિટીમાં કુલ કેટલા એર કન્ડીશન મશીનો છે ? કયાં કયાં તેની માહિતી આપવી.

(c) યુનિવર્સિટીમાં કુલ કેટલા કોમ્પ્યુટરો છે ? કયાં કયાં છે ? તેની માહિતી આપવી.

(d) યુનિવર્સિટીમાં કુલ કેટલાં ઝેરોક્ષ મશીનો છે ? કયાં કયાં છે વિગતવાર માહિતી આપવી.

**ઉત્તરઃ ૬૫** (a) કુલ ફેકસ મશીન ૪ છે.

(૧) પરીક્ષા નિયામકશ્રી, (૨) કુલસચિવશ્રી, (૩) નાયબકુલસચિવશ્રી, (૪) કુલપતિશ્રીના કેબીનમાં મૂકેલ હોય

(b) ૮૮ નંગ, વિવિધ ભવનો અને ડિપાર્ટમેન્ટ ખાતે.

(c) જનરલ સેકશન દ્વારા ખરીદવામાં આવેલ કોમ્પ્યુટર તેમજ પ્રિન્ટરની યાદી આ સાથે સામેલ છે.

| વિભાગ | કોમ્પ્યુટરની સંખ્યા | પ્રિન્ટરની સંખ્યા | યુ.પી.એસની સંખ્યા | સ્કેનરની સંખ્યા |
|---|---|---|---|---|
| કુલપતિશ્રી | ૧ | ૧ | - | - |
| રજીસ્ટાર | ૧ | ૧ | ૧ | ૧ |
| પી.એ. ટુ રજીસ્ટાર | ૧ | ૧ | - | - |
| નાયબ કુલસચિવ | ૧ | ૧ | ૧ | - |
| નાયબ કુલસચિવ (સિન્ડિકેટ, પી.જી.) | ૧ | ૧ | ૧ | - |
| સી.ડી.સી. કાર્યાલય | ૧ | ૧ | ૧ | - |
| જનરલ / વહીવટી | ૩ | ૨ | ૩ | - |
| પી.જી. (અનુસ્નાતક વિભાગ) | ૩ | ૨ | ૩ | - |

| વિભાગ | કોમ્પ્યુટરની સંખ્યા | પ્રિન્ટરની સંખ્યા | યુ.પી.એસની સંખ્યા | સ્કેનરની સંખ્યા |
|---|---|---|---|---|
| એકેડેમિક | ૨ | ૨ | ૨ | - |
| યુવક કલ્યાણ અને શારિરીક શિક્ષણ | ૧ | ૧ | ૧ | - |
| લીગલ સેલ/ એસ.ટી./ એસ.સી. સેલ | ૧ | ૧ | ૧ | - |
| ઉપકુલપતિશ્રીના અંગત મદદનીશ | ૧ | ૧ | ૧ | - |
| યુનિ. ગર્લ્સ હોસ્ટેલ (સેલ્ફ ફાઈનાન્સ ફંડમાંથી ) | ૧ | ૧ | ૧ | - |
| સાયન્સ બિલ્ડીગ | ૧ | ૧ | - | - |
| પરીક્ષા વિભાગ | ૪ | ૪ | ૪ | - |
| એમ.એસ.ડબલ્યું | ૧ | ૧ | ૧ | - |
| સેનેટ / સિન્ડિકેટ | ૧ | ૧ | ૧ | ૧ |
| રવાનગી વિભાગ | ૧ | ૧ | ૧ | - |
| કુલ સંખ્યા :– | ૨૬ | ૨૪ | ૨૩ | ૨ |

(d) કુલ ઝેરોક્ષ મશીન ૮ છે.

(૧) વહીવટી બિલ્ડીગ, (૨) પરીક્ષા વિભાગ, (૩) લાયબ્રેરી વિભાગ,

(૪) સી.ડી.સી. યુનિટ, (૫) વેપાર અને ઉદ્યોગ સંચાલન વિભાગ, (૬) એમ.એસસી. (આઈ.ટી.), (૭) કોમ્પ્યુટર સાયન્સ, (૮) સાયન્સ બિલ્ડીગ (મેથેમેટીક્સ).

**પ્રશ્નઃ ૬૬** યુનિવર્સિટીમાં નાણાંકીય વર્ષ: ૨૦૦૩ – ૨૦૦૪, ૨૦૦૪ – ૨૦૦૫ તથા તા. ૧–૪–૨૦૦૫ થી તા. ૨૮–૨–૨૦૦૬ દરમ્યાન :

(ક) સિકયુરીટી કોન્ટ્રાકટ પેટે કુલ કેટલી રકમનું પેમેન્ટ કર્યુ ?

(ખ) આ સમય દરમ્યાન સફાઈ કામગીરી પેટે સફાઈ કોન્ટ્રાકટરને તે પેટે કેટલી રકમ ચૂકવવામાં આવી?

(ગ) યુનિવર્સિટી કેમ્પસ પરના તમામ બાગો નવા તથા જુના તૈયાર કરવા પાછળ, લેન્ડસ્કેપીગ, ખાતર, ફુલ–ઝાડની ખરીદી, બાગ ફરતે ફેન્સીગ બાઉન્ડ્રી તથા એને લગતાં અન્ય ખર્ચાઓની વિગતવાર માહિતી આપવી.

(ઘ) યુનિવર્સિટી કેમ્પસ પરના ઘાસ વેચવાથી ઉપરોકત વર્ષો દરમ્યાન થયેલ આવકની વિગત આપવી.

(ચ) યુનિવર્સિટી કેમ્પસ કાપવામાં આવેલ વૃક્ષોની જણાવેલ વર્ષો દરમ્યાન આવેલ વેચાણ–આવકની રકમ કેટલી ?

**ઉત્તરઃ ૬૬** સ્ટેટયૂટ–૩૬(૨)(i)(g) મુજબ ઉત્તર આપી શકાય તેમ નથી.

**પ્રશ્નઃ ૬૭** યુનિવર્સિટીમાં વર્ષઃ ૨૦૦૪–૨૦૦૫ તથા તા. ૧–૪–૨૦૦૫ થી તા. ૨૮–૨–૨૦૦૬ સુધીના સમય દરમ્યાન :

(અ) યુનિવર્સિટીમાં બાગકામ માટે રોલ ઉપર છે તેવા રોકાયેલા માળીઓ, હેલ્પરો, મજૂરોની સંખ્યા તથા તેમને વાર્ષિક પગાર–ભથ્થાં પેટે ચૂકવાતી કુલ રકમની માહિતી આપવી.

(બ) યુનિવર્સિટીના રોલ પર ચોકીદાર તરીકે બોલાતાં કર્મચારીઓની સંખ્યા તથા તેઓને ચૂકવવામાં આવતાં પગાર ભથ્થાની રકમની માહિતી આપવી.

(ક) (i) યુનિવર્સિટીમાં દૈનિક રોજ પર હંગામી ધોરણે , કોન્ટ્રાકટ બેઈઝ પર, એડહોક ધોરણે, ફિકસ્ડ પગારે, માનદ્ વેતન થી કામ કરતાં પટાવાળા, જુની કલાર્ક, અધિકારી વિગેરેની સંખ્યા કેટલી ?

(ii) તેમને ઉપરોકત બતાવેલ સમયગાળા દરમ્યાન, વર્ષવાર ચૂકવવામાં આવેલ પગાર તરીકેની રકમ કેટલી ?

(iii) આ કર્મચારીઓ–પટાવાળાઓ–અધિકારીઓ વિગેરેમાંથી કેટલા એક વર્ષથી વધુ મુદતથી અને પાંચ વર્ષ સુધીના સમયથી કેટલાં પાંચ વર્ષથી ૧૦ વર્ષના સમયગાળાથી ફરજ બજાવે છે ?

(ઈ) યુનિવર્સિટીના વહીવટમાં મંજૂર થયેલ પરંતુ નહિ ભરાયેલ હોય તેવી જગાઓ કેટલી ? (તમામ કેડરો સાથે)

(ઉ) કેટલી જગાઓ આજ દિન સુધી ખાલી છે ?

**ઉત્તરઃ ૬૭** (અ), (બ), (ક), (ઈ), (ઉ) — જુદી જુદી માહિતીઓ તથા પ્રશ્ન અસ્પષ્ટ હોવાથી સ્ટેટ્યૂટ ૩૬ (૨) (i) (g) હેઠળ ઉત્તર આપી શકાય એમ નથી.

**પ્રશ્નઃ ૬૮** વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીએ (હાલની ૨૧૦ એકર જમીન ઉપરાંત) વધારાની ૧૫૦ એકર જગા મેળવવા સ્થાનિક, હોઈકોર્ટ અને સુપ્રિમકોર્ટમાં કરેલ કેસો કે અન્યો દ્વારા કરેલ કેસો નિમિત્તે રોકેલ વકીલો, કાઉન્સેલરો, એડવોકેટ જનરલો વિગેરેના નામો અને તેમને આજદિન સુધી ચૂકવેલ અને ચૂકવવાની બાકી હોય તેવી ફીની રકમ અને ચૂકવેલ ટી.એ. ડી.એ. વિગેરે રકમની માહિતી આપવી.

**ઉત્તરઃ ૬૮** વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીની વધારાની ૧૫૦ એકર જગા મેળવવા માટે હોઈકોર્ટ અને સુપ્રિમકોર્ટમાં કરેલા કેસો નિમિત્તે રોકેલ વકીલો, કાઉન્સેલરો, એડવોકેટ જનરલો વિગેરેના નામો તથા તેમને આજદિન સુધી ચૂકવેલ રકમ

| ક્રમ | વકીલના નામ | ચૂકવેલ રકમ |
|---|---|---|
| ૧. | શ્રી ભાસ્કર તન્ના – અમદાવાદ | ૪૦,૨૭,૦૬૮/– |
| ૨. | શ્રી વિક્રમભાઈ ત્રિવેદી – અમદાવાદ | ૬૧,૦૦૦/– |
| ૩. | શ્રી મહારૂક કેરાવાલા | ૧,૦૦,૦૦૦/– |
| ૪. | શ્રી અનીય સચથે – દિલ્હી | ૨,૦૦,૦૦૦/– |
| ૫ | શ્રી અલ્તાફ અહમદ – દિલ્હી | ૧,૩૨,૨૫૦/– |

**પ્રશ્નઃ ૬૯** યુનિવર્સિટીએ ૯ મી અને ૧૦ મી પંચવર્ષીય યોજના દરમ્યાન યુજીસી તરફથી ભૂકંપ સહિત મળેલ ગ્રાંટની કુલ રકમ કેટલી ? અને યુનિવર્સિટીએ તે રકમ પર મેળવેલ વ્યાજની કુલ રકમની માહિતી આપવી.

**ઉત્તરઃ ૬૯**

| | | મળેલ ગ્રાંટ | રિમાર્કસ |
|---|---|---|---|
| ૧. | નવમી યોજના | રૂા. ૨,૫૭,૪૦,૦૦૦/– | સમયસર ગ્રાન્ટ વાપરવામાં આવી હતી. પૂરેપૂરી ગ્રાન્ટ વપરાઈ ગઈ. |
| | અનએસાઈન્ડ ગ્રાન્ટ | રૂા. ૮,૦૦,૦૦૦/– | રૂા.૪,૭૪,૯૦૦/–નો ખર્ચ કરવામાં આવ્યો. રૂા. ૩,૨૫,૧૦૦/– બેલેન્સ યુજીસીને પરત કર્યા તેમજ યુ.જી.સી.ના પત્ર ક્રમાંકઃ **F- 30-10/ 2000 (SU-1) Dt. 22-2-06** થી હિસાબી સેટલ તેમજ ફાઈનલ થયા. |
| ૨. | દસમી યોજના | રૂા. ૨,૫૭,૪૦,૦૦૦/– | હાલમાં યોજના ચાલુ છે. |
| ૩. | ભૂકંપ ગ્રાન્ટ | રૂા. ૩,૫૦,૦૦,૦૦૦/– | પૂરેપૂરી ગ્રાન્ટ વપરાઈ. હિસાબો મોકલી આપ્યા. |

**પ્રશ્નઃ ૭૦** યુનિવર્સિટીએ વર્ષ ૨૦૦૪–૨૦૦૫ તથા તા. ૧–૪–૦૫થી તા. ૨૮–૨–૦૬ સુધીના સમયગાળા દરમ્યાન કેમ્પસ પરના પોતાના વિવિધ સ્વનિર્ભર અભ્યાસક્રમોમાંથી મેળવેલ કુલ રકમ (આવક) અને કરેલ કુલ ખર્ચ (જાવક) ની માહિતી આપવી.

**ઉત્તરઃ ૭૦** સ્ટેટ્યૂટ–૩૬(૨)(i)(g) મુજબ ઉત્તર આપી શકાય તેમ નથી.

**પ્રશ્નઃ ૭૧** (અ) યુનિવર્સિટીએ યુનિવર્સિટી કેમ્પસ ડેવલપમેન્ટ ફી પેટે સંલગ્ન કોલેજો પાસે વર્ષઃ ૨૦૦૨–૨૦૦૩, ૨૦૦૩–૨૦૦૪, ૨૦૦૪–૦૫ તથા તા.૧–૪–૦૫ થી તા.૨૮–૨–૨૦૦૬ સુધીના સમયગાળા દરમ્યાન મેળવેલ રકમ કેટલી ?

(બ) યુનિવર્સિટી સંલગ્ન કઈ કઈ કોલેજોની આ જણાવેલ ફીની રકમ હજુ સુધી જમા કરાવવામાં આવી નથી ?

**ઉત્તરઃ ૭૧** (અ)
અને પ્રસ્તુત પ્રશ્નનો ઉત્તર (૩૦) હેઠળ જોવા વિનંતી છે.
(બ)

**પ્રશ્નઃ ૭૨** યુનિવર્સિટીએ વર્ષઃ ૨૦૦૩–૨૦૦૪, ૨૦૦૪–૨૦૦૫ તથા તા. ૧–૪–૦૫થી તા. ૨૮–૨–૦૬ સુધીના સમયગાળા દરમ્યાનઃ

(i) નવી કોલેજો શરૂ કરવા તથા નવા અભ્યાસક્રમોના વર્ગો શરૂ કરવા, જુની કોલેજોની માન્યતા ચાલુ રાખવા તેમજ અન્ય રીતે મેળવેલ એફીલીયેશન ફીની રકમ કેટલી ?

(ii) આ સમયગાળા દરમ્યાન કોઈપણ પ્રકારના દંડ પેટે કોલેજો તરફથી મળેલ રકમની માહિતી તથા ન મળેલ રકમની માહિતી આપવી.

**ઉત્તરઃ ૭૨** (i) નવી કોલેજો શરૂ કરવા તથા નવા અભ્યાસક્રમોના વર્ગો શરૂ કરવા, જુની કોલેજોની માન્યતા ચાલુ રાખવા તેમજ અન્ય રીતે મેળવેલ એફીલીયેશન ફીની રકમ ઓર્ડિનન્સ–૬૬ મુજબ.

(ii) આ સમયગાળા દરમ્યાન કોઈપણ પ્રકારના દંડ પેટે કોલેજો તરફથી મળેલ રકમ રૂા. ૫,૩૦,૦૦૦/–

**પ્રશ્નઃ ૭૩** (અ) આપણી યુનિ. ને મળેલ ગ્રાન્ટની નીચે જણાવ્યા પ્રમાણે માહિતી આપવી.

| | વર્ષ ૨૦૦૨–૨૦૦૩ | વર્ષ ૨૦૦૩–૨૦૦૪ | વર્ષ ૨૦૦૪–૨૦૦૫ | વર્ષ ૧–૪–૦૫ થી તા. ૨૮–૨–૦૬ સુધી |
|---|---|---|---|---|
| (૧) રાજય સરકાર તરફથી | | | | |
| (૨) કેન્દ્ર સરકાર તરફથી | | | | |
| (૩) યુ.જી.સી. તરફથી | | | | |
| (૪) અન્ય મળેલ ગ્રાન્ટ | | | | |
| (૫) અન્ય સ્વાયત્ત સંસ્થા તરફથી મળેલ રકમ | | | | |

(બ) અને તે સમયગાળા દરમ્યાન થયેલ ખર્ચની વર્ષ વાર વિગત આપવી.

**ઉત્તરઃ ૭૩ આ યુનિવર્સિટીને મળેલ ગ્રાન્ટની આવક અને ખર્ચની માહિતી (વર્ષઃ ૨૦૦૨–૨૦૦૬)**

| | વર્ષઃ ૨૦૦૨–૦૩ | | વર્ષઃ ૨૦૦૩–૦૪ | | વર્ષઃ ૨૦૦૪–૦૫ | | વર્ષઃ ૨૦૦૫–૦૬ (૧–૪–૦૫ થી ૨૮–૨–૦૬ સુધી) | |
|---|---|---|---|---|---|---|---|---|
| | આવક | ખર્ચ | આવક | ખર્ચ | આવક | ખર્ચ | આવક | ખર્ચ |
| રાજય સરકાર તરફથી | ૧૦,૮૩,૫૫૩ | ૧૦,૬૨,૧૮૦ | ૧૫,૭૧,૭૮૪ | ૯,૩૪,૨૭૮ | ૧૨,૪૮,૮૭૦ | ૧૫,૦૨,૬૨૬ | ૨૨,૪૩,૯૧૮ | ૨૩,૯૨,૧૨૧ |
| કેન્દ્ર સરકાર તરફથી | NIL | NIL | ૩૦,૧૧,૫૯૩ | ૧,૮૧,૫૯૩ | ૭૪,૨૮૮ | ૫,૬૫,૮૨૪ | ૧૦,૦૦,૦૦૦ | ૬,૧૩,૧૬૪ |
| યુ.જી.સી. તરફથી | ૨,૫૨,૫૭૮ | ૪,૨૧,૦૩૬ | ૧૯,૫૯,૨૭૬ | ૫૬,૮૪,૭૨૦ | ૨૦,૧૮,૨૯૬ | ૧૮,૮૮,૪૦૭ | ૩૫,૩૭,૦૦૦ | ૫૩,૮૬,૦૫૦ |
| અન્ય | – | – | – | – | – | – | – | – |
| અન્ય સ્વાયત સંસ્થા તરથી મળેલ ગ્રાન્ટ | ૩,૭૬,૨૨૨ | ૨,૦૩,૭૪૮ | ૧૩,૭૬,૭૨૫ | ૫,૫૨,૭૯૯ | ૩,૭૪,૨૦૨ | ૨,૯૮,૫૮૩ | ૧,૩૬,૯૬૫ | ૧૨,૩૫,૧૬૫ |

**પ્રશ્નઃ ૭૪** (ક) યુનિ.ના જનરલ ફંડના હિસાબોનું ઓડિટ કરાવવામાં આવે છે?

(ખ) યુનિ. ના પોતાના વિવિધ વિભાગોના સ્વનિર્ભર અભ્યાસક્રમોના આવક–જાવકના હિસાબોના ઓડિટની વર્ષ ૨૦૦૩–૨૦૦૪ તથા વર્ષ ૨૦૦૪–૨૦૦૫ના વર્ષ માટેની નકલ આપવા વિનંતી છે.

(ગ) યુનિ.ની વાર્ષિક ડાયરી જ્યારથી છપાવવાનું ચાલુ કર્યુ ત્યારથી વર્ષ વાર થયેલ ખર્ચની વિગત આપવી.

**ઉત્તરઃ ૭૪** (ક) હા

(ખ) સભાના સમયે ટેબલ પર રજૂ કરવામાં આવશે.

(ગ)

| | | | |
|---|---|---|---|
| સને ૨૦૦૪ | – | ૧૦૦૦ નંગ | રૂા. ૪૯,૧૬૨/– |
| સને ૨૦૦૫ | – | ૧૦૦૦ નંગ | રૂા. ૪૭,૦૦૦/– |
| સને ૨૦૦૬ | – | ૧૨૦૦ નંગ | રૂા. ૮૩,૮૮૦/ |

**પ્રશ્નઃ ૭૫** (ક) આપણી યુનિ.ની નવરચિત "મેનેજમેન્ટ ફેકલ્ટી" અન્વયે નોંધાયેલા સ્નાતકો તથા નોંધાયેલા તે વિદ્યાશાખાના શિક્ષકોની મતદાર યાદી તૈયાર કરી છે?

(ખ) આ નવી મેનેજમેન્ટ ફેકલ્ટી કયા વર્ષથી અસિતત્વમાં આવી?

(ગ) યુનિ.ના મેનેજમેન્ટ વિદ્યાશાખાના સભ્યોની યાદી આપવા વિનંતી.

(ઘ) તે વિદ્યાશાખાના ડીનની તથા અધર ધેન ડીનની નિમણૂંક કરવામાં આવી છે.

(ચ) આ બાબતે યુનિ.ના કોઈ સેનેટ સભ્યશ્રી દ્વારા ટપાલ લખી માહિતી માંગવામાં આવી હતી?

(i) જવાબ જો 'હા' હોય તો કઈ તારીખના પત્રથી? અને કયા સેનેટ સભ્યશ્રી તરફથી માહિતી માંગવામાં આવી હતી?

(ii) એઓશ્રીને એ માહિતી પૂરી પાડવામાં આવી હતી?

જવાબ જો 'ના' હોય તો કયા કારણસર એ માહિતી આપવામાં આવી ન હતી?

**ઉત્તરઃ ૭૫** (ક) હાલમાં કાર્યાલય તરફથી મતદારયાદીઓ તૈયાર કરવાની કાર્યવાહીઓ હાથ ધરવામાં આવેલ છે.

(ખ) આ નવી મેનેજમેન્ટ ફેકલ્ટી તા. ૦૮–૦૭–૦૩ ના વર્ષથી અસ્તિત્વમાં આવી હતી.

(ગ) યુનિવર્સિટી મેનેજમેન્ટ વિદ્યાશાખાના સભ્યોની યાદી નીચે મુજબ છે.

| | | |
|---|---|---|
| ૧. | ડૉ. સતેન્દ્રકુમાર | (ડીનશ્રી, મેનેજમેન્ટ ફેકલ્ટી) |
| ૨. | શ્રી હેમંતકુમાર ટોપીવાલા | (પ્રતિનિધ, મેનેજમેન્ટ ફેકલ્ટી) |
| ૩. | ડૉ. રેણુકા ગર્ગ | (ડી.બી.આઈ.એમ. ડીપાર્ટમેન્ટ) |
| ૪. | શ્રી પ્રેમકુમાર શારદા | (**Ex-Vice-Chancellor**) |

(ઘ) મેનેજમેન્ટ ફેકલ્ટીના ડીન તરીકે ડાં. સતેન્દ્રકુમાર અને અધર ધેન ડીન તરીકે શ્રી હેમંત ટોપીવાળાની નિમણૂંક થયેલ છે.

(ચ) સ્ટેટયૂટ ૩૬ (૨)(i) (g) પ્રમાણે માહિતી ઉપલબ્ધ નથી.

**પ્રશ્નઃ ૭૬** (અ) યુનિવર્સિટી કેમ્પસ પર ચાલતાં બી.એસસી. આઈ.ટી.માં દાખલ થતાં પ્રથમ બે વર્ષ (૪ સેમેસ્ટર)ના વિદ્યાર્થીઓ ૦–૧૪૫ અન્વયે કઈ કઈ યોજનામાં વર્ષ : ૨૦૦૫–૨૦૦૬માં જોડાયાં છે ?

(બ) યુનિવર્સિટી સંલગ્ન તમામ સ્વનિર્ભર કોલેજ સહિતની કોલેજોમાં પ્રથમ બે વર્ષમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ માટે ૦–૧૪૫ હેઠળ કોઈપણ એક યોજનામાં જોડાવું ફરજીયાત છે તો **NCC, NSS, P.T.,** અને સ્પોર્ટસમાં કઈ કઈ કોલેજના કેટલા વિદ્યાર્થીઓ કઈ કઈ યોજનામાં જોડાયા છે તેની વિગત ૨૦૦૪–૨૦૦૫ તથા ૨૦૦૫–૨૦૦૬ (તા.૨૮–૨–૦૬ સુધીની) માહિતી આપવા વિનંતી.

(ક) જેઓ ૦–૧૪૫ નો ભંગ કરે છે તેવી કોલેજોના વિદ્યાર્થીઓને પરીક્ષામાં બેસવા દેવા મંજૂરી આપવામાં આવે છે ?

(ડ) પ્રોફેશનલ અભ્યાસક્રમમાં ધોરણ–૧૨ પછી પ્રવેશ મેળવતાં વિદ્યાર્થીઓ માટે ૦–૧૪૫ અમલમાં છે કે લાગુ પડે છે ?(મેડીકલ, ફાર્મસી, એન્જિનિયરીગ, બી.સી.એ.,બી.બી.એ. વિગેરે)

(ઇ) ૦–૧૪૫ના ચુસ્ત પાલન માટે યુનિવર્સિટી દ્વારા કોઈ ચુસ્ત પગલાં છેલ્લાં પાંચ વર્ષમાં ભરવામાં આવ્યાં હોય તો તેની માહિતી આપવા વિનંતી.

**ઉત્તરઃ ૭૬** (અ) પ્રસ્તુત યોજના હેઠળ કોઈ વિદ્યાર્થીઓ જોડાયેલ નથી. જે વિદિત થાય.

(બ), (ક), (ડ), (ઇ) સ્વનિર્ભર કોલેજોમાં રાજય સરકાર તરફથી **NCC, NSS,** અને સ્પોર્ટસ અંગેની ગ્રાન્ટ આપવામાં આવતી નથી તેથી જવાબ આપવાનો રહેતો નથી.

**પ્રશ્નઃ ૭૭** (a) યુનિવર્સિટીની મેડીકલ ફેકલ્ટી માટે સુચના ૮૭ **A** અને ૮૭ **B** નો છેલ્લામાં છેલ્લો અસ્તિત્વમાં હોય તેનો પાઠ આપવા અને કયા કયા અધિકારમંડળમાં કયારે કયારે પાસ થયાં તેની માહિતી આપવા વિનંતી.

(b) મેડીકલ, ફાર્મસી, હોમીયોપેથીક, ફીઝીયોથેરાપી વિગેરે માટેની જે તે કાઉન્સિલના તે પરીક્ષાઓ માટેના ગ્રેસીગના છેલ્લામાં છેલ્લાં યુનિવર્સિટી અમલ કરતી હોય તેવા નિયમોની માહિતી તથા યુનિવર્સિટીના પોતાના ગ્રેસીગના નિયમોની માહિતીની નકલ આપવા વિનંતી.

(c) **MCI** ના **MBBS** પરીક્ષામાં પાસ થવા માટેના ગ્રેસીગના હાલમાં અમલમાં છે તે નિયમોની માહિતી તથા નકલ તથા તે નિયમોનો અમલ કઈ સાલની કઈ તારીખથી કરવામાં આવ્યો ? વિગતવાર માહિતી આપવી.

(d) સુચના ૮૭ **A** અને ૮૭ **B** હેઠળ મેડીકલ ફેકલ્ટીમાં કે અન્ય તમામ ફેકલ્ટીઓમાં જે તે પરીક્ષક દ્વારા જેતે પાસીગ હેડમાં અપાતાં માર્કસ, ગ્રેસીગની વ્યાખ્યામાં આવે છે ?

(e) **MCI** ના નિયમો હેઠળ **MBBS** ની પરીક્ષામાં પાસ થવાં

(i) અપાતા માર્કસ, ગ્રેસીગની વ્યાખ્યામાં ગણાય ?

(ii) **MCI** હેઠળ વધુમાં વધુ એક વિષયમાં તમામ હેડ જયાં ફરજિયાત ૫૦ ટકા પાસીગ છે તે તમામમાં પાસ થવા માટે વધુમાં વધુ કેટલાં માર્કસ ગ્રેસીગ પેટે આપવાની જોગવાઈ છે ?

(iii) (ii) હેઠળ અપાતાં માર્કસ જે તે વિષયના ટોટલમાં / એગ્રીગેટમાં ૫૦ ટકા ફરજીયાત પાસ થવાના હેડમાં પાંચ માર્કસ ઉપરાંત વધારાના મહત્તમ પાંચ માર્કસ સુધી આપી શકાય ?

(iv) (ii) અને (iii) હેઠળ અપાતા માર્કસ વર્ગ (કલાસ), મેડલ, ઈનામ, પી.જી. પ્રવેશ વિગેરે માટે ગણતરીમાં લેવામાં આવે છે ?

(v) સુચના ૮૭ A અને ૮૭ B હેઠળ ગુજરાતની અન્ય યુનિવર્સિટીઓમાં મેડીકલ **MBBS** માં પરીક્ષકો માર્કસ આપે છે ?

**ઉત્તરઃ ૭૭** (a) યુનિવર્સિટીની મેડિકલની સ્નાતક કક્ષાએ પરીક્ષા માટે સૂચના ૮૭ A અને ૮૭ B લાગુ પાડવામાં આવતો નથી.

(b) (૧) મેડિકલ, હોમીયોપેથીક અને ફિઝિયોથેરાપીમાં કાઉન્સિલના નિયમો લાગુ પાડવામાં આવે છે.

(૨) ફાર્મસી પરીક્ષામાં યુનિવર્સિટીના ગ્રેસીગના નિયમો લાગુ પાડવામાં આવે છે.

(c) MCI નિયમ તબીબી વિદ્યાશાખાની નવેમ્બર/ ડિસેમ્બર – ૨૦૦૦માં લેવાયેલી પરીક્ષાઓથી લાગુ પાડવામાં આવ્યા હતા.

એમ.સી.આઈ.ના નિયમ નીચે મુજબ છે.

The grace marks up to a maximum of five marks may be awarded at the Discretion of the University to a student who has failed only in one subject but has passed in all other subject.

(d) સૂચના ૮૭ A અને ૮૭ B મેડિકલ ફેકલ્ટીનાં સ્નાતક કક્ષાની પરીક્ષામાં લાગુ પાડવામાં આવતા નથી.

અન્ય તમામ ફેકલ્ટીમાં ૮૭ A અને ૮૭ B હેઠળ અપાતા ગ્રેસીગનો લાભ ગ્રેસીગની વ્યાખ્યામાં આવે છે.

(e) (i), (ii), (iii) } યુનિવર્સિટીના સ્ટેટયૂટ – ૩૬, ૨ (૧) સી હેઠળ અમાન્ય કરવામાં આવે છે.

(iv) નાજી.

(v) માહિતી ઉપલબ્ધ નથી.

**પ્રશ્નઃ ૭૮** યુનિવર્સિટીની એન્જિનિયરીંગ ફેકલ્ટીમાં કેટલાં વર્ષથી ફેકલ્ટી ડીનની નિમણૂંક થઈ નથી ? શા કારણે ?

**ઉત્તરઃ ૭૮** એસ.વી.એન.આઈ.ટી. ડીસેમ્બર – ૨૦૦૩ થી ડીમ્ડ યુનિવર્સિટી તરીકે અલગ પડતા ત્યારથી આ યુનિવર્સિટીમાં એન્જિનીયરીંગ ફેકલ્ટીમાં ડીનની નિમણૂંક થઇ નથી. પ્રસ્તુત વિદ્યાશાખા હેઠળના સભ્યો પૈકી કોઈપણ સભ્ય સંલગ્ન એન્જીનીયરીંગ કોલેજમાં શિક્ષક અને સાથે સાથે સેનેટરનો હોદ્દો ધરાવતા નથી. આ બાબતે યુનિવર્સિટી એકટ ૨૫(૧) ની જોગવાઈનો પાઠ નીચે પ્રમાણે છે.

**Deans of Faculties :**

**Act 25 (1) :**

There shall be a Dean of each faculty who shall be elected by the faculty from amongst its members, provided that he is a member of the senate and also a teacher or Principal

**પ્રશ્નઃ ૭૯** (અ) યુનિવર્સિટીમાં એક તરફ વર્ષોથી મંજૂર થયેલ જગ્યાઓ ભરવામાં આવતી નથી અને યુનિવર્સિટીના વહીવટમાં વયમર્યાદાના કારણે નિવૃત થયેલ કયા કયા કર્મચારીઓને કઈ તારીખથી કયા કયા વિભાગમાં ફરીથી નિમવામાં આવ્યાં ?

(બ) તે દરેકને માસિક કેટલી રકમ ચૂકવવામાં આવે છે ?

(ક) (અ) હેઠળ નિમાયેલાં કર્મચારીઓ પેન્સન મેળવે છે ? કે મેળવવા પાત્ર છે ? જો પેન્સન મળતું હોય તો પેન્સનની રકમની માહિતી આપવા વિનંતી છે.

(ડ) યુનિવર્સિટીના ગ્રંથાલયમાં હાલમાં ઈન્ચાર્જ લાયબ્રેરીયન તરીકે કોણ ફરજ બજાવે છે ?

**ઉત્તરઃ ૭૯** (અ) ખાલી જગ્યાઓ સરકારશ્રીની મંજૂરી વિના ભરી શકાતી નથી. તેથી યુનિવર્સિટીમાં પ્રવર્તતા સ્ટાફની ઘટને ધ્યાને લઈ પરીક્ષાની સમય મર્યાદાની કામગીરી ધ્યાને લઈ વહીવટી સરળતા ખાતર શ્રી બી.સી. પટેલની પરીક્ષા વિભાગમાં તા. ૬–૧–૨૦૦૬થી છ માસ માટે ફીકસ્ડ પગારથી પરીક્ષા વિભાગમાં નિમવામાં આવેલ છે.

(બ) રૂા. ૬,૦૦૦/–

(ક) (અ) કાર્યવાહી ચાલુ છે.

(ડ) કોઈ નહી.

**પ્રશ્નઃ ૮૦** યુનિવર્સિટીમાં ભૂકંપ બાદ જુના મકાનોના રિપેર બાદ તથા નાશ કરેલ મકાનોમાંથી મળેલ કાટમાળ જેવો કે બારી–બારણાં, ઈલેકટ્રીક સામાન, પ્લમ્બરીંગ સામાન, ટાઈલ્સો, છારૂ, લોખંડના સળીયાં વિગેરે ચીજવસ્તુઓનાં વેચાણમાંથી કોઈ આવક મળી છે ?

જો મળી હોય તો કેટલી રકમની આવક મળી ?

**ઉત્તરઃ ૮૦** સ્ટેટ્યૂટ ૩૬ (૨)(i)(g) મુજબ પ્રસ્તુત ઉત્તર આપી શકાય એમ નથી.

**પ્રશ્નઃ ૮૧** (ક) વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીની હાલની સિન્ડિકેટ કઈ તારીખથી વિધિવત રીતે અસ્તિત્વમાં આવી ?

(ખ) કઈ તારીખે સભ્યોની ચૂંટણી કરવામાં આવી હતી ?

(ગ) ચૂંટાયેલાં સભ્યોની ત્રણ વર્ષની મુદત ક્યારે કઈ તારીખે પૂરી થાય છે ?

(ઘ) નિયુકિત (સરકાર દ્વારા) પામેલાં સિન્ડિકેટ સભ્યોની મુદત ક્યારે અને કઈ તારીખે પૂરી થાય છે?

**ઉત્તરઃ ૮૧** (ક) વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીની હાલની સિન્ડિકેટ તા. ૨૩–૫–૨૦૦૩થી વિધિવત રીતે અસ્તિત્વમાં આવી.

(ખ) તા. ૧૧–૫–૨૦૦૩થી સભ્યોની ચૂંટણી કરવામાં આવી હતી.

(ગ) ચૂંટાયેલા સભ્યોની ત્રણ વર્ષની મુદત તા. ૨૨–૫–૨૦૦૬ પૂરી થાય છે.

(ઘ) નિયુકિત (સરકાર દ્વારા) પામેલાં સિન્ડિકેટ સભ્યોની મુદત તા. ૨૨–૫–૨૦૦૬ મુદત પૂરી થાય છે.

**પ્રશ્નઃ ૮૨** (i) વી.ન.દ.ગુ.યુનિ.ની વિવિધ ફેકલ્ટીના હાલના ડીનશ્રીઓએ ડીન તરીકે કઈ તારીખે ચાર્જ સંભાળ્યો હતો ?

(ii) મેડીકલ ફેકલ્ટી અને મેનેજમેન્ટ ફેકલ્ટીના ડીનશ્રીઓએ કઈ તારીખે ચાર્જ સંભાળ્યો હતો?

**ઉત્તરઃ ૮૨** (i) વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીની વિવિધ ફેકલ્ટીના હાલના ડીનશ્રીઓએ ડીન તરીકે ૦૮–૦૭–૨૦૦૩ થી જાહેરનામુ બહાર પાડવામાં આવેલ છે.

(ii) મેડીકલ ફેકલ્ટીના ડીન ડૉ. પી. કે. પટેલ ફારેગ થતાં તેમના સ્થાને નવા ડીન ડૉ. એસ. કે. વાજપાઈ તા. ૧૭–૦૭–૦૪ ના જાહેરનામાથી નિમણૂંક પામ્યા.

**પ્રશ્નઃ ૮૩** યુનિવર્સિટી કેમ્પસ પર અન્ય ઉપયોગો માટે સ્વનિર્ભર આવકમાંથી નવા ભવનો કે મકાનોનું નિર્માણ કે જુના ભવનોનું વિસ્તરણ કરવામાં આવે છે ત્યારે

(a) યુનિ.ના ઉપકુલપતિશ્રીના કેમ્પસ પરના નિવાસ સ્થાન માટે તેમજ

(b) . યુનિ.ના કુલસચિવશ્રીના નિવાસસ્થાન માટે અલગ–સ્વતંત્ર મકાન ક્યારે બનાવવામાં આવશે ?

**ઉત્તરઃ ૮૩** (a) અને (b) } આ સંદર્ભે કાર્યવાહી ચાલુ છે.

**પ્રશ્નઃ ૮૪** (A) વી.ન.દ.ગુ.યુનિ.માં ડીનઓફ કોલેજ ડેવલપમેન્ટ કાઉન્સિલ તથા રજીસ્ટ્રારની નિમણૂંક માટે આપેલ છેલ્લી જાહેરાતના ભાગરૂપે આ બે જગા માટે કુલ કેટલી અરજીઓ આવી?

(B) કોના કોના તરફથી અરજીઓ આવી ?

(C) તેમાંથી જે તે પદ પર કોને કોને અને કેટલા ઉમેદવારોને રૂબરૂ ઈન્ટરવ્યુ માટે બોલાવવામાં આવ્યા હતા?

(D) છેલ્લી જાહેરાતના સંદર્ભમાં કુલસચિવશ્રીની જગા માટે પ્રથમ કોલ લેટર મોકલી પાછળથી તે રદ કરવામાં આવેલ તે હકીકત સાચી ?

(E) જવાબ જો 'હા' હોય એટલ કે, વાત સાચી હોય તો એ કોલ લેટર કોને મોકલવામાં આવ્યો હતો અને શા કારણે રદ કરવામાં આવ્યો હતો ?

(F) એ જ છેલ્લી જાહેરાતના સંદર્ભમાં કુલસચિવશ્રીની જગા માટે રૂબરૂ મુલાકાત માટે બોલાવવામાં આવેલ ઉમેદવારોની સિનોપ્શીસની નકલ આપવા વિનંતી.

**ઉત્તરઃ ૮૪** (A) સી.ડી.સી. ડીનની જગા માટે છ અરજીઓ અને રજીસ્ટ્રારની જગા માટે સાત અરજીઓ આવી હતી.

(B)

| | |
|---|---|
| ડીન માટે | (૧) શ્રી ડી.એમ. દેસાઈ, (૨) ડો. એમ.એચ. મહેતા, (૩) શ્રી ડી.સી. શાહ, (૪) પ્રો. જે.આર. મહેતા, (૫) ડો. પી.કે. હિરાધર, (૬) ડો. કે.એમ. પંડયા |
| રજીસ્ટ્રાર માટે | (૧) શ્રી ડી.એલ. આહિર, (૨) શ્રી એમ.એસ. મહેતા, (૩) શ્રી બી.એ. શુકલ, (૪) શ્રી ડી.સી. શાહ, (૫) શ્રી બી.એમ. પટેલ, (૬) પ્રો. જે.આર. મહેતા, (૭) શ્રી આર.એલ. ઝાલા |

(C)

| | |
|---|---|
| ડીન માટે | (૧) ડો. એમ.એચ. મહેતા, (૩) પ્રો. જે.આર. મહેતા, (૪) ડો. પી.કે. હીરાધર, (૫) ડો. કે.એમ. પંડયા |
| રજીસ્ટ્રાર માટે | (૧) શ્રી બી.એ. શુકલ, (૨) પ્રો. જે.આર. મહેતા. |

(D) હાજી.

(E) શ્રી એમ.એસ. મહેતા, વડોદરા, યુજીસી નોટીફીકેશન **No. F.1 - 13/ 99 (PS) P.t. file dtd. 27-11-2001** અંતર્ગત લાયકાત ન ધરાવતા હોવાને કારણે.

(F) સભા સમયે ટેબલ પર જોવા મળશે.

**પ્રશ્નઃ ૮૫** (અ) યુનિ.ના ગેસ્ટહાઉસમાં તા. ૧–૪–૨૦૦૨ થી આજદિન સુધી આપણી યુનિ.ના કયા કયા વહીવટી અધિકારીઓ, પદાધિકારીઓ રહ્યાં છે ?

(બ) તેઓ પાસેથી આ પેટે કેટલી રકમનો ચાર્જ વસૂલ કરવામાં આવ્યો છે ?

(ક) દરેક કેટલા દિવસો સુધી રહ્યાં હતાં ?

**ઉત્તરઃ ૮૫** (અ), (બ), (ક) } કાર્યાલયના રેકર્ડ ઉપર આવી કોઈ માહિતી ઉપલબ્ધ નથી.

**પ્રશ્નઃ ૮૬** (A) યુનિ. કેમ્પસ પરના જુદા જુદા મકાનો, ભવનો, રહેઠાણો, હોસ્ટેલો, વિગેરે સ્થળે આવેલ પાણીની ટાંકીઓ, ઓવરહેડ તથા અન્ડરગ્રાઉન્ડ વોટર ટેન્ક નિયમિત સફાઈ કરવામાં આવે છે?

(B) જવાબ જો 'હા' હોય તો વર્ષ ૨૦૦૪–૨૦૦૫ અને વર્ષ ૨૦૦૫–૨૦૦૬ (આજદિન સુધી) થયેલ કુલ સફાઈ ખર્ચની વિગતવાર માહિતી તારીખ સહિત આપવા વિનંતી છે.

**ઉત્તરઃ ૮૬** (A) હાજી.

(B) સ્ટેટયૂટ ૩૬ (૨)(i)(g) મુજબ પ્રસ્તુત ઉત્તર આપી શકાય એમ નથી.

**પ્રશ્નઃ ૮૭** (ક) રાજયમાં ભૂંકપ આવ્યા બાદ વી.ન.દ.ગુ.યુનિ. કેમ્પસ પર નવા બાંધવામાં આવેલ જુના મરામત કરવામાં આવેલ, વિવિધ ભવનો પાછળ અલગ અલગ રીતે થયેલ વિવિધ ખર્ચાઓ વિવિધ હેડ હેઠળના ખર્ચાઓની દરેક ભવન/ મકાનદીઠ આર્કિટેકટની ફી સહિતની થયેલ ખર્ચની વિગતવાર માહિતી આપશો.

(ખ) યુનિ.ની કમ્પાઉન્ડ વોલ બનાવવા પાછળ થયેલ ખર્ચની રકમ અને વિગતવાર માહિતી આપશો.

(ગ) યુનિ.ના મેઈનગેટ બનાવવા પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો?

(ઘ) યુનિ.ના રસ્તા બનાવવા રિપેર કરવા પાછળ છેલ્લાં પાંચ વર્ષમાં કેટલો ખર્ચ કરવામાં આવ્યો?

**ઉત્તરઃ ૮૭** (ક) (ખ) (ગ) (ઘ) } સ્ટેટયૂટ–૩૬(૨)(i)(g) મુજબ ઉત્તર આપી શકાય તેમ નથી.

**પ્રશ્નઃ ૮૮** **Information Act- 2005** અંગેની માહિતી આપવા તથા

(a) રાજય સરકાર તરફથી એ બાબતે આવેલ પત્રની નકલ આપવા વિનંતી.

(b) આ એકટ આપણી યુનિવર્સિટીમાં કઈ તારીખથી અમલમાં આવ્યો ?

(c) આ એકટ હેઠળ યુનિવર્સિટીએ કોઈ અલાયદું વ્યવસ્થાતંત્ર ઉભું કર્યુ છે ? અને કર્યુ હોય તો તે હેઠળ જુદી જુદી કક્ષાએ નિમાયેલ અધિકારીઓની હોદ્દા સહિતની માહિતી આપવા વિનંતી છે.

(d) આ એકટ આપણી યુનિવર્સિટીમાં અમલમાં આવ્યો ત્યારથી આજદિન સુધી કેટલી વ્યકિતઓએ માહિતી માંગી છે ? તે માટે કેટલી ફી જમા થઈ છે ? તે સૌને નિયત સમય મર્યાદામાં માહિતી મોકલી છે ?

(e) (i) આ બાબતે યુનિવર્સિટીએ માહિતી માંગવા કે જાણવાની અધિકાર પ્રાપ્ત થયાની રૂએ કોઈ નિયતપત્રક બનાવેલ છે ?

(ii) જો બનાવેલ હોય તો કઈ તારીખથી તે બહાર પાડવામાં આવ્યું ?

(iii) અરજી પત્રકના નમૂનાની કોપી સામેલ કરવા વિનંતી છે.

(f) (i) આ એકટ અન્વયે યુનિવર્સિટીના અધિકારમંડળના કોઈ સભ્યે યુનિવર્સિટી પાસે માહિતી માંગી છે ? તે બાબતે કેટલાપત્રો કઈ કઈ તારીખે યુનિવર્સિટીને મળ્યાં છે ?

(ii) આ પત્રના જવાબો કે માંગેલ માહિતી કયારે કયારે તે સભ્યને મોકલી આપવામાં આવી ?

(g) (૧) યુનિવર્સિટીના વિવિધ અધિકારમંડળના સભ્યો કે જે ગવર્નીંગ ઓથોરીટી ગણાય છે એવા સભ્યોએ પ્રશ્ન દીઠ જરૂરી ફી યુનિવર્સિટીને ચુકવવાની હોય છે ?

(૨) આ સભ્યો યુનિવર્સિટી બહારની કે પ્રજાની વ્યાખ્યામાં આવી શકે ?

(૩) જવાબમાં જો "આવી શકે" તો યુનિવર્સિટીના કુલપતિશ્રી, ઉપકુલપતિશ્રી કે સિન્ડિકેટ સભ્યો, સેનેટ સભ્યો વિવિધ વિભાગોને લગતાં પ્રશ્નો પૂછી માહિતી માંગે તો તેમણે દર વખતે નિયમાનુસાર ફી ભરવાની હોય છે ?

(૪) આ રીતે યુનિવર્સિટીમાં ફીની કેટલી રકમ જમા કરાવી તેની માહિતી આપવા વિનંતી.

(i) આ એકટ હેઠળ કરેલ જોગવાઈ અનુસાર યુનિવર્સિટી નિયત સમયમર્યાદામાં માંગેલ માહિતી તે સભ્ય કે વ્યકિતને ન આપે તો દંડની જોગવાઈ છે ?

**ઉત્તર:** ૮૮ (a) સભા સમયે ટેબલ ઉપર રજૂ કરવામાં આવશે.

(b) આ અંગેના જરૂરી ફોર્મેટવાળા ફોર્મસ તૈયાર કરી તા.૨૩–૧૨–૨૦૦૫થી અમલમાં આવેલ છે.

(c) માહિતી મેળવવાનો અધિકાર અધિનિયમ – ૨૦૦૫નો અમલ કરવા નીચે જણાવેલ અધિકારીઓની તેઓના નામ સામે જણાવેલ જગા પર આદેશાનુસાર નિમણૂંક કરવામાં આવેલ છે.

| | | |
|---|---|---|
| ૧. | એપેલેટ ઓથોરીટી | મા. કુલપતિશ્રી |
| ૨. | માહિતી અધિકારી | કુલસચિવશ્રી |
| ૩. | મદદનીશ માહિતી અધિકારી | યુનિવર્સિટીના તમામ અનુસ્નાતક વિભાગના વડાશ્રીઓ |
| | | પરીક્ષા નિયામક |
| | | ગ્રંથપાલ |
| | | નાયબ કુલસચિવ |
| | | મુખ્ય હિસાબી અધિકારી |
| | | નિયામક (યુ. કલ્યાણ અને શા. શિ.) |
| | | યુનિવર્સિટી ઈજનેર |
| | | હોસ્ટેલ વોર્ડન |
| | | મદદનીશ કુલસચિવ |
| | | મદદનીશ ગ્રંથપાલ |

(d) માહિતી મેળવવાનો અધિકાર અધિનિયમ યુનિવર્સિટીમાં અમલમાં આવ્યો ત્યારથી નિયત કરેલ ફોર્મ પ્રમાણે ફકત એકજ વ્યકિતએ માહિતી માંગેલ છે. જેની ફી રૂા. ૨૦/– જમા થયેલ છે. તેમજ નિયત સમય મર્યાદામાં માહિતી મોકલેલ છે.

(e) (i) હાજી,

(ii) તા. ૨૩–૧૨–૨૦૦૫

(iii) પ્રસ્તુત પત્રની નકલ સભા સમયે ટેબલ ઉપર રજૂ કરવામાં આવશે.

(f) (i) નાજી.

(ii) ઉપર (i) મુજબ જવાબ આપવાનો રહેતો નથી.

(g) (૧) હાજી.

(૨) સ્ટેટ્યૂટ ૩૬ (૨) અંતર્ગત માહિતી આપવાની રહેતી નથી.

(૩) ઉપર (g) (૨) મુજબ માહિતી આપવાની રહેતી નથી.

(૪) ઉપર ૪૧– (d) મુજબ

(i) હાજી

**પ્રશ્ન:** ૮૯ (અ) **Information Act- 2005** હેઠળ વ્યકિત / અધિકારી મંડળના સભ્યો કે પ્રજાને માહિતી માંગવાના અને જાણવાનાં અધિકારીની રૂએ જરૂરી હકકો પ્રાપ્ત થયાં છે અને **Act** જયારે સર્વોપરી ગણાય છે ત્યારે આ **Act** ના અમલ બાદ સેનેટ સભ્યો સેનેટની મિટીંગ વખતે પ્રશ્નો પૂછી માહિતી માંગે છે ત્યારે યુનિવર્સિટી સ્ટેટ્યૂટ ૩૬ (૨) **(i)** **(a to 4)** અને ૩૬ (૨) **(ii)** નો આધાર લઈ યુનિવર્સિટી જવાબ આપવાનું ટાળે છે. ત્યારે આ **Act** અમલમાં આવતાં સેનેટ સભ્યોએ પૂછેલા પ્રશ્નોનાં જવાબો કે સાચી હકીકતો સભ્યોને આપવામાં આવનાર છે કે કેમ ?

(બ) Information Act- 2005 અમલમાં આવવાથી આપણી યુનિવર્સિટીએ તેના સ્ટેટ્યૂટ ૩૬ (૨) માં જરૂરી સુધારો કરવાની પ્રક્રિયા હાથ ધરી છે ? હાથ ધરવામાં માંગે છે ? સ્પષ્ટતા કરવા વિનંતી.

**ઉત્તર:** ૮૯ (અ) યુનિવર્સિટી એકટ અને તેનાં અંતર્ગત બનેલા સ્ટેટટ્યૂટને ધ્યાને રાખીને કાર્યવાહી કરવામાં આવે છે.

(બ) કાનુની અભિપ્રાય લઈ કાર્યવાહી કરવામાં આવશે.

**પ્રશ્ન:** ૯૦ (A) ગત તા. ૨૮– ૨૯/ ૩/ ૨૦૦૫ના રોજ મળેલ સેનેટની વાર્ષિક સભા દરમ્યાન પૂછવામાં આવતાં પ્રશ્નોનાં સંદર્ભમાં સેનેટ સભ્યશ્રી કે.બી. પટેલ દ્વારા પૂછવામાં આવનાર પ્રશ્ન નં ૧૫ (ગ) માં જણાવ્યા મુજબ યુનિ.ના **C.A.O.** ની નિમણૂંકનો પત્ર જવાબમાં દર્શાવ્યા મુજબ " સભા સમયે રજૂ કરવામાં આવશે" તે મુજબ નિમણૂક પત્ર સભા સમયે રજૂ કરવામાં આવ્યો હતો ?

(B) કેટલાંક પ્રશ્નોના (સેનેટની સભામાં રજૂ થયેલ) જવાબો ટેબલ પરથી જોઈ શકાશે કે ટેબલ પરથી મળી રહેશે તે મુજબ સભ્યોને ટેબલ પરથી માહિતી આપવામાં આવે છે ?

(C) "સભા સમયે રજૂ કરવામાં આવશે" અને ટેબલ પરથી જોઈ શકાશે / મળી શકશે એ બાબતમાં કયો ભેદ રહેલો છે ?

(D) **C.A.O.** નો નિમણૂંક પત્ર સભા સમયે કેમ રજૂ કરવામાં આવ્યો ન હતો ?

(E) પ્રશ્ન પૂછનાર સેનેટ સભ્ય શ્રી કે.બી. પટેલ એ નિમણૂંક પત્ર સભા સમયે રજૂ ન થતાં મિટીંગ પૂરી થવા પહેલાં ડાયસ પરના ટેબલ પર જોવાં ગયાં હતાં ?

(F). તે સમયે એ નિમણૂંક પત્રની ફાઈલ જોવાં હાથ પર લેતાં એડહોક **C.A.O.** એ એ ફાઈલ ખેંચી લઈ એમને જોવા ન આપી હતી એ વાત સાચી ?

(G) મિટીંગ પૂરી થવા પહેલાં યુનિ. ના તત્કાલીન કુલસચિવશ્રી પાસે શ્રી પટેલએ ચિઠ્ઠી મોકલી ટેબલ પર જવાબ આપવા બાબતે જણાવ્યું હતું ?

(H) ઇન્ચાર્જ કુલસચિવશ્રીએ તાત્કાલિક સૂચના એ બાબત અંગે રૂબરૂમાં એડહોક **C.A.O.** ને આપી હતી? ત્યાર બાદ એ નિમણૂંક પત્ર શ્રી કે.બી. પટેલને બતાવવામાં આવ્યો હતો ?

**ઉત્તરઃ ૯૦** (A) હાજી.

(B) હાજી.

(C) કોઈ ભેદ નથી.

(D) રજૂ કરવામાં આવ્યો હતો.

(E) હાજી.

(F) સ્ટેટ્યૂટ ૩૬ (૨) (i) (b) મુજબ જવાબ આપવાનો રહેતો નથી.

(G) હાજી.

(H) હાજી.

**પ્રશ્નઃ ૯૧** (ક) ઉપરોક્ત **C.A.O.** (એડહોક)ના નિમણૂંક પત્ર સંદર્ભમાં મિટીંગ પૂરી થઈ ત્યારે કેટલાક સિનિયર સેનેટ/ સિન્ડિકેટ સભ્ય મહાશયની હાજરીમાં એડહોક **C.A.O.** શ્રી રાજપૂતે સિનિયર સેનેટ સભ્ય શ્રી કે.બી. પટેલ જોડે બિભત્સ ચેનચાળા અને ગંદી ભાષા પ્રયોગ કરી કોઈ વર્તન કરવામાં આવ્યું હતું ?

(ખ) એના સંદર્ભમાં યુનિ.ના કેટલાક સિનિયર સેનેટ/ સિન્ડિકેટ સભ્યોએ તથા શ્રી કે.બી. પટેલએ તાત્કાલિક મૌખિક ફરિયાદ યુનિ.ના પાર્કિંગમાં પ્રો. વી.સી. શ્રી દેશકરને કરી હતી ?

(ગ) ત્યાર બાદ એજ સિનિયર સેનેટ/ સિન્ડિકેટના સભ્યોએ તથા શ્રી કે.બી. પટેલએ યુનિ.ના કુલપતિશ્રી, યુનિ.ના પ્રો.વી.સી.શ્રી તથા યુનિ. ના મહામહિમ કુલાધિપતિશ્રીને પત્ર લખી એડહોક **C.A.O.** એ કરેલ અપમાનિત – ગંદી કુચેષ્ટા બાબતની લેખિત ફરિયાદ કરી હતી ?

(ઘ) એ ફરિયાદના સંદર્ભમાં એમની સામે કોઈ શિસ્તભંગના પગલાં લેવામાં આવ્યાં હતાં ?

(ચ) શ્રી રાજપૂત સામે તે ફરિયાદ બાબતે શી કાર્યવાહી કરવામાં આવી હતી ? વિગતવાર માહિતી આપશો.

**ઉત્તરઃ ૯૧** (ક) સ્ટેટ્યૂટ ૩૬ (૨) (i) (b) મુજબ જવાબ આપવાનો રહેતો નથી.

(ખ) હાજી.

(ગ) હાજી.

(ઘ) નાજી.

(ચ) લેખિત ખુલાસો મંગાવવામાં આવ્યો હતો જે સ્વીકારવામાં આવ્યો હતો.

**પ્રશ્નઃ ૯૨** (અ) યુનિ.ના મુખ્ય હિસાબી અધિકારીશ્રીની નિમણૂંક "એડહોક" છે એવું ગત સેનેટના પ્રશ્ન નં.: ૨૯ (૧)ના જવાબ આપવામાં આવ્યું હોવા છતાં એઓ યુનિ.ના તમામ પેપર્સ ઉપર "એડહોક મુખ્ય હિસાબી અધિકારી" કેમ લખતાં નથી ?

(બ) આ બાબત યુનિ. વહીવટકર્તાઓના ધ્યાનમાં કેમ નથી આવી ?

(ક) એ બાબતે યુનિ.ના વહીવટકર્તાઓ કયા પગલાં લેવા માંગે છે ?

**ઉત્તરઃ ૯૨** (અ) જરૂર નથી.

(બ) ધ્યાનમાં છે પરંતુ જરૂર નથી.

(ક) હાલ કોઈ પગલાં લેવાની જરૂર નથી.

**પ્રશ્નઃ ૯૩** યુનિ.માં નાયબ કુલસચિવશ્રી તરીકે નિમણૂંક પામેલાં શ્રી દિનેશભાઈ પી. પટેલની નોકરીની શરતો સહિતનો "નિમણૂંક પત્ર"ની નકલ જો સેનેટ સભ્યશ્રીને મોકલી આપવામાં કે માંગવાથી મોકલી આપવામા આવતી હોય તો –

(a) યુનિ.માં એજ જગ્યાની સમકક્ષ મુખ્ય હિસાબી અધિકારીશ્રીના "નિમણૂકપત્ર" સેનેટ સભ્યશ્રી દ્વારા માંગવા છતાં શા કારણે છૂપાવવામાં આવે છે ?

(b) એ નિમણૂંકપત્રમાં એવો તે કેવો ભેદ–રહસ્ય છે કે એ માંગવા છતાં પણ આપવામાં આવતો નથી ?

(c) આ નિમણૂંકપત્રની નકલ ન આપવા બાબતની સંપૂર્ણ માહિતીથી યુનિ.ના ઉચ્ચ વહીવટકર્તાઓને જાણ છે કે કેમ? કે તેઓ પણ આ નિમણૂંકપત્ર ન બતાવવાની બાબતમાં સંમંત છે?

(d) ગુજરાતની વડી અદાલતના હુકમ મુજબ મુખ્ય હિસાબી અધિકારીની જગ્યા તદ્દન "એડહોક ધોરણે કરવી" એ વડી અદાલતના હુકમનો અનાદર (કેટેમ્પ ઓફ ધ કોર્ટ) તો નથી કરવામાં આવ્યોને ?

(e) નિમણૂંક પત્રમાં જણાવેલ બાબતની વિગતો આપવી.

**ઉત્તરઃ ૯૩** (a) મેટર સબજ્યુડીસયલ હોવાથી.

(b) અગાઉની સેનેટની સભામાં ટેબલ પર સદર નિમણૂંકપત્ર રજૂ કરવામાં આવ્યો હતો.

(c) ઉપર (b) મુજબ.

(d) નાજી.

(e) ઉપર (b)ના સંદર્ભમાં જવાબ આપવાનો રહેતો નથી.

**પ્રશ્નઃ ૯૪** (અ) યુનિ.ના એડહોક **CAO**ની નિમણૂંક કઈ તારીએ કરવામાં આવી ?

(બ) કેટલા સમય માટે ?

(ક) ત્યાર બાદ કોઈ જાહેરાત એ જગા માટેની ભરતી સંદર્ભે કરવામાં આવી છે કે કેમ ?

(ડ) જો કરવામાં આવી હોય તો કયારે અને કઈ તારીખે, કયા સમાચારપત્રોમાં ? વિગત આપવી.

(ઈ) "એડહોક નિમણૂંક"ને યુનિ.ના ઉચ્ચ વહીવટી અધિકારીઓ કે વહીવટકર્તાઓ કઈ દ્રષ્ટિકોણથી, કયા માપદંડથી નિહાળે છે – મૂલવે છે ?

(ઉ) યુનિ.ના મુખ્ય હિસાબી અધિકારીની કાયમી ભરતી બાબતે યુનિ.ના વહીવટકર્તા શું વિચારે છે?

(ઊ) તત્કાલીન મુખ્ય હિસાબી અધિકારીશ્રી પોપટના હાઈકોર્ટમાં જવા બાદ આજ દિન સુધીની કોર્ટ કાર્યવાહીની વિગતવાર માહિતી આપશો.

**ઉત્તરઃ ૯૪** (અ) ૧૯–૦૭–૨૦૦૪ થી

(બ) નામદાર ગુજરાત હાઈકોર્ટના આદેશ મુજબ.

(ક) નાજી.

(ડ) ઉપર ક ના સંદર્ભમાં જવાબ આપવાનો રહેતો નથી.

(ઈ) આ બાબત અભિપ્રાયને લગતી છે.

(ઉ) નામદાર ગુજરાત હાઈકોર્ટના આદેશને આધિન.

(ઊ) નામદાર હાઈકોર્ટમાં તે કેસની કાર્યવાહી ચાલુ છે. **Final Judgement** હજી સુધી આવેલ નથી.

**પ્રશ્નઃ ૯૫** આપણી યુનિ.માં એડહોક **CAO** તરીકે નિમાયેલાં શ્રી રાજપૂતની નોકરીના સંદર્ભમા ગત તા. ૨૮–૩–૦૫ની સેનેટના <u>પ્રશ્ન નં.: ૩૫ અ–બ–કના</u> ઉત્તરના સંદર્ભમાં <u>૩૫–બ ના</u> જવાબમાં શ્રી રાજપૂતના "એડમિનિસ્ટ્રેટીવ એકસપીરીઅન્સ" તથા "અધર એકસપીરીઅન્સ"માં જણાવ્યા મુજબ...

| | | |
|---|---|---|
| શ્રી રાજપૂત | તા. ૧–૮–૮૦ થી ૧૫–૪–૮૧ | **Other Experience** |
| | તા. ૧૬–૪–૮૧ થી ૨૮–૨–૮૪ | |
| | તા. ૧–૩–૮૪ થી ૩૧–૩–૮૭ | |
| | તા. ૧–૪–૮૭ થી ૨૯–૧–૮૮ સુધી | |
| | **તથા** | |
| | તા. ૩૦–૧–૯૮ થી ૧૦–૬–૯૮ | **Administrative Experience** |
| | તા. ૧૧–૬–૯૮ થી ૨૬–૮–૦૨ | |
| | તા. ૨૭–૮–૦૨ થી ૨૧–૪–૦૩ | |

(અ) આના સંદર્ભમાં <u>તા. ૨૯–૧–૮૮</u> થી <u>તા. ૩૦–૧–૯૮</u> સુધીના સમયગાળામાં એઓશ્રીએ કયાં નોકરી કરી હતી ?

(બ) શ્રી રાજપૂતની, યુનિ.માં એડહોક **CAO** તરીકેની નિમણૂંક કઈ તારીખે કરવામાં આવી ?

(ક) તા. ૨૧–૪–૦૩ બાદ અને એડહોક **CAO** સુધીની નિમણૂંક સુધીના સમયગાળા દરમ્યાન એઓ કયાં નોકરી કરતાં હતા ?

(ડ) યુનિ.માં તા. ૨૧–૪–૦૩ના રોજની એમની નોકીરીની સમાપ્તિ બાદ ફરી **Adhoc CAO** તરીકેની નિમણૂંક સુધીના સમય માટે એમની નોકરી સળંગ ગણવામાં આવી છે ?

(ઈ) સળંગ નોકરીના સંદર્ભમાં એમને પેન્સન, ગ્રેજયુએટી, પી.એફ. વિગેરેના લાભો આપવા બાબતે યુનિ.એ કોઈ ઠરાવો કર્યા છે ?

(ઉ) જો કર્યા હોય તો કઈ તારીખોએ અને કયા અધિકારમંડળમાં ? વિગતો આપવી.

**(નોંધઃ** પૂછાયેલાં દરેક પ્રશ્નોનાં જવાબો સાચાં – મુદ્દાસર અને હકીકતલક્ષી હોવા જોઈએ.)

**ઉત્તરઃ ૯૫** (અ) ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ.

(બ) તા. ૧૯–૦૭–૨૦૦૪.

(ક) ૨૨–૦૪–૨૦૦૩ થી ૦૮–૦૫–૨૦૦૩ એડહોક રજીસ્ટ્રાર તરીકે, દ.ગુ. યુનિ., સુરતમાં સેવા બજાવી અને ત્યાર બાદ કોઈ નોકરીમાં જોડાયા ન હતા. તા. ૧૯–૦૭–૨૦૦૪થી નામદાર ગુજરાત હાઈકોર્ટના આદેશ આધિન સી.એ.ઓ. તરીકે જોડાયા.

(ડ) હાલ આવી કોઈ દરખાસ્ત આવી નથી.

(ઈ) નાજી.

(ઉ) ઉપર ઈ ના સંદર્ભમાં જવાબ આપવાનો રહેતો નથી.

**પ્રશ્નઃ ૯૬** (ક) યુનિ.ના વર્ષ ૨૦૦૫–૨૦૦૬ના "અંદાજપત્ર' યુનિ.ની બજેટ કમિટીએ સિન્ડિકેટ સમક્ષ રજૂ કર્યા બાદ– સિન્ડિકેટે મંજૂર કર્યા બાદ યુનિ.ની સેનેટની બહાલી માટે મૂકવામાં આવેલ તે બજેટ એટલે કે સિન્ડિકેટે મંજૂર કરેલ બજેટ અને સેનેટ સમક્ષ રજૂ કરવામાં આવેલ બજેટમાં વધારાના પાના સામેલ કરવાનું કૃત્ય કોના દ્વારા કરવામાં આવ્યું હતું ? (બજેટ સાથે ચેડાં કરવાનું કૃત્ય)

(ખ) એ વધારાના પાના કઈ બાબત અંગેનાં હતા ?

(ગ) એ વધારાના પાના બાબતે યુનિ.ની ફરી સિન્ડિકેટની મિટીગમાં કોઈ નિર્ણય લેવામાં આવ્યો હતો ? કે સિન્ડિકેટની જાણકારી બહાર આ બાબત બની હતી ?

(ઘ) આ વધારાના પાના સામેલ કરવા બાબતના કોઈ અધિકૃત અધિકારી સામે કોઈ શિસ્તભંગના પગલાં લેવામાં આવ્યા હતાં ?

(ચ) બજેટ બાબતની આ કુચેષ્ટા સામે યુનિ.ના વહીવટી અધિકારીઓ તથા ઉચ્ચ અધિકારમંડળ "આંખ આડા કાન" કરવા માંગે છે ?

(છ) શું યુનિ.માં આજ પ્રકારનો વ્યવહાર કે શિસ્ત ચાલ્યાં કરશે ?

**ઉત્તરઃ ૯૬** (ક) ચેડા કરવાનું કૃત્ય ન હતું.

(ખ) એસ્ટાબ્લિશમેન્ટ શીડયુલડમાં યુનિવર્સિટીના શૈક્ષણિક તથા વહીવટી સ્ટાફના નામ, હોદ્દા, હાલનું પગાર ધોરણ તથા મળતો બેઝીક પગાર અંગેની માહિતી અંગેના હતા.

(ગ) નાણાંસમિતિની મિટીગમાં મંજૂરી મળી હતી.

(ઘ) નાજી.

(ચ) નાજી.

(છ) સ્ટેટયૂટ ૩૬ (૨) (i) (c) મુજબ ઉત્તર આપવાનો રહેતો નથી.

**પ્રશ્નઃ ૯૭** સમગ્ર દેશમાં, જિલ્લામાં, રાજયમાં, શહેરોમાં, સ્કૂલો કે કોલેજોની કેન્ટીનોમાં ઠંડાપીણામાં થમ્સઅપ, કોકાકોલા, પેપ્સી, ફેન્ટા ઓરેંજ, ગોલ્ડસ્પોટ જેવા પીણાં સહેલાઈથી વેચાણમાં હોવા છતાં –

(a) કયા કારણથી યુનિ.ની કેન્ટીનમાં એ પીણાં મળતાં નથી ?

(b) શું યુનિ.ના તંત્ર વાહકોએ એ પીણાંઓ યુનિ. કેન્ટિનમાં વેચવા પર પ્રતિબંધ મૂકયો છે ?

(c) કેટલા સમયથી એ પીણાં યુનિ. કેન્ટિનમાંથી વેચવામાં નથી આવતાં ?

(d) હવેથી સદર પીણાં યુનિ. કેન્ટીન પર ઉપલબ્ધ બને તે પ્રમાણેની વ્યવસ્થા ગોઠવવા યુનિ.ના કેન્ટીન સંચાલકને તાત્કાલિક સૂચના આપવા વિનંતી.

**ઉત્તરઃ ૯૭** (a) સૂચનાઅનુસાર.

(b) નાજી.

(c) છેલ્લા બે વર્ષથી.

(d) સ્ટેટયૂટ ૩૬ (૨) (i) (c) હેઠળ જવાબ આપવાનો રહેતો નથી.

**પ્રશ્નઃ ૯૮** (ક) યુનિ.ની વિવિધ ફેકલ્ટીની મિટીંગો વર્ષ ૨૦૦૩–૨૦૦૪, વર્ષ ૨૦૦૪–૨૦૦૫, વર્ષ ૨૦૦૫–૨૦૦૬ દરમ્યાન ક્યારે ક્યારે મળી ?

(ખ) એ દરેક ફેકલ્ટીની છેલ્લી મિટીંગો ક્યારે મળી ? વિગતવાર, ફેકલ્ટી પ્રમાણે માહિતી આપવા વિનંતી.

**ઉત્તરઃ ૯૮** (ક)

| ક્રમ | વિદ્યાશાખા | વર્ષ | | |
|---|---|---|---|---|
| | | ૨૦૦૩–૨૦૦૪ | ૨૦૦૪–૨૦૦૫ | ૨૦૦૫–૨૦૦૬ |
| ૧ | વિનયન | તા. ૦૬–૧૦–૦૩ | તા. ૦૯–૦૮–૦૪ | |
| ૨ | વિજ્ઞાન | તા. ૨૯–૦૯–૦૩ | તા. ૨૫–૦૭–૦૫ | |
| ૩ | વાણિજ્ય | તા. ૦૮–૦૪–૦૩ | તા. ૦૫–૦૨–૦૫ | |
| ૪ | શિક્ષણ | તા. ૩૦–૦૧–૦૪<br>તા. ૨૫–૧૦–૦૪ | તા. ૨૦–૦૭–૦૫ | |
| ૫ | મેનેજમેન્ટ | તા. ૧૨–૦૯–૦૩ | તા. ૩૧–૦૫–૦૪<br>તા. ૦૭–૦૬–૦૪<br>તા. ૨૭–૦૭–૦૪<br>તા. ૨૧–૦૩–૦૫ | |
| ૬ | કાનૂન | તા. ૦૪–૦૭–૦૩ | તા. ૦૩–૦૩–૦૪<br>તા. ૨૧–૦૯–૦૪ | ૨૦૦૫–૦૬નો સમયગાળો પૂર્ણ થયો ન હોવાથી તેની માહિતી આપી શકાય તેમ નથી. |
| ૭ | ઈજનેરી | તા. ૨૧–૦૧–૦૪<br>તા. ૦૨–૧૨–૦૪ | તા. ૧૮–૦૧–૦૫<br>તા. ૦૮–૦૪–૦૫<br>તા. ૦૮–૦૮–૦૫<br>તા. ૧૨–૦૯–૦૫ | |
| ૮ | તબીબી | તા. ૦૪–૦૯–૦૩ | તા. ૦૭–૦૨–૦૪<br>તા. ૧૦–૦૫–૦૪<br>તા. ૨૭–૦૫–૦૪<br>તા. ૨૯–૦૫–૦૪<br>તા. ૨૦–૧૨–૦૪<br>તા. ૦૨–૦૨–૦૫<br>તા. ૨૪–૦૨–૦૫ | |
| ૯ | રૂરલ સ્ટડીઝ | તા. ૦૬–૧૨–૦૩ | – | |

(ખ)

| ક્રમ | વિદ્યાશાખા | છેલ્લી મિટીંગની તારીખ |
|---|---|---|
| ૧. | વિનયન | તા. ૧૮–૧–૦૬ |
| ૨. | વિજ્ઞાન | તા. ૨૫–૭–૦૫ |
| ૩. | વાણિજ્ય | તા. ૫–૨–૦૫ |
| ૪. | શિક્ષણ | તા. ૨–૧–૦૬ |
| ૫. | મેનેજમેન્ટ | તા. ૨૧–૩–૦૫ |
| ૬. | કાનૂન | તા. ૯–૧૨–૦૫ |
| ૭. | ઈજનેરી | તા. ૧૨–૯–૦૫ |
| ૮. | તબીબી | તા. ૨૭–૭–૦૫ |
| ૯. | રૂરલ સ્ટડીઝ | તા. ૫–૪–૦૫ |

**પ્રશ્ન: ૯૯** (A) વર્ષ ૨૦૦૫–૨૦૦૬ના બોર્ડ ઓફ એકા. કે જેમણે વર્ષ ૨૦૦૪–૨૦૦૫ના હિસાબો તપાસવાના છે તે હિસાબી ચકાસણી કામોની બોર્ડના સભ્યોની તા. ૩૦–૯–૦૫ના રોજ બોલાવવામાં આવેલ મિટીંગ અને તેની કાર્યવાહી સંદર્ભમાં બોર્ડ ઓફ એકા. ના સભ્યશ્રી કે.બી. પટેલ બોર્ડની તા. ૧૭–૨–૦૨ના રોજ મળનાર મિટીંગ અગાઉ તા. ૧૫–૨–૨૦૦૬ના રોજ યુનિ.ના ઈન્ચાર્જ કુલસચિવશ્રીને "અરજન્ટ" પત્ર પાઠવવામાં આવ્યો હતો તે પત્રનો પાઠ સેનેટના સર્વ સભ્યોની જાણકારી માટે મોકલવા વિનંતી.

(B) શું તા. ૧૭–૨–૨૦૦૬ની મિટીંગમાં શ્રી કે.બી.પટેલ હાજર રહ્યાં હતાં ?

(C) તા. ૩૦–૯–૦૫ની મિટીંગની કાર્યવાહી ખોટી લખવામાં આવી હતી ?

(D) યુનિ.ના ઈન્ચાર્જ કુલસચિવશ્રીને બોર્ડ ઓફ એકા.ની કાર્યસૂચી, કાર્યવાહીથી અજાણ રાખવામાં આવે છે.

**ઉત્તર: ૯૯** (A) બોર્ડ ઓફ એકાઉન્ટસની તા. ૧૭–૨–૦૬ના રોજ મળેલ સભામાં અગાઉ કહેવાતો તા. ૧૫–૨–૦૬નો શ્રી કે. બી. પટેલનો કોઈ પત્ર મળ્યો નથી. મીટીંગ પૂરી થયા બાદ સાંજે ૫–૩૦ કલાકે પત્ર મળ્યો હતો.

(B) નાજી.

(C) નાજી.

(D) નાજી.

**(૪) દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, ધારાની કલમ–૫૧ અન્વયે, સિન્ડિકેટે રજૂ કરેલ ૨૦૦૪–૨૦૦૫ના વર્ષનો યુનિવર્સિટીનો વાર્ષિક અહેવાલ.**

સિન્ડિકેટ તરફથી નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની આ. શ્રી ધનશ્યામપ્રસાદ છોટુલાલ સનાઢયએ નોટીસ આપી હતી

" વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, ધારાની કલમ–૫૧ અન્વયે, સિન્ડિકેટે રજૂ કરેલ ૨૦૦૪–૨૦૦૫ના વર્ષના યુનિવર્સિટીના વાર્ષિક અહેવાલની સેનેટની આ સભા, યુનિવર્સિટી ધારાની કલમ–૧૮(૧)ની પેટા કલમ–(૧૧) અન્વયે, વિચારણા કરી નોંધ લે છે. "

ઉપરોકત પ્રસ્તાવ આ. શ્રી ધનશ્યામપ્રસાદ છોટુલાલ સનાઢયએ રજૂ કર્યો અને તેને શ્રી હેમંતકુમાર જેઠાલાલ ટોપીવાલાએ અનુમોદન આપ્યું હતું. ચર્ચા વિચારણાને અંતે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો હતો.

**(૫) વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ – ૫૦ (૩) સ્ટેટયૂટ–૯૭ ❖ અન્વયે સિન્ડિકેટ તૈયાર કરેલ અને કલમ –૫૦ (૪) અન્વયે, રજૂ કરેલ યુનિવર્સિટીનું સને ૨૦૦૫–૨૦૦૬ નું સુધારેલ અંદાજપત્ર તથા ૨૦૦૬–૨૦૦૭ નું અંદાજપત્ર.**

સિન્ડિકેટ તરફથી નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની શ્રી હેમંતકુમાર જેઠાલાલ ટોપીવાલાએ નોટીસ આપી હતી :

"વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ – ૧૮ (૧) ની પેટા કલમ – (૧૧) અનુસાર સેનેટ સમક્ષ રજૂ કરેલ યુનિવર્સિટીના સને ૨૦૦૫–૨૦૦૬ ના સુધારેલ અંદાજપત્ર તથા સને ૨૦૦૬–૨૦૦૭ ના અંદાજપત્ર પર સેનેટની આ સભાએ વિચારણા કરી છે અને તેની નોંધ લે છે."

ઉપરોકત પ્રસ્તાવ શ્રી હેમંતકુમાર જેઠાલાલ ટોપીવાલાએ રજૂ કર્યો. તેને ડૉ. ગિરીશભાઈ એચ. શાહએ અનુમોદન આપ્યું હતું. ચર્ચા વિચારણાને અંતે અંદાજપત્ર સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યું હતું.

**(૬) સ્ટેટ્યૂટ–૧૯૯ અન્વયે સને ૨૦૦૪–૦૫ના વર્ષના યુનિવર્સિટીના હિસાબો અંગે બોર્ડ ઓફ એકાઉન્ટ્સનો અહેવાલ.**

ઉપરોકત પ્રસ્તાવ શ્રી વિનોદભાઈ એન. પટેલે રજૂ કર્યો અને તેને શ્રી. હેમંતકુમાર જેઠાલાલ ટોપીવાલાએ અનુમોદન આપ્યું હતું. ચર્ચા વિચારણાને અંતે **પરિશિષ્ટઃ 'ગ'** માં દર્શાવ્યા મુજબ સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો હતો.

**(પરિશિષ્ટઃ ગ )**

**(૭) સ્ટેટ્યૂટ–૨૨૯માં ડીગ્રીના નામમાં ફેરફાર અને નવી આમેજ કરેલી ડીગ્રી જે મા. કુલાધિપતિશ્રીએ સેનેટની તા. ૨૮–૩–૨૦૦૬ના રોજ મળનાર સભાની મંજૂરીની અપેક્ષાએ મંજૂર કરેલ છે, જે મા.કુલાધિપતિશ્રીના પગલાંની નોંધ લેવા અંગે.**

**પરિશિષ્ટઃ ' ઘ '** માં દર્શાવ્યા મુજબનો સ્ટેટ્યૂટ– ૨૨૯માં દર્શાવ્યા મુજબ કુલાધિપતિના પગલાંની નોંધ લેવામાં આવી હતી.

**(પરિશિષ્ટઃ ઘ )**

**(૮) સિન્ડિકેટે સુધારેલ ઓર્ડિનન્સ :**

ઓર્ડિનન્સઃ (૧) ૩૬, (૨) ૬૬ અને (૩) ૬૬ (બી)

ચર્ચા વિચારણાને અંતે સિન્ડિકેટે સુધારેલ ઉપરોકત ઓર્ડિનન્સ **પરિશિષ્ટઃ ' ચ '** માં આપ્યા મુજબ વંચાય તેની સર્વાનુમતે નોંધ લેવામાં આવી હતી.

**(પરિશિષ્ટઃ ચ )**

**(૯) યુ.જી .સી.ના દશમા પ્લાનમાં મંજૂર કરવામાં આવેલ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી કેમ્પસ પર સ્થપાનાર Centre for Women's Studies સંબંધિત સિન્ડિકેટ નિયુકત સમિતિના તા. ૪–૧–૨૦૦૬ના રોજ મળેલ સભાએ તૈયાર કરેલ અહેવાલ સિન્ડિકેટની તા. ૯–૨–૨૦૦૬ના ઠરાવ ક્રમાંકઃ ૨૮ અન્વયે સેનેટની વાર્ષિક સભામાં આર્ટસ ફેકલ્ટીના ડીનશ્રી દ્વારા રજૂ (Move) કરાવવા, Centre for Women's Studies ને સ્ટેટ્યૂટ – ૩૦૪ હેઠળ વાંચનમાં લેવા તેમજ સર્ટીફીકેટ કક્ષાના કોર્ષના અભ્યાસક્રમો ચલાવવા મંજૂરી આપવા ભલામણ કરેલ છે, જે અંગે વિચારણા કરવા બાબત.**

સિન્ડિકેટ તરફથી ઉપરોકત પ્રસ્તાવ રજૂ કરવાની આ.શ્રી ધનશ્યામપ્રસાદ છોટુલાલ સનાઢયએ નોટીસ આપી હતી:

ઉપરોકત પ્રસ્તાવ આ. શ્રી. ધનશ્યામપ્રસાદ છોટુલાલ સનાઢયએ રજૂ કર્યો અને તેને આ.ડૉ. વિક્રમભાઈ બળવંતરાય દેસાઈ અનુમોદન આપ્યું. ચર્ચા વિચારણાને અંતે અહેવાલ સ્વીકારવામાં આવ્યો તેમજ સ્ટેટ્યૂટ–૩૦૪ હેઠળ **Centre for Women's Studies** સર્ટીફીકેટ કક્ષાના અભ્યાસક્રમો ચલાવવાની સર્વાનુમતે મંજૂરી આપવામાં આવી હતી.

**(૧૦) સિન્ડિકેટ સભાની તા. ૧૬–૧૨–૦૫નાં સભાનાં ઠરાવ ક્રમાંકઃ ૪૭ અને ૪૮ અન્વયે સ્ટેટ્યૂટ ૧૦૬ (૨) ૧૨૦ (૩) વિજ્ઞાન વિદ્યાશાખા હેઠળ નીચે જણાવ્યા પ્રમાણેની જોગવાઈ આમેજ કરવાની સિન્ડિકેટની ભલામણ.**

**STATUTE- 106**

(2) 1) **Diagnostic Medical Laboratory Science**
2) **Industrial Chemistry**

**અને**

**STATUTE- 120**

(3) **FACULTY OF SCIENCE**

**33.** Microbiology - Medical Technology-Medical Laboratory Technology-**Diagnostic Medical Laboratory Science**

સિન્ડિકેટ તરફથી ઉપરોક્ત પ્રસ્તાવ રજૂ કરવાની શ્રી હોશંગ જહાંગીર મિરઝાએ નોટીસ આપી હતી:

સિન્ડિકેટ તરફથી ઉપરોક્ત પ્રસ્તાવ શ્રી હોશંગ જહાંગીરજી મીરઝાએ રજૂ કર્યો અને તેને ડૉ. કે.સી. પોરીયાએ અનુમોદન આપ્યું. ચર્ચા વિચારણાને અંતે **પરિશિષ્ટ: ' છ '** માં આપ્યા મુજબ સર્વાનુમતે મંજૂરી આપવામાં આવી હતી.

" સ્ટેટ્યૂટ–૧૦૬ અને ૧૨૦ (૩) પરિશિષ્ટમાં વંચાય તે સુધારવા અંગેની સિન્ડિકેટની ભલામણ મંજૂર કરવામાં આવી હતી."

**(પરિશિષ્ટ: છ )**

**(૧૧) સિન્ડિકેટની તા. ૯–૨–૦૬ની સભાના ઠરાવ ક્રમાંક : ૨૬ અન્વયે નીચે પ્રમાણે સ્ટેટ્યૂટ– ૨૨૩ના પાઠમાં (bold and Underline) કરેલ સુધારો નીચે જણાવ્યા પ્રમાણેની જોગવાઈ આમેજ કરવાની સિન્ડિકેટની ભલામણ.**

**STATUTE – 223:**

(A) A candidate who has passed the Higher Secondary Examination conducted by the **Gujarat Secondary & Higher Secondary Education Board, Gandhinagar** or an examination recognized as equivalent thereto shall be considered eligible for admission to:

(i) First Year of the Degree Course under the Faculty of Arts.

(ii) First Year of the Degree Course under the Faculty of Science

(1) (a) If he has passed the Higher Secondary Examination with three or more than three Science subjects including Mathematics can offer Mathematics as one of the subjects at F.Y. B.Sc. Class.

(b) If he has passed the Higher Secondary Examination with three or more than three Science subjects including Biology can offer Biology as one of the subjects at F.Y. B.Sc. Class.

OR

(2) If he has passed the examination with technical / agricultural vocational stream.

(iii) First Year of the Degree Course under the Faculty of Commerce, if he has passed the examination with any three Commerce subjects as prescribed in Ordinance Com - 1- A from time to time.

(iv) First Year of the Degree Course under the Faculty of Medicine if he has passed the Examination under the Science stream with **English, Physics, Chemistry and Biology.**

(v) First Year of the Degree Course under the Faculty of Technology including Engineering, if he has passed the examination with **Mathematics, Physics and Chemistry.**

**(vi) First Year of the Degree Course of Architecture under the Faculty of Technology including Engineering if he has passed the examinations with Mathematics, Physics and Chemistry.**

(vii) First Year of the two year -law preparatory course leading to the LL.B. (Professional) Degree under the Faculty of Law if he/she has obtained at least 45% (40% marks in case of SC/ST candidates) with English as one of his /her subjects at the Higher Secondary Examination or an examination recognized as equivalent thereto.

(viii) First Year of the Degree Course in Physical Education under the Faculty of Education.

**(ix) First year of the Degree Course under the Faculty of Rural Studies.**

(B) A candidate who has passed the **Higher Secondary Examination conducted by the Gujarat Secondary & Higher Secondary Education Board, Gandhinagar with Physics, Chemistry and Biology or Physics, Chemistry & Mathematics or Physics, Chemistry Mathematics & Biology** or an Examination recognized as equivalent thereto shall be considered eligible for admission to the course of study for First year Degree / Diploma in Pharmacy under the Faculty of Science.

સિન્ડિકેટ તરફથી ઉપરોક્ત પ્રસ્તાવ રજૂ કરવાની ડૉ. કે.સી.પોરીયા નોટીસ આપી હતી:

સિન્ડિકેટ તરફથી ઉપરોક્ત પ્રસ્તાવ ડૉ. કે. સી. પોરીયાએ રજૂ કર્યો અને તેને શ્રી હોશંગ જહાંગીરજી મીરઝાએ અનુમોદન આપ્યું.

ચર્ચા વિચારણાને અંતે પ્રસ્તુત સ્ટેટ્યૂટ – ૨૨૩ ઉપર પ્રમાણે વંચાય તે રીતે સિન્ડિકેટની ભલામણ સર્વાનુમતે મંજૂર કરવામાં આવી.

**(૧૨) સિન્ડિકેટ સભાની તા. ૧૬–૧૨–૨૦૦૫ની સભાનાં ઠરાવ ક્રમાંક: ૪૬ અન્વયે સ્ટેટયૂટ – ૨૨૯ (૧) અને (૩) વિનયન અને વિજ્ઞાન વિદ્યાશાખા હેઠળ નીચે જણાવ્યા પ્રમાણેની જોગવાઈ આમેજ કરવાની સિન્ડિકેટની ભલામણ.**

**STATUTE - 229:**

**1. FACULTY OF ARTS**

**(15) Master of Social Work** **(M.S.W.)**

**સિન્ડિકેટ તરફથી ઉપરોકત પ્રસ્તાવ આ. શ્રી ઘનશ્યામ પ્રસાદ છોટુલાલ સનાઢયએ રજૂ કરવાની નોટીસ આપી છે :**

**3. FACULTY OF SCIENCE**

**(13) Master of Science in Information & Communication Technology (M.Sc.) (I.C.T)**

**(17) Advanced P.G. Diploma in Medicinal Plants** **(APGDMP)**

સિન્ડિકેટ તરફથી ઉપરોકત પ્રસ્તાવ ડૉ. કે.સી. પોરીયાએ રજૂ કર્યો અને તેને ડૉ. વિપુલ જમનાદાસ સોમાણીએ અનુમોદન આપ્યું હતું.

" સ્ટેટયૂટ – ૨૨૯ **પરિશિષ્ટ: ' ઘ '** પ્રમાણે વંચાય તે રીતે સુધારવા અંગેની સિન્ડિકેટની ભલામણ મંજૂર કરવામાં આવી હતી.

**શ્રી ગૌરાંગ વિજયરાય વૈદ્યએ નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટીસ આપી હતી:**

૧૩ કુલપતિશ્રીના બંગલાની ઉત્તર દિશામાંથી એટલે કે, સુરત–ડુમસ રોડના ઈચ્છાનાથ મહાદેવ તરફની બાજુથી યુનિવર્સિટીમાં આવવાનો રસ્તો છેલ્લાં કેટલાક વર્ષોથી તત્કાલિન સરદાર વલ્લભભાઈ રીજીયોનલ કોલેજ ઓફ એન્જિનીયરીંગ એન્ડ ટેકનોલોજી અને હાલની એસ.વી.એન.આઈ.ટી. દ્વારા બંધ કરી દેવામાં આવ્યો છે, આ રસ્તો તાત્કાલિક અસરથી ખોલી દેવડાવવામાં આવે.

ઉપરોકત પ્રસ્તાવ શ્રી ગૌરાંગ વૈદ્યે રજૂ કર્યો અને તેને શ્રી હોશંગ જહાંગીર મીરઝાએ અનુમોદન આપ્યું. ચર્ચા વિચારણાને અંતે પ્રસ્તુત પ્રસ્તાવ સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો હતો.

**ડૉ. કેશવભાઈ છીબુભાઈ પટેલે નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટીસ આપી હતી:**

૧૪ સેનેટની આગામી સભાની કાર્યસૂચિમાં મારે નામે નીચે દર્શાવેલ પ્રસ્તાવ આમેજ કરવા વિનંતી. પ્રસ્તુત સ્ટેટયૂટની દરખાસ્તને પ્રા.ડી.જે. વસાવડા અને આચાર્યશ્રી ડૉ. વિક્રમ દેસાઈનો ટેકો છે.

**Proposed Statute of Dr. K.C. Patel**

Teacher of this University and colleges affiliated to this University recruted on or after 1st April 1982 shall automatically be Governed by the pension scheme inclusive of Family Pension Gratuity etc. As Prescribed by the Government of Gujarat in the Education Department under its Resolution No. NGC. 1582/9545 (84) Kh. dated 15-10-84 as amend for from time to time.

Not with standing anything contained else where in the Statues of this University, a teacher of this University and Colleges affiliated to this University existing before 1-4-82 and a member of non teaching staff shall have the option within the period of six months from the date of assent of this Statute, either to continue to draw the benefits of contributory provident Fund Gratuity as are available at present. The option once exercised shall be final. The teachers who do not exercise option within Stipulated period shall be deemed to have opted for the retention of the benefits admissible to them before 1-4-82.

In case where the teachers opt for this scheme of pension etc. the contribution of the University together with interest there on standing at their credit will be credited to the Government within two months from the date they exercise their option to the head XI VIII contribution and recoveries towards pension and other retirement benefits.

ઉપરોકત પ્રસ્તાવ ડૉ. કેશવભાઈ છીબુભાઈ પટેલે રજૂ કર્યો અને તેને શ્રી હોશંગ જહાંગીર મીરઝાએ અનુમોદન આપ્યું. ચર્ચા વિચારણાને અંતે પ્રસ્તુત પ્રસ્તાવ સરકારી પોલીસીને લગતો હોય સેનેટની આ સભા રાજય સરકારને મંજૂર કરવા ભલામણ કરે છે.

**<u>શ્રી કૃષ્ણલાલ બાવજીભાઈ પટેલે નીચેના પ્રસ્તાવ રજૂ કરવાની નોટીસ આપી હતી : (૧૫ થી ૪૬)</u>**

૧૫ આગામી ભવિષ્યમાં લોકશાહીના અવાજને દાબી દેવા ગુજરાત સરકાર દ્વારા લાવવામાં આવનાર 'ગુજરાત યુનિવર્સિટી કોમન એક્ટ' અને તેની જોગવાઈનો સેનેટની આ સભા વિરોધ કરે છે. અને દરેક યુનિવર્સિટીના વિવિધ અધિકારમંડળો, અધ્યાપકમંડળો, આચાર્ય મંડળો, બિનશૈક્ષણિક કર્મચારીમંડળો, વિવિધ વિદ્યાર્થી મંડળો વિગેરે સાથે કોમનએકટના ડ્રાફટ–ખરડાની ચર્ચા કરી કોમન કોન્સેસનસ મેળવ્યા બાદ જ સુધારા–વધારા કરી તેનો અમલ કરવા રાજય સરકાર, શિક્ષણપ્રધાન, મુખ્યપ્રધાન અને યુનિવર્સિટીના કુલાધિપતિશ્રી અને ગવર્નરશ્રીને વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત સેનેટની આ સભા વિનંતી કરે છે.

ઉપરોકત પ્રસ્તાવ શ્રી કિષ્ણલાલ બાવજીભાઈ પટેલે રજૂ કર્યો અને તેને શ્રી હોશંગ જહાંગીર મીરઝાએ અનુમોદન આપ્યું. ચર્ચા વિચારણાને અંતે પ્રસ્તુત પ્રસ્તાવ બહુમતીએ મંજૂર કરવામાં આવ્યો હતો.

૧૬ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતના વિવિધ વિભાગોમાં હાલમાં મહિનાઓથી અને વર્ષોથી દૈનિક રોજમદાર તરીકે તદ્દન હંગામી ધોરણે કામ કરતા કલાર્કો, પટાવાળાઓ કે અન્ય કર્મચારીઓને રનીંગ સ્કેલમાં (પગારધોરણમાં) મૂકી ખાલી પડેલ કે ભવિષ્યમાં ખાલી પડનાર જગાઓ તથા સ્વનિર્ભર અભ્યાસક્રમના કામને પહોંચી વળવા અને વધારાની નવી ઉભી કરનાર જગાઓ ઉપર પ્રથમથી જ સમાવી લઈ એડહોક / હંગામી કર્મચારીઓને હાલમાં આપવામાં આવતાં તમામ લાભો આપવામાં આવે એ બાબતને ધ્યાનમાં લઈ સેનેટની આ સભા યુનિવર્સિટીના ઉચ્ચ અધિકારમંડળ તથા કુલપતિશ્રીને વિનંતી કરે છે.

**ઉપરોકત પ્રસ્તાવ ડૉ. કેશવભાઈ છીબુભાઈ પટેલે રજૂ કર્યો આ તબકકે સાંજના ૬–૦૦ (છ) વાગ્યાનો સમય થયો હોય, સભ્યો સભાગૃહ છોડીને ચાલ્યા ગયા હોય, સભ્યોનું કોરમ ન થતા સભા મુલત્તવી રાખવામાં આવી હતી.**

**તા. ૨૯–૩–૨૦૦૬નાં રોજ નિયત સમય મુજબ સેનેટની સભા ૧૨–૩૦ કલાકે સેનેટ તેમજ સેનેટના સભ્યોની સંખ્યા ૮ (આઠ) હતી. જેથી કોરમની સંખ્યા ન થતા સભાને બરખાસ્ત થયેલી જાહેર કરી હતી.** ઉપરોકત સંજોગોમાં બાબત ક્રમાંકઃ (૧૬ થી ૪૮) સુધીની નિમ્નદર્શિત બાબતો પર વિચારણા થઈ શકી ન હતી.

૧૭ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત સંલગ્ન ગ્રાન્ટ ઈન એઈડ કોલેજોની સંખ્યા કરતાં વધુ સ્વનિર્ભર કોલેજો અને યુનિવર્સિટીના વિવિધ અભ્યાસક્રમોના કારણે વધેલ કાર્યભારને પહોંચી વળવા ૧૯૭૬માં રાજય સરકારે યુનિવર્સિટીના વિવિધ વહીવટી જગ્યાઓ માટે મંજૂર કરેલ વિવિધ કેડરો માટે મંજૂર કરેલ જગાની સંખ્યા જેટલી જ કે તેથી વધુ સમાંતર જગ્યાઓ સ્વનિર્ભર ફંડમાંથી ખર્ચ પાડી ઉભી કરવા સેનેટની આ સભા યુનિવર્સિટીના ઉચ્ચ અધિકાર મંડળ, સિન્ડિકેટ તથા યુનિવર્સિટી કુલપતિશ્રીને વિનંતી કરે છે.

૧૮ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતના વધતાં જતાં કાર્યભારને પહોંચી વળવા તથા અન્ય યુનિવર્સિટીઓના વહીવટી માળખાને ધ્યાનમાં રાખી કેમ્પસ ડેવલપમેન્ટ ઓફિસર, ડાયરેકટર ઓફ યૂથ વેલ્ફેર, સ્વનિર્ભર સંસ્થાના મોનીટોરીગ કંટ્રોલ અને સુપરવીઝન માટે કુલસચિવ, નાયબ કુલસચિવો, મદદનીશ કુલસચિવો તથા જુદી જુદી રમતો માટે કોચની જગા ઉભી કરવા સેનેટની આ સભા યુનિવર્સિટીના ઉચ્ચ અધિકારમંડળ અને કુલપતિશ્રીને વિનંતી કરે છે.

૧૯ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતના પરીક્ષા વિભાગ માટે નાયબકુલસચિવ એક્ષટર્નલ પરીક્ષા માટે નાયબ અને મદદનીશ કુલસચિવ, કોમ્પ્યુટર સેલ માટે સિસ્ટમ મેનેજર, પ્રોગ્રામરો, કી પંચ ઓપરેટરો, સિસ્ટમ એડમીનીસ્ટ્રેટર વિગેરે જગાઓ ઉભી કરવા સેનેટની આ સભા યુનિવર્સિટીના ઉચ્ચ અધિકારમંડળ સિન્ડિકેટ તથા કુલપતિશ્રીને વિનંતી કરે છે.

૨૦ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત માટે યુનિવર્સિટી કેમ્પસ પર એક " કોમન સ્ટોર્સ" ઉભો કરી સ્ટોર્સ સુપ્રિન્ટેન્ડન્ટ અને તે માટે જરૂરી અન્ય સ્ટાફની જગા ઉભી કરવા સેનેટની આ સભા યુનિવર્સિટીના ઉચ્ચ અધિકારમંડળ સિન્ડિકેટ તથા કુલપતિશ્રીને વિનંતી કરે છે.

૨૧ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતના હાલના સેનેટ / સિન્ડિકેટ વિભાગ તથા શારીરિક શિક્ષણ અને યુવક કલ્યાણ વિભાગનું વિભાજન કરી અલગ અલગ વિભાગ બનાવી તે માટે જરૂરી ઓ.એસ (**0.S.**) અને જરૂરી સ્ટાફની નિમણૂંક કરવા સેનેટની આ સભા યુનિવર્સિટીના ઉચ્ચ અધિકારમંડળ તથા કુલપતિશ્રીને ભલામણ કરે છે.

૨૨ યુનિવર્સિટીમાં રોજબરોજના વપરાશમાં લેવાતાં વિવિધ ફોર્મ્સ તથા અન્ય નાનાં મોટાં છાપકામ માટે યુનિવર્સિટીનું અલાયદું પ્રેસ (પ્રિન્ટિંગ પ્રેસ) ઉભું કરી તે માટેનાં આધુનિક મશીન સહિતની તમામ સુવિધા પ્રિન્ટિંગ ખર્ચ, વહીવટી ખર્ચ, જાહેરાતો, ટેન્ડરો વિગેરે પાછળ થતાં ખર્ચ બચાવવા માટે સેનેટની આ સભા યુનિવર્સિટીના ઉચ્ચ અધિકારીમંડળને ભલામણ કરે છે અને તે માટેની અંદાજપત્રમાં પણ જોગવાઈ કરવા પણ લાગતાં વળગતાં અધિકાર મંડળ તથા યુનિવર્સિટીના કુલપતિશ્રીને ભલામણ કરે છે.

૨૩ યુનિવર્સિટીની સ્થાપના કાળથી આજદિન સુધીના યુનિવર્સિટીના અગત્યના દસ્તાવેજોને યુનિવર્સિટીની પરીક્ષા વિભાગને લગતાં તમામ અગત્યના દસ્તાવેજો (આજદિન સુધીના) પરિણામો વિગેરેનું સ્કેનીગ કરી, કોમ્પ્યુટરાઈઝ કરવા તથા તે માટે યુનિવર્સિટીના અંદાજપત્રમાં જોગવાઈ કરવા સેનેટની આ સભા યુનિવર્સિટીના લાગતાં વળગતાં અધિકારમંડળ તથા યુનિવર્સિટીના ઉચ્ચ અધિકારમંડળ તથા કુલપતિશ્રીને ભલામણ કરે છે.

૨૪ યુનિવર્સિટીના પરિક્ષા વિભાગના હિસાબના વિભાગના ઉપયોગી અને અગત્યના લાઈફટાઈમ સાચવી રાખવાના દસ્તાવેજો આગ, રેલ, ધરતીકંપ, શોર્ટ સર્કીટ, હુલ્લડ કે અન્ય કુદરતી આફતો, અકસ્માતોથી નુકસાન થઈ નાશ ન પામે એટલા માટે તેની જાળવણી અને સાચવણી માટે યોગ્ય વ્યવસ્થા ઉભી કરવા અને અંદાજપત્રમાં તેની જરૂરી જોગવાઈ કરવા સેનેટની આ સભા યુનિવર્સિટીના લાગતાં વળગતાં અધિકારમંડળ તથા કુલપતિશ્રીને વિનંતી કરે છે.

૨૫ યુનિવર્સિટીમાં એમ.એસસી. આઈ.ટી.ની જેમ ધો–૧૨ પછી એમ.બી.એ., એમ.સી.એ. વિગેરેમાં ઈન્ટીગ્રેટેડ કોર્ષ સ્વનિર્ભર કક્ષાએ શરૂ કરવા અંગેની શકયતા તપાસવા અને જરૂર લાગે તો તે શરૂ કરવા સેનેટની આ સભા યુનિવર્સિટીની એકેડેમિક કાઉન્સિલ લાગતાં વળગતાં અધિકારમંડળ તથા કુલપતિશ્રીને ભલામણ કરે છે.

૨૬ યુનિવર્સિટી કેમ્પસના વિકાસને ધ્યાનમાં લેતાં યુનિવર્સિટીના હેલ્થ સેંટરમાં જુદા જુદા નિષ્ણાંત ડોકટરોની સેવા મળે ઉપરાંત લેડીઝ ડોકટરની સેવા પણ ઉપલ્બ થાય તથા કાર્ડિયોગ્રામ કઢાવવા ઉપરાંત નાના પાયા પર પેથોલોજીકલ લેબોરેટરીની વ્યવસ્થા રવિવાર અને રજાના દિવસોમાં પણ મળે તે પ્રકારની વ્યવસ્થા ગોઠવવા અંદાજપત્રમાં તેની જોગવાઈ કરવા સેનેટની આ સભા યુનિવર્સિટીના ઉચ્ચ અધિકારમંડળ, લાગતા વળગતાં અધિકારમંડળ તથા કુલપતિશ્રીને ભલામણ કરે છે.

૨૭ યુનિવર્સિટીની એન્જિનીયરીગ વિદ્યાશાખામાં બી.ઈ. થયા બાદ એમ.બી.એ. કરી શકાય એવા ઇંન્ટીગેટેડ કોર્ષ શરૂ કરવાની શકયતા તપાસી જવા અને જરૂર જણાય તો શરૂ કરવા સેનેટની આ સભા યુનિવર્સિટી લાગતા વળગતાં અધિકારમંડળો તથા કુલપતિશ્રીને ભલામણ કરે છે.

૨૮ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતમાં ફોરેસ્ટ્રી મેનેજમેન્ટ, પેપર, પ્લાસ્ટીક, કેમિકલ અને સુગર ટેકનોલોજી, ડાયમંડ ટેકનોલોજી, મરીન ઈન્સ્ટીટયૂટ, ડેરી ટેકનોલોજી, ડેન્ટલ, જિનેટીકસ, બાયોટેકનોલોજી જેવા અભ્યાસક્રમો તથા આ વિસ્તારના અન્ય ઉદ્યોગોને લાગતાં અભ્યાસક્રમો અને તેના વિભાગો શરૂ કરવા અંગેની ચર્ચા વિચારણા કરવા અને શકયતા તપાસી જરૂરી કાર્યવાહી હાથ ધરવા સેનેટની આ સભા યુનિવર્સિટીના લાગતા વળગતાં અધિકાર મંડળો સિન્ડિકેટ તથા યુનિવર્સિટીના કુલપતિશ્રીને વિનંતી કરે છે.

૨૯ દક્ષિણ ગુજરાતના સમગ્ર વિસ્તાર અને વિકાસને ધ્યાનમાં લેતાં યુનિવર્સિટી વિસ્તારની કોલેજોમાં **NCC** નેવલ અને એરવીંગ તથા મિલટરી એકેડેમી શરૂ કરવા સંબંધકર્તા વિભાગોને સરકારશ્રીને કે લાગતી વળગતી ઓથોરીટીને પત્ર લખી શકયતા તપાસવા યુનિવર્સિટી સેનેટની આ સભા યુનિવર્સિટીના ઉચ્ચ અધિકાર મંડળ તથા કુલપતિશ્રીને વિનંતી કરે છે.

૩૦ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતમાં પ્રાચીન ભાષાઓ જેવી કે એરેબીક, ઉર્દૂ, પ્રાકૃત, અર્ધ માગધી, પાલી, પર્શીયન, ફારસી ભાષાઓ તથા ફોરેન લેંગ્વેજ જેવી કે જર્મન, ફ્રેન્ચ, રશિયન, જાપાનીઝ, ચાઈનીઝ જેવી ભાષાઓ શીખવવાના જરૂરી કોર્ષ શરૂ કરવા સેનેટની આ સભા યુનિવર્સિટીના જેતે લાગતાં વળગતાં અધિકાર મંડળ તથા કુલપતિશ્રીને વિનંતી કરે છે.

૩૧ યુનિવર્સિટીની સંલગ્ન કોલેજોમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓની સંસ્કૃત ભાષા તરફની રૂચિને ધ્યાનમાં લઈ યુનિવર્સિટી કેમ્પસ પર સંસ્કૃતભાષાનો અલગ વિભાગ શરૂ કરવા સેનેટની આ સભા યુનિવર્સિટીના લાગતાં વળગતાં અધિકાર મંડળો તથા કુલપતિશ્રીને વિનંતી કરે છે.

૩૨ યુનિવર્સિટીમાં ડાન્સ, ડ્રામા, મ્યુઝીક, પેઈન્ટીગ, શિલ્પકલા, ડ્રોઈંગ વિગેરે અભ્યાસક્રમો શરૂ કરવા સેનેટની આ સભા યુનિવર્સિટીના લાગતાં વળગતાં અધિકાર મંડળ, ઉચ્ચ અધિકારમંડળ તથા કુલપતિશ્રીને વિનંતી કરે છે.

૩૩ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતમાં ફેકલ્ટી ઓફ સોશ્યલ વર્કસ શરૂ કરવા તથા જુદી જુદી સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે તાલીમ આપવા અંગેની જરૂરી વ્યવસ્થા ઉભી કરવા યુનિવર્સિટીના લાગતાં વળગતાં અધિકારમંડળ તથા કુલપતિશ્રીને વિનંતી કરે છે.

૩૪ યુનિવર્સિટી કેમ્પસ પર યુનિવર્સિટીના રમતગમતના વિકાસ માટે આંતર રાષ્ટ્રીય કક્ષાના "સ્વીમીગ પુલ" માટે ગ્રાન્ટ ફાળવવા સેનેટની આ સભા રાજય સરકાર, કેન્દ્ર સરકાર તથા યુ.જી.સી. તથા કેન્દ્ર સરકારના સંબંધિત ખાતાને ભલામણ કરવા વિનંતી કરે છે.

૩૫ યુનિવર્સિટીની સ્વનિર્ભર આવક હેઠળ વિવિધ પ્રોફેશનલ અભ્યાસક્રમોની પરીક્ષા ફી તથા એમ.ફીલ., પીએચ.ડી.ની હાલની પરીક્ષા ફીનું માળખું ગુજરાતની અન્ય યુનિવર્સિટીઓનાં ફી સ્ટ્રકચરના માળખાને ધ્યાનમાં લઈ જરૂરી વધારો–ઘટાડો કરવા ઉપરાંત જયાં પ્રેકટીકલ્સ, પ્રોજેકટ, ડેઝર્ટેશન, વાયવા વિગેરેમાં જે ફી સ્ટ્રકચર છે તે બાબતનો અન્ય યુનિવર્સિટીના ફી સ્ટ્રકચરને ધ્યાનમાં લઈ જરૂરી ફી માળખું ગોઠવવાં સેનેટની આ સભા યુનિવર્સિટીના લાગતાં વળગતાં અધિકાર મંડળ તથા કુલપતિશ્રીને ભલામણ કરે છે.

૩૬ યુનિવર્સિટીની વાર્ષિક પરીક્ષામાં એક વિષયમાં નાપાસ થયેલા આર્ટ્સ, સાયન્સ અને કોમર્સ ફેકલ્ટીના પ્રથમ વર્ષ અને દ્વિતીય વર્ષના વિદ્યાર્થીઓની ઓકટોબર–નવેમ્બરમાં લેવાતી પરીક્ષા પ્રયોગાત્મક ધોરણે નાબૂદ કરી "સપ્લીમેંટરી પરીક્ષા" (માધ્યમિક શિક્ષણ તથા ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની જેમ) વાર્ષિક પરિણામના એક માસની અંદર લેવામાં આવે એવી શકયતા તપાસી જવા સેનેટની આ સભા યુનિવર્સિટીના લાગતા વળગતા અધિકાર મંડળ તથા કુલપતિશ્રીને ભલામણ કરે છે.

૩૭ યુનિવર્સિટીમાં પ્રવર્તમાન જુના ગ્રેસીગના અટપટા નિયમોમાં જરૂરી સુધારો કરી તેને સાદા સરળ અને સામાન્ય વિદ્યાર્થીઓને સમજ પડે તેવા અને ઓછા નિયમો કે એકજ નિયમ બનાવવાની વ્યવસ્થા ગોઠવવા સેનેટની આ સભા યુનિવર્સિટીના જેતે અધિકારમંડળ ઉચ્ચઅધિકારમંડળ, યુનિવર્સિટી કુલપતિશ્રને ભલામણ કરે છે.

૩૮ સેનેટની આ સભા વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત કેમ્પસ પર તાકીદે પોસ્ટ ઓફિસની સુવિધા ઉભી કરવા અને તે અંગે જરૂરી કાર્યવાહી કરવા યુનિવર્સિટીના ઉચ્ચઅધિકાર મંડળ તથા યુનિવર્સિટીના કુલપતિશ્રીને ભલામણ કરે છે.

૩૯ યુનિવર્સિટીમાં કાર્યરત વિવિધ ફેકલ્ટીની મિટીગો વર્ષમાં ઓછામાં ઓછી ૨ થી ૩ વખત મળે, અગર ફેકલ્ટીની મિટીગો મળે છે કે કેમ ? તે અંગેની જરૂરી જાણકારી રાખવા–મેળવવા માટેની વ્યવસ્થા ગોઠવવા સેનેટની આ સભા યુનિવર્સિટીના કુલપતિશ્રીને વિનંતી કરે છે.

૪૦ યુનિવર્સિટીના વહીવટી મકાન, લાયબ્રેરી મકાનની નીચેની પાર્કીગની વ્યવસ્થાની જગ્યાએ કેટલાંક ભાગમાં બાંધકામ કરી ઓફિસ કામમાં વપરાશમાં, લેવામાં આવ્યો હોવાથી યુનિવર્સિટીની મુલાકાતે આવતા મહેમાનો, વિદ્યાર્થીઓ, વાલીઓ, વિવિધ અધિકારમંડળના સભ્યો તથા અન્ય મુલાકાતીઓનાં વાહનોની પાર્કિગની વ્યવસ્થા વ્યવસ્થિત ન હોવાના પરિણામે આડેધડ પાર્ક તથા જોવા મળે છે તેથી યુનિવર્સિટીના વહીવટી મકાન અને લાયબ્રેરી મકાન નજીક ૧૦૦' ના અંતરમાં પાર્કિંગની વ્યવસ્થા બનતી ત્વરાએ ઉભી કરવા સેનેટની આ સભા યુનિવસિટીના કુલપતિશ્રી તથા યુનિવર્સિટીના ઉચ્ચ અધિકારમંડળને વિનંતી કરે છે.

૪૧ યુનિવર્સિટીની કેન્ટીનમાં છેલ્લાં બે,ત્રણ વર્ષથી ઠંડાપીણાં જેવા કે થમ્સઅપ, કોકોકોલા, પેપ્સી તથા ગોલ્ડ સ્પોટ કે ફેન્ટા જેવાં પીણાં મળતાં નથી કે વેચવામાં આવતાં નથી. યુનિવર્સિટી સંલગ્ન અન્ય કોલેજોની કેન્ટીનમાં કે નજીકની એન્જિનીયરીગ કોલેજની કેન્ટીનમાં આ ઠંડાપીણાઓ વેચવામાં આવે છે એ બાબતને ધ્યાનમાં લઈ યુનિવર્સિટી કેન્ટીન પર ઉપરોકત પીણાં તાત્કાલિક અસરથી વેચવામાં આવે એ પ્રકારની સૂચના કેન્ટીન માલિકને આપવા સેનેટની આ સભા યુનિવર્સિટીના લાગતા વળગતાં અધિકાર મંડળ તથા કુલપતિશ્રીને વિનંતી કરે છે.

૪૨ યુનિવર્સિટી કેમ્પસ પરનાં તૈયાર થઈ ચૂકેલાં અને કાર્યરત વિવિધ ભવનો, મકાનો, લેબોરેટરી વિગેરેની પાણીની સતત સગવડ પૂરી પાડવા, યુનિવર્સિટીની પાણીની ટાંકી તુટી પડયા બાદ નવી ઓવરહેડ પાણીની ટાંકી બનાવવા ઉપરાંત વહીવટી મકાન અને લાયબ્રેરી મકાન નજીક મુલાકાત વિદ્યાર્થીઓ માટે શીત પાણીની પરબ બનાવવા સેનેટની આ સભા યુનિવર્સિટીના લાગતા વળગતાં અધિકાર મંડળ તથા કુલપતિશ્રીને વિનંતી કરે છે.

૪૩ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતની ચાવીરૂપ શૈક્ષણિક કે બિન શૈક્ષણિક જગા ઉપર જે કર્મચારીઓ વયમર્યાદાના કારણે નિવૃત થતાં હોય તે જગા ૬ માસ અગાઉથી ભરવા અંગે – નિયમોનુસાર નવી નિમણૂંકની કાર્યવાહી શરૂ કરવા સેનેટની આ સભા યુનિવર્સિટીના ઉચ્ચ અધિકારમંડળ તથા યુનિવર્સિટીના કુલપતિશ્રીને વિનંતી કરે છે.

૪૪ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતના હાલના કુલપતિશ્રીની જેમ યુનિવર્સિટીના પ્રો. વાઈસ ચાન્સેલરશ્રી, રજીસ્ટ્રારશ્રી, નાયબકુલસચિવો, મદદનીશ કુલસચિવો, પરીક્ષા નિયામકશ્રી કે અન્ય ઉચ્ચ અધિકારીશ્રીઓ યુનિવર્સિટી ખાતે ફાળવેલા તેમના નિવાસસ્થાને અગર નહી ફાળવેલાં હોય તો નવા નિવાસસ્થાન બનાવડાવી યુનિવર્સિટીના વિકાસ હિતને ધ્યાનમાં લઈ વહીવટી સુગમતા –સંગઠન– એકતાનું પ્રતિક પૂરી પાડી યુનિવર્સિટી કેમ્પસ પર રહે એવી વ્યવસ્થા ગોઠવવા સેનેટની આ સભા યુનિવર્સિટીના ઉચ્ચઅધિકાર મંડળ તેમજ રાજયસરકારને વિનંતી કરે છે.

૪૫ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતની વિવિધ ફેકલ્ટીઓની વિવિધ પરીક્ષાઓના છેલ્લાં વર્ષ કે છેલ્લાં સેમેસ્ટરમાં જ પુનઃ મૂલ્યાંકનની પ્રથા અપનાવવા સેનેટની આ સભા યુનિવર્સિટીના જે તે અધિકારમંડળ તથા કુલપતિશ્રીને વિનંતી કરે છે.

૪૬ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતમાં સેનેટના સભ્યશ્રીઓ દ્વારા યુનિવર્સિટીના ઉચ્ચઅધિકાર મંડળ સિન્ડિકેટની ત્રણ વર્ષની મુદત માટે ચૂંટણી કરવામાં આવે છે તે જ રીતે એક વર્ષની મુદત માટે "બોર્ડ ઓફ એકાઉન્ટ્સ" ના પાંચ સભ્યોની ચૂંટણી કરવામાં આવે છે આ બોર્ડની હિસાબો ચકાસણી કામમાં યુનિવર્સિટીના વહીવટી અધિકારીઓ દ્વારા તથા યુનિવર્સિટીના એડહોક મુખ્ય હિસાબી અધિકારી દ્વારા વધુ પડતી દખલગીરી તથા :નડગતની સેનેટની આ સભા સખેદ નોંધ લે છે અને બોર્ડ ઓફ એકાઉન્ટસની કામગીરીમાં હસ્તક્ષેપ ન કરી સભ્યોના માંગ્યા મુજબના હિસાબો નિસંકોચ બતાવવા માટેની વ્યવસ્થા ગોઠવવા સેનેટની આ સભા યુનિવર્સિટીના ઉચ્ચ અધિકારી મંડળ તથા કુલપતિશ્રીને વિનંતી કરે છે.

૪૭ કોલેજના જોડાણ અંગે આવેલ અરજીઓ તથા વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ– ૩૪ની પેટા કલમ (૩) અને (૪) અન્વયે, તે અરજીઓ પર લીધેલા પગલાં અંગે પ્રસ્તુત કલમની પેટા કલમ (૬) પ્રમાણે ઈ.ચા. કુલસચિવશ્રીનો અહેવાલ.

૪૮ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીને મળેલ દાનનો સાભાર સ્વીકાર કર્યા બાબતનો સિન્ડિકેટનો અહેવાલ જાણ સારું.

હુકમથી,

(જે. કે.વનપરીયા)
**ઈ.ચા. કુલસચિવ**

ક્રમાંક: એસ–૩ (૧)/ ૧૧૪૭ / ૨૦૦૭
યુનિવર્સિટી કાર્યાલય,
સુરત, તા.૩–૨–૨૦૦૭

પ્રકાશક: જે.આર. મહેતા, કુલસચિવશ્રી, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત–૭.

પ્રતિ,
સેનેટના સર્વ સભ્યશ્રીઓ.........